# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका    Bajkhedawal Patrika




વર્ષ : ૦૨     ૨૦૨૬ : જુલાઈ

અંક : ૦૭


**: તંત્રી :**


**શ્રી દિલીપભાઈ પંડ્યા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ–૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. - અમદાવાદ

**ટ્યુશન ફી સહાય - ૨૦૨૬-૨૦૨૭**

જય ભારત સાથે જણાવવાનું કે ટયુશન ફી સહાય અંગે પત્રિકાના માધ્યમથી જાહેરાત આપવામાં આવેલી જેના અનુસંધાનમાં ૮૦ ફોર્મ આવેલા તેમાંથી ૭ ફોર્મ રદ થયેલ કે જે વિદ્યાર્થીઓનો અભ્યાસ પૂરો થઈ ગયેલ હોય અથવા માર્કશીટો જૂની મુકી હોય. દર વર્ષે રૂ. ૨૫૦૦/- ટ્યુશન ફી સહાય આપતા હતા. પરંતુ ચાલુ વર્ષે ૭૩ વિદ્યાર્થીઓને રૂ. ૩૦૦૦/- લેખે રૂ. ૨,૧૯,૦૦૦/- ની ટ્યુશન ફી સહાય ચુકવવામાં આવી છે. દર વર્ષની જેમ ચાલુ સાલે જે વિધવા - ત્યક્તા બહેનોની ઉંમર ૬૦ વર્ષથી નીચે છે અને તેઓના બાળકો અભ્યાસ કરે છે. તેઓને રૂ. ૪૦,૦૦૦/- ટ્યુશન ફી સહાય ચુકવવામાં આવેલ છે. ચાલુ સાલે રૂ. ૨,૫૬,૦૦૦/- કુલ ટ્યુશન ફી સહાય ચુકવવામાં આવેલ છે. જેના ચેકો ગામેગામના પ્રમુખોને મોકલી આપવામાં આવેલ છે. અમદાવાદ સંસ્થાની ઓફિસેથી ચેક મેળવવાના રહેશે.

| | |
|---|---|
| **સમીરભાઈ એસ. દવે** | **મુકેશભાઈ દવે** |
| **પ્રમુખ** | **મંત્રી** |

---

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ - અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ-૨૮

(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

**આગામી કાર્યક્રમો**

**(૧) સામાપાંચમ, કેવડાત્રીજ, વ્રત ઉદ્યાપન**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા આગામી તા. ૧૫-૯-૨૦૨૬ મંગળવારે સવારે ૮.૦૦ વાગ્યાથી સામાપાંચમ, કેવડાત્રીજ, વ્રત ઉદ્યાપનની ધાર્મિકવિધી શરૂ થશે. જે બહેનોને આ વ્રત ઉદ્યાપનમાં ભાગ લેવાની ઈચ્છા હોય તેમણે પોતાના નામ આ મોબાઈલ નંબર પર નોંધાવી દેવા ભોપીબેન ભટ્ટ (મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, જલ્પાબેન જોષી (મો.) ૭૩૮૩૯૩૪૨૧૭

**(૨) આજો પડવો**

તા. ૧૧-૧૦-૨૦૨૬ના પ્રથમ નોરતે સવારે ૯.૦૦ વાગ્યાથી આ ધાર્મિકવિધી કરાવવામાં આવશે. જે બહેનોને આ વિધી કરાવવાની  હોય તેઓ ઉપરોક્ત મોબાઈલ નંબર પર પોતાના નામ લખાવી દેવા.

**(૩) નવરાત્રી મહોત્સવ**

તા. ૧૩-૧૦-૨૦૨૬ને મંગળવારે સાંજે ૭.૩૦ વાગ્યાથી વેદ-મંદીર મણીનગર ખાતે શ્રી બાજખેડાવાળ મહિલા મંડળના ગરબાનું આયોજન કરવામાં આવેલ છે. તો સર્વે જ્ઞાતિજનોનો આ ગરબામાં ઉપસ્થિત રહીને નવરાત્રીના ગરબાનો આનંદ અને ભક્તિ માણવા અમારું ભાવભીનું આમંત્રણ છે.

**(૪) વાર્ષિક સામાન્ય સભા**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૩-૧૦-

૨૦૨૬ને મંગળવારને રોજ સાંજે ૭.૦૦ થી ૮.૦૦ના સમયગાળા દરમિયાન યોજાશે. ત્યારબાદ અલ્પાહાર અને પછી રાસ–ગરબાની શરૂઆત થશે. આ માટે સંસ્થાના સર્વે આજીવન સભ્યોને વિનંતી કે સમયસર વાર્ષિક સભામાં હાજરી આપજો. આ ગરબા દરમિયાન માતાજીની પ્રસાદીરૂપ લ્હાણી આપવામાં આવશે. દરેક સભ્યોએ વાર્ષિક સભા તથા ગરબામાં પોતાની હાજરી આપવી અનિવાર્ય છે. (૧) સાંજે ૭.૦૦ થી ૮.૦૦ દરમિયાન વાર્ષિક સભા (૨) અલ્પાહાર (3) આરતી (૪) ગરબા (૫) લ્હાણીનું વિતરણ ઉપરોક્ત કાર્યક્રમમાં યોજાશે.

**શૈક્ષણિક તથા કેળવણી વિષયક ઈનામ વિતરણ**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદને જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી મળેલ શૈક્ષણિક તથા કેળવણી વિષયક ટ્રસ્ટોના વ્યાજમાંથી જ્ઞાતિની અભ્યાસ કરતી અને પાસ થયેલ દીકરીઓને ઈનામ આપવામાં આવે છે. આ માટે દરેક વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની પાછળ પોતાનો એડ્રેસ મોબાઈલ નંબર અને અભ્યાસ અંગેની માહિતી એટલે કે તમે શું ભણો છો, કેટલામું સેમીસ્ટર, ધોરણ વગેરે જણાવવું.

(૧) કોલેજના બધા જ ક્ષેત્રોમાં અભ્યાસ કરતી જેમ કે, BA, BSc., Bed., MA, MAC, MAD, LLB, Master ડીગ્રી એન્જીન્યરીંગ, નર્સીંગ, ફાર્મસી, મેડીકલ, પેરા મેડીકલ BBA, MBA, B.Com. M.Com., LLM, M.Farm, MSc. IT બધા જ ક્ષેત્રની વિદ્યાર્થીની દીકરીઓ પોતાની માર્કશીટ લઈને એજ દિવસે એટલે કે તા. ૧૫–૧૦–૨૦૨૬ થી તા. ૧૮–૧૦–૨૦૨૬ એમ ચાર દિવસ સુધીમાં સાંજે ૫.૦૦ થી ૭.૦૦ના સમય દરમ્યયાન પોતાનું રોકડ ઈનામ મેળવી લેવું. સ્થળ – શ્રી બેલાબેન દેસાઈ, રાજુ પૌંઆ, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ

**(૨) ડૉ. ચંદ્રપ્રસાદ ત્રિવેદી પુસ્તક વિતરણ યોજના**

આ યોજના અંતર્ગત ધોરણ ૧ થી ૧૨ની વિદ્યાર્થીની દીકરીઓને પાસ થયા બાદ આગળના ધોરણના પુસ્તકની કિંમત (રોકડ) જે સરકાર માન્ય નક્કી કરેલી છે તે આપવામાં આવે છે. આ દિકરીઓએ તા. ૧૫–૧૦–૨૦૨૬ના રોજથી સાંજે ૫.૦૦ થી ૭.૦૦માં તા. ૧૮–૧૦–૨૦૨૬ સુધી પોતાની પાસ થયેલ માર્કશીટમાં પાછળ એડ્રેસ, મોબાઈલ નંબર અભ્યાસની વિગત લખી લઈને આવવું અને ત્યારે જ પોતાને મળતો રોકડ લાભ મેળવી લેવો. ઉપરોક્ત સ્થળેથી.

**(3) શ્રી મનહરબાળા વિઠ્ઠલરાય ભટ્ટ–૨૦૧૭ પારિતોષીક ફંડ**

જ્ઞાતિ વરિષ્ઠ સ્વ. શ્રી વિઠ્ઠલરાય જેશંકર ભટ્ટ દ્વારા તેમના પત્ની સ્વ. શ્રી મનહરબાળા ભટ્ટના સ્મરણાર્થે જ્ઞાતિની મેડીકલ ક્ષેત્રમાં અભ્યાસ કરતી દીકરીઓને ઈનામની રકમ આપવામાં આવે છે. તેમના તરફથી મળેલ ફંડના વ્યાજમાંથી આ ઈનામ અપાશે. જ્ઞાતિની મેડીકલમાં ભણતી દીકરીઓને ખાસ કહેવાનુ કે આગામી તા. ૧૫–૧૦–૨૦૨૬ થી તા. ૧૮–૧૦–૨૦૨૬ના સમયગાળા દરમિયાન આપની માર્કશીટ લઈને ઉપરોક્ત સમયે અને સ્થળે આવીને આપનું ઈનામ મેળવી લેવું.

**સંસ્થાને મળેલ દાન–ભેટ**

(૧) શ્રી રાધેશ્યામભાઈ જી. જોષી રૂ. ૨૫૦૦૦/– (૨) શ્રી અલ્પાબેન દેસાઈ રૂ. ૨૫૦૦/– (3) શ્રી કૈલાશબેન જીતેન્દ્રભાઈ શેલત રૂ. ૧૦૦૦૦/–

**દર્શનાબેન ભટ્ટ**
**પ્રમુખશ્રી**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ**
**મંત્રીશ્રી**

નામ : કુ. હીર જગદીશચંદ્ર દવે
ઊંચાઈ : ૫'-૦૦''
વજન : ૫૦ કિલો
જન્મ તારીખ : ૨૩-૧૨-૨૦૦૨
જન્મ સમય : ૧૦.૨૦ સવારે
જન્મ સ્થળ : મોડાસા
અભ્યાસ : BPT Physiotherapist
વ્યવસાય : -
માસિક આવક : -
મૂળ વતન : સલુણ (નડીયાદ)
માતાનું નામ : સોનલબેન દવે
ભાઈ/બહેન : ૧-ભાઈ-અપરણિત, ૧-બહેન-પરણિત
મોસાળ : સ્વ. રાજેન્દ્રપ્રસાદ ચીમનલાલ શેલત (આણંદ)
પિતા : ડૉ. જગદીશચંદ્ર ઈન્દ્રવદન દવે
સરનામું : ૪૦૧, શ્યામલ પ્રાઈડ, કલ્પના સિનેમા સામે, એક્સ રે હાઉસ પાસે, આણંદ
ફોન નં. : ૯૯૨૫૪૮૯૦૪૬, ૯૯૨૫૯૯૭૯૮૮
મોબાઈલ નં. :
ઈ-મેઈલ : harshdave766@gmail.com
સંપર્ક : -
સરનામું : -
ફોન નંબર : -
પસંદગી : વેલ એજ્યુકેટેડ
નોંધ : ફેમીલી ઓરીએન્ટેડ

ગોત્ર : જાતુકર્ણ
નક્ષત્ર : પુષ્ય પરમ આશ્લેષા
રાશિ : કર્ક
નાડી : અંત્ય
ગણ : રાક્ષસ
વર્ણ : બ્રાહ્મણ
યોનિ : મેષ
વર્ગ : ગરૂડ
શનિ મંગળ દોષ હોતો નથી.



નામ : ચિ. ધ્રુવ જીતેન્દ્રભાઈ જોષી ઊંચાઈ : ૫'–૩'' વજન : ૬૮ કિલો

જન્મતારીખ : ૧૬–૧૨–૨૦૦૧ જન્મસ્થળ : મુંબઈ જન્મસમય : ૦૫.૩૬ સાંજે

અભ્યાસ : બી.કોમ., એમ.કોમ.

મૂળવતન : સોજીત્રા વ્યવસાય : નોકરી

માસિક આવક : રૂ. ૫૦,૦૦૦/–




ગોત્ર : વચ્છસ્વ

રાશિ : ધન

નક્ષત્ર : અશ્વિન

નાડી : મધ્ય

માતાનું નામ : રસીલાબેન જીતેન્દ્રભાઈ જોષી

ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત

પિતાનું નામ : જીતેન્દ્રભાઈ અંબાલાલ જોષી

સરનામું : બી–૧૦૧, પરમ પેરાડાઈઝ, રામેશ્વર સ્કૂલની બાજુમાં, ગોત્રી, વડોદરા

ફોન/મોબાઈલ : ૮૩૪૭૬૪૨૦૬૫, ૯૮૨૪૮૨૯૦૯૩

---

નામ : ચિ. મયંક જીતેન્દ્રભાઈ જોષી ઊંચાઈ : ૫'–૮'' વજન : ૭૫ કિલો

જન્મતારીખ : ૨૭–૦૮–૨૦૦૩ જન્મસ્થળ : સોજીત્રા જન્મસમય : ૦૮.૦૫ રાત્રે

અભ્યાસ : બી.સી.એ., એમ.સી.એ. (સોફ્ટવેર એન્જીનીયર)

મૂળવતન : સોજીત્રા વ્યવસાય : ધંધો

માસિક આવક : રૂા. ૪૫૦૦૦/–




ગોત્ર : વચ્છસ્વ

રાશિ : સિંહ

નક્ષત્ર : મઘા

નાડી : અંત્ય

માતાનું નામ : રસીલાબેન જીતેન્દ્રભાઈ જોષી

ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત

પિતાનું નામ : જીતેન્દ્રભાઈ અંબાલાલ જોષી

સરનામું : બી–૧૦૧, પરમ પેરાડાઈઝ, રામેશ્વર સ્કૂલની બાજુમાં, ગોત્રી, વડોદરા

ફોન/મોબાઈલ : ૮૩૪૭૬૪૨૦૬૫, ૯૮૨૪૮૨૯૦૯૩

નામ : ચિ. પ્રણવ દિનેશભાઈ ત્રિવેદી  ઊંચાઈ : ૫'–૭''  વજન : ૭૦ કિલો

જન્મતારીખ : ૦૫–૧૨–૧૯૯૬  જન્મસ્થળ : પેટલાદ  જન્મસમય : ૦૬.૨૫ દિવસે

અભ્યાસ : બી.ઈ. (મિકેનીકલ)

મૂળવતન : નડિયાદ  વ્યવસાય : વ્યવસાય

માસિક આવક : રૂ. ૪૦,૦૦૦/–




ગોત્ર : ગાર્ગસ

રાશિ : કન્યા

નક્ષત્ર : ઉ. ફાલ્ગુની

નાડી : આદ્ય

માતાનું નામ : શોભનાબેન દિનેશભાઈ ત્રિવેદી

ભાઈ/બહેન : ૨–બહેન–પરણિત

પિતાનું નામ : દિનેશભાઈ હસમુખભાઈ ત્રિવેદી

સરનામું : ૧૮, ધર્મનગર સોસાયટી, કિડની હોસ્પીટલ પાછળ, નડિયાદ

ફોન/મોબાઈલ : ૮૫૩૦૪૦૮૭૮૭, ૯૯૭૮૧૧૭૧૭૨ (વોટ્સ એપ)

---

નામ : ચિ. જાબાલી કેતન ભટ્ટ  ઊંચાઈ : ૫'–૫''  વજન : ૮૫ કિલો

જન્મતારીખ : ૧૮–૦૧–૧૯૯૯  જન્મસ્થળ : અમદાવાદ  જન્મસમય : ૧૦.૨૭ સવારે

અભ્યાસ : એમ.ટેક. (મીકેનીકલ)

મૂળવતન : ઉમરેઠ  વ્યવસાય : નોકરી

માસિક આવક : રૂા. ૫૨૦૦૦/–




ગોત્ર : લંકાનસ

રાશિ : મકર

નક્ષત્ર : શ્રવણ

નાડી : અંત્ય

માતાનું નામ : રાગીણી કેતન ભટ્ટ

ભાઈ/બહેન : –

પિતાનું નામ : કેતન ઘનશ્યામભાઈ ભટ્ટ

સરનામું : ૩, સરસ્વતી સોસાયટી, જૈન મરચંટ સોસાયટી પાછળ, પાલડી, અમદાવાદ

ફોન/મોબાઈલ : ૯૮૯૮૫૬૨૦૫૬, ૯૮૭૯૫૮૦૫૨૨

| | | |
|---|---|---|
| Name | : | Chi. Darsh K. Bhatt |
| Height | : | 5’-11” |
| Weight | : | - |
| Birth Date | : | 25-06-2000 |
| Birth Time | : | 11.11 a.m. |
| Birth Place | : | Chennai |
| Education | : | MBA (Indian Institute of Foreign Trade)<br>B.Tech in Information Technology |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Sojitra |
| Mother Name | : | Jayshree K. Bhatt |
| Borther/Sisters | : | |
| Maternal Place | : | Late Jagdish Harihar Dave (Chennai) |
| Father | : | Kaushal G. Bhatt |
| Grand Parents | : | Late Gangashankar Umiyashankar Bhatt<br>Geetaben G. Bhatt |
| Address | : | Sama Savli, Vadodara, Gujarat-390024 |
| Mobile No. | : | 9376211066 (Father), 7698886336 (Mother) |
| E-mail | : | - |
| Choice | : | - |
| Note | : | - |
| Gotra | : | Chitranas |
| Nakshatra | : | UttarBhadrapada |
| Rashi | : | Meen |
| Nadi | : | Madhya |
| Gan | : | - |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Dev Nilesh Joshi |
| Height | : | 5’-7’’ |
| Weight | : | 65 Kg. |
| Birth Date | : | 11-10-2000 |
| Birth Time | : | 11.55 p.m. |
| Birth Place | : | Baroda |
| Education | : | B.E. Mechanical |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. 45000/- |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Jagruti Nilesh Joshi |
| Borther/Sisters | : | 1-Brother-Unmarried |
| Maternal Place | : | Narendrabhai H. Bhatt (Baroda) |
| Father | : | Nilesh Mahendrabhai Joshi |
| Address | : | Row House No. 5, Shree Krishnanagari, Nr. Shree Nandnagar-II, Vejalpur, Ahmedabad |
| Mobile No. | : | 9909903538 |
| E-mail | : | - |
| Contact | : | As Above |
| Address | : | As Above |
| Phone | : | 9428500412 |
| Choice | : | Well-Educated and Family Oriented Partner |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Paunas |
| Nakshatra | : | UtarBhadrapada |
| Rashi | : | Meen |
| Nadi | : | Madhya |
| Gan | : | Manushya |
| Varna | : | Brahman |
| Yoni | : | Gau |
| Varg | : | Sarp |



| | | |
|---|---|---|
| Name | : | Swetal Sandip Dave |
| Height | : | 5’-4’’ |
| Weight | : | 62 Kg. |
| Birth Date | : | 22-08-2002 |
| Birth Time | : | 17.30 p.m. |
| Birth Place | : | Anand |
| Education | : | Bachelor in Computer-Application, India<br>Masters in Information Technology-<br>RMIT University, Australia |
| Profession | : | - |
| Monthly Income | : | - |
| Native Place | : | Anand |
| Mother Name | : | Naina Sandip Dave |
| Borther/Sisters | : | 1-Sister-Married |
| Maternal Place | : | - |
| Father | : | Sandip Mahendrakumar Dave |
| Address | : | “Spandan”, 19, Shree Bunglows, Bakrol Vadtal Road, Bakrol, Ta. & Di. Anand-388315 |
| Mobile No. | : | 8866005339 |
| E-mail | : | - |
| Choice | : | - |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Paunash |
| Nakshatra | : | Ghanistha |
| Rashi | : | Kumbh |
| Nadi | : | - |
| Gan | : | - |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Vivek Joshi |
| Height | : | 5’-7’’ |
| Weight | : | - |
| Birth Date | : | 23-09-1997 |
| Birth Time | : | 02.39 a.m |
| Birth Place | : | Anand |
| Education | : | BBA, LLB |
| Profession | : | Lawyer |
| Monthly Income | : | - |
| Native Place | : | - |
| Mother Name | : | Kirti Joshi |
| Borther/Sisters | : | 1-Brother-Unmarried |
| Maternal Place | : | - |
| Father | : | Naimesh Joshi |
| Address | : | 5, Jaimini Park, Nr. Indira Gandhi Statue,<br>100 Ft Road, Beside SBI Bank, Anand-388001 |
| Mobile No. | : | 9825566320 (Father) |
| E-mail | : | - |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | - |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Pounas |
| Nakshatra | : | Mrigasira |
| Rashi | : | Vrishabha |
| Nadi | : | - |
| Gan | : | - |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |



રાતના સાડા દસ વાગ્યા હતા. રસોડામાં મારું રોજિંદું કામ લગભગ પૂરું થઈ ગયું હતું. ગેસનો ચૂલો લૂછીને મેં સિંકમાં પડેલાં છેલ્લાં થોડાં વાસણો સાફ કરવા હાથમાં લીધાં. ત્યાં જ મારા સાબુવાળા હાથ એક જૂના, ત્રણ ડબ્બાવાળા સ્ટીલના ટિફિન પર જઈને અટકી ગયા. રોજ ઘસાતા આ ડબ્બાને આજે ઘસતી વખતે મારા હાથ ધ્રૂજી રહ્યા હતા. હું એ ટિફિનની સપાટી પર પડેલા ઉઝરડા, એની સાવ ઝાંખી પડી ગયેલી ચમક અને એની સહેજ ઢીલી પડી ગયેલી ક્લિપને એકીટશે જોઈ રહી. આ માત્ર સ્ટીલનું વાસણ નહોતું. આ મારા અને મારા પતિ, રમેશના ત્રીસ વર્ષના દામ્પત્યજીવનનો સૌથી વફાદાર, મૂંગો સાક્ષી હતો.

આજે સાંજે રમેશ છેલ્લી વાર ઓફિસથી ઘરે આવ્યા હતા. કાલથી એમની નિવૃત્તિનો પહેલો દિવસ હતો. એટલે કે, કાલે સવારે મારે આ ટિફિનમાં રસોઈ નહોતી ભરવાની. આ એક વિચારથી મારા ગળામાં ડૂમો બાઝી ગયો. જાણે વર્ષો જૂના કોઈ અડીખમ સાથીને કાયમ માટે માળિયે ચઢાવવાનો હોય, એવી એક ઉંડી અને ભારે ઉદાસી મને ઘેરી વળી.

છેલ્લા ત્રીસ વર્ષથી મારી સવાર આ સ્ટીલના ટિફિનથી શરૂ થતી અને રાત આ જ ટિફિનને ધોવાથી પૂરી થતી. સવારે સાડા પાંચ વાગ્યે અલાર્મ વાગે એટલે મારી દોડધામ શરૂ થાય. વર્ષોથી લોટ બાંધતા મારા હાથને હવે કોઈ માપની જરૂર નહોતી પડતી; અંધારામાં પણ એ બરાબર ચાર રોટલીનો જ લોટ લેતા. સાત વાગ્યા સુધીમાં તો રસોડામાં કૂકરની સીટીઓ અને વઘારની સુગંધ પ્રસરી જતી.

"અરે સાંભળો છો? આજે રસાવાળું શાક છે, ડબ્બો જરા સીધો પકડજો નહીંતર તમારી બેગમાં ઢોળાશે," હું રોજ સવારે ટિફિન હાથમાં આપતી વખતે ટેવવશ સૂચના આપતી. અને એ હંમેશા ઉતાવળમાં શર્ટના બટન બંધ કરતાં કરતાં, ઘડિયાળમાં સમય જોતા કહેતા, "અરે મારી માં, ત્રીસ વર્ષ થયા, હવે તો મને આ ડબ્બો પકડતા આવડી ગયું છે ! તું ચિંતા ના કર."

ગરમાગરમ રોટલીની થપ્પી કરવી, નીચેના ડબ્બામાં દાળ ભરવી અને સૌથી ઉપરના નાના ડબ્બામાં ગોળનો એક કટકો કે અથાણું મૂકવું–આ મારા માટે માત્ર ઘરકામ નહોતું. જ્યારે એ ઘરની બહાર જાય, ત્યારે પાછળથી મારો પ્રેમ, મારી કાળજી અને ઘરની હૂંફ આ ડબ્બામાં પેક થઈને એમની સાથે જતી. એ ટિફિન મારા રસોડા અને એમની ઓફિસ વચ્ચેનો એક નાનકડો સેતુ હતો. મેં ટિફિનને પાણીથી સાફ કરીને લૂછવા માટે કપડું લીધું.

આ ડબ્બા પર પડેલા ખાડાઓ માત્ર બેદરકારી નહોતી. એમાં શહેરની ભીડવાળી બસોની ધક્કામુક્કી અને લોકલ ટ્રેનના સંઘર્ષની નિશાનીઓ હતી. જ્યારે બાળકો ભણવામાં આગળ વધ્યા અને ઘરમાં ખર્ચો વધ્યો, ત્યારે રમેશે ઓવરટાઈમ કરવાનું શરૂ કર્યું હતું. એ દિવસોમાં, બપોરે ખાધેલી આ જ ટિફિનની ઠંડી થઈ ગયેલી રોટલીઓ એમને રાતના આઠ વાગ્યા સુધી મશીનની જેમ કામ કરવાની તાકાત આપતી. ઓફિસના ટેન્શનમાં જ્યારે એ જમવાનું ભૂલી જતા, ત્યારે આ ટિફિને કલાકો સુધી એમના ટેબલ પર એમની મૂંગી રાહ જોઈ છે. આ સ્ટીલના ડબ્બાએ રમેશના કાળા, ભરાવદાર વાળને ધીમે ધીમે સફેદ અને પાતળા થતાં જોયા છે. એમના ખભા પર વધતી જવાબદારીઓનો ભાર આ ટિફિને સૌથી નજીકથી અનુભવ્યો છે.

મને આજે પણ યાદ છે અમારાં લગ્નના શરૂઆતનાં એ વર્ષો. એકવાર મારાથી કારેલાનું શાક સાવ કાચું અને ખારું બની ગયું હતું. આખો દિવસ મને જીવ બાળ્યો કે આજે એ ભૂખ્યા રહેશે. પણ સાંજે જ્યારે એ ઘરે આવ્યા, ત્યારે ટિફિન સાવ ખાલી હતું! મારાથી ન રહેવાયું, "શાક સાવ બગડી ગયું હતું, તો પણ તમે આખું ખાઈ ગયા? ક્યારેક તો કહેતા હોવ કે રસોઈ ખરાબ બની છે!" રમેશે પોતાનો થાક ઉતારતા ખૂબ જ ધીમા અવાજે કહ્યું હતું, "ઓફિસની કેન્ટીનનું મસાલેદાર ખાવા કરતા તારા હાથનું કાચું શાક પણ મને વધારે મીઠું લાગે છે. મને ખબર છે કે તેં સવારે ઉંઘ બગાડીને, ગરમીમાં ઊભા રહીને આ બનાવ્યું છે. એમાં તારા હાથનો સ્પર્શ છે, એને હું એઠું કેવી રીતે છોડું?" એ દિવસે મને સમજાયું હતું કે દામ્પત્યજીવનમાં પ્રેમ વ્યક્ત કરવા મોટી ભેટોની જરૂર નથી હોતી. પત્નીની ભૂલો પર પડદો પાડીને, ક્યારેક ખારું શાક પણ ચૂપચાપ અને સંતોષથી ખાઈ જવું, એ દુનિયાનો સૌથી મોટો પ્રેમપત્ર છે.

મેં ટિફિનને લૂછીને રસોડાના ડ્રોઅરમાં મૂકી દીધું. રાત પૂરી થઈ અને એક નવી સવાર પડી. આજે ઘરમાં કોઈ અલાર્મ વાગ્યો નહિ. રસોડામાં પેલી રોજિંદી ઉતાવળ નહોતી. સાડા આઠ વાગી ગયા હતા, છતાં ઘર એકદમ શાંત હતું. હું ચાના બે કપ લઈને બાલ્કનીમાં ગઈ. રમેશ આરામ ખુરશી પર બેસીને નિરાંતે છાપું વાંચી રહ્યા હતા. આજે એમના ચહેરા પર ૮:૦૩ ની બસ પકડવાનો કોઈ ડર નહોતો. કપડાં ઇસ્ત્રી કરેલાં છે કે નહીં, એની કોઈ ફિકર નહોતી. એમના ચહેરા પર છવાયેલી એ નિરાંત જોઈને મારા મનમાં વર્ષોથી જમા થયેલો થાક જાણે ઓગળી ગયો.

બપોરના એક વાગ્યા. એવું નથી કે છેલ્લાં ત્રીસ વર્ષમાં અમે ક્યારેય બપોરે સાથે નહોતા જમ્યા. રવિવારે કે તહેવારોમાં અમે સાથે જ જમતા હતા. પણ... એ રજાઓના દિવસોમાં પણ એક અદ્રશ્ય ઉતાવળ રહેતી–બાળકોને ટ્યુશન મૂકવાની, ઘરનાં બાકી રહી ગયેલાં કામ પતાવવાની, સામાજિક વ્યવહારો નિભાવવાની કે પછી ફરી આવતી કાલના સોમવારની ચિંતા. રવિવારની એ બપોર ક્યારેય માત્ર 'અમારી' નહોતી રહી. પણ આજે... આજે મંગળવારની આ બપોર સાવ નોખી હતી. આજે કોઈ ઘડિયાળના કાંટાનો ડર નહોતો. કોઈ ટિફિનને બંધ કરવાની ઉતાવળ નહોતી.

ડાઇનિંગ ટેબલ પર આજે માત્ર બે જ થાળીઓ હતી. મેં ગેસ પરથી સીધી ફૂલેલી, ગરમાગરમ રોટલી એમની થાળીમાં પીરસી. રમેશે રોટલીનો ટુકડો તોડ્યો, એને વઘારેલી દાળમાં બોળ્યો અને પહેલો કોળિયો મોંમાં મૂક્યો. થોડી ક્ષણો માટે એ ચાવતાં ચાવતાં અટકી ગયા. એમણે ઊંચું જોયું. એમની આંખોમાં એક અનોખી ભીનાશ અને વર્ષોની દોડધામ પૂરી થયાનો પરમ સંતોષ હતો. "આજે આ રોટલી કંઈક વધારે જ મીઠી અને નરમ લાગે છે," એમણે હળવેકથી કહ્યું, એમનો અવાજ સહેજ ધ્રૂજતો હતો. મેં બીજી રોટલી એમની થાળીમાં મૂકતાં ભરાયેલા ગળે કહ્યું, "રોટલી તો રોજ આવી જ હોય છે. બસ ફરક એટલો છે કે આજે એ કોઈ ડબ્બામાં કેદ થયા વગર સીધી તમારી થાળીમાં આવી છે... અને આજે એને ખાવા માટે તમારી પાસે સમય છે."

અમે બંને એકબીજાની આંખોમાં જોઈ રહ્યાં. આ માત્ર એક બપોરનું ભોજન નહોતું. આ એક સ્વીકૃતિ હતી–વર્ષોની દોડધામ, બાળકોના ઉછેર માટે કરેલા સંઘર્ષો અને અનંત જવાબદારીઓ પછી, હવે છેવટે એકબીજા માટે મળેલા નવરાશના સમયની સ્વીકૃતિ. પેલું સ્ટીલનું ટિફિન આજે રસોડાના ડ્રોઅરમાં શાંતિથી ગોઠવાઈ ગયું હતું. એની ત્રીસ વર્ષ લાંબી યાત્રા સફળતાપૂર્વક પૂરી થઈ હતી. હવે એ બંધ ડબ્બામાં પેક થતા પ્રેમની જરૂર નહોતી, કારણ કે હવે એ પ્રેમ અમારી વચ્ચે, આ ગરમાગરમ રોટલીની વરાળની જેમ, આખા ઘરમાં મુક્તપણે શ્વાસ લઈ રહ્યો હતો.

– અંકિત સાદરીયા

(મિત્રો વાર્તા કેવી લાગી એ જરૂરથી જણાવજો,
આ વાર્તાના તમામ રાઇટ્સ આ સાલી જીંદગી પેજના છે)

---

## ટપાલી

ટ્રીન... ટ્રીન... ટ્રીન... ટ્રીન...

૯૦ના દાયકાની એ સોનેરી અને શાંત બપોરે ગામની ધૂળિયા શેરીઓમાં જ્યારે પણ આ અવાજ ગુંજતો, ત્યારે આખું ગામ પોતપોતાના નળિયાવાળા ઘરના દરવાજે આવીને ઊભું રહી જતું. ખાખી હાફ–પેન્ટ, ખાખી શર્ટ, માથે કાળી ટોપી, ખભે ચામડાનો મોટો થેલો અને પેડલ મારતા મારતા આવતા અમરશીભાઈ.

ગામમાં કોઈ એમને સરકારી હોદ્દાથી નહોતું બોલાવતું, આખું ગામ એમને બસ એક જ નામે પૂજતું – "અમરશી ટપાલી"

એ જમાનો એવો હતો જ્યારે હવામાં મોબાઈલના સિગ્નલ નહીં, પણ પત્રોની સુગંધ ઉડતી હતી. ગામમાં પગ મૂકતાની સાથે જ અમરશીભાઈને લોકો ઘેરી વળતા:

"અમરશીભાઈ, મારા સુરત ગયેલા દીકરાનો પત્ર આવ્યો?"

"ભાઈ, મારા મિલ મજૂર પતિનો મનીઓર્ડર આવ્યો કે નઈ ?"

"ટપાલી ભાઈ, મારી સરકારી નોકરીના ઓર્ડરનો કાંઈ જવાબ આવ્યો ?"

અમરશીભાઈ ક્યારેય ઉતાવળ ન કરતા. એ સાયકલ ઊભી રાખતા, ચશ્મા નાક પર સરખાવતા અને થેલામાંથી અસલ જાદુઈ પોટલીની જેમ પત્રો કાઢતા. અમરશીભાઈ માટે આ કાગળો માત્ર સરનામા નહોતા, એ ગામના લોકોના શ્વાસ હતા. એ માત્ર ટપાલ નહોતા વહેંચતા, એ ગામના સુખ–દુ:ખ વહેંચતા હતા.

ગામમાં મોટાભાગના વડીલો અને સ્ત્રીઓ અભણ હતા. પત્ર આવી તો જતો, પણ કાગળ પર કંડારેલી શાહી વાંચવા માટે આખું ગામ અમરશીભાઈના ભરોસે બેસતું. અમરશીભાઈ પણ હસતા મુખે ઓસરીના ઢાળિયા પર બેસી જતા. પોસ્ટકાર્ડ કે આંતરદેશીય પત્ર ખોલીને એ ઊંચા અવાજે વાંચતા.

સામે બેઠેલી માડીના ચહેરા પર દીકરાના સમાચાર સાંભળીને જે સ્મિત આવતું, એ અમરશીભાઈની ખરી કમાણી હતી. પત્ર વંચાઈ ગયા પછી અમરશીભાઈ પોતે જ ખિસ્સામાંથી પેન કાઢીને વળતો જવાબ પણ લખી આપતા : "લખ બાપ, તારી મા અહિયાં મજામાં છે, તું ચિંતા ન કરતો."

જો કોઈ પત્ર દેશની સરહદ પરથી, કોઈ સૈનિક દીકરાનો આવ્યો હોય, તો અમરશીભાઈ એ પત્ર આખી ઓસરી વચ્ચે ત્રણ વાર મોટેથી વાંચતા, જાણે દેશભક્તિનો કોઈ ઉત્સવ ઉજવાતો હોય! પણ આ સિક્કાની બીજી બાજુ પણ હતી. ક્યારેક કોઈ પત્રમાં આખા ઘરને તોડી નાખે તેવા કરુણ સમાચાર કે મૃત્યુના 'તાર' પણ આવતા. આવા સમયે અમરશીભાઈ સીધા પત્ર ન આપતા. એ ઘરના વડીલને પહેલાં શાંતિથી બેસાડતા, પોતાના હાથે માટલામાંથી પાણી પાતા અને પછી બહુ ધીમેથી, પિતૃવત હાથ માથે ફેરવીને માઠાં સમાચાર આપતા. ગામના દરેક ઘરના આંસુ અને હાસ્યના એ એકમાત્ર સાક્ષી હતા.

આ જ ગામના છેવાડે એક નાનકડી ઝૂંપડીમાં રાધાબા રહેતા હતા. રાધાબા વિધવા હતા અને એમનો એકનો એક દીકરો શ્રવણ દેશની સેનામાં ભરતી થયો હતો. શ્રવણ જ્યારે પણ સરહદ પરથી પત્ર લખતો, ત્યારે રાધાબા આખો દિવસ પાદરે બેસીને અમરશીભાઈની સાયકલની વાટ જોતા.

પત્ર આવે એટલે અમરશીભાઈ ખાસ સમય કાઢીને રાધાબાની ઝૂંપડીએ જતા. સાયકલ સ્ટેન્ડ પર ચડાવીને એ મોટેથી વાંચતા, "મારી વહાલી મા, તું સમયસર જમી લેજે. અહીં કાશ્મીરમાં બહુ બરફ છે, પણ તારી ગોદડીની હૂંફ યાદ આવે છે." રાધાબા રડી પડતા અને અમરશીભાઈની પીઠ થાબડતા. વર્ષો સુધી આ સિલસિલો ચાલ્યો. શ્રવણના અક્ષરો રાધાબા સુધી અમરશીભાઈના અવાજમાં જ પહોંચતા રહ્યા.

પણ સમય ક્યાં કોઈની મર્યાદા રાખે છે ? નવો યુગ આવ્યો હતો, દરેકના હાથમાં ચોરસ ચમકતા મોબાઈલ આવી ગયા. પત્રોની જગ્યા વોટ્સએપ અને વીડિયો કોલે લઈ લીધી. સેકન્ડોમાં સમાચાર પહોંચવા લાગ્યા અને એની સાથે જ પત્રોની એ ધીમી, મીઠી ગરિમા ઓગળી ગઈ.

ગામની પોસ્ટ ઓફિસ ધીમે ધીમે સૂની થવા લાગી. હવે થેલામાં સરકારી નોટિસો કે બેંકના કાગળો સિવાય લાગણીના પત્રો આવતા બંધ થઈ ગયા. અમરશીભાઈની સાયકલની ઘંટડી હવે શેરીઓમાં વાગતી, પણ કોઈ દરવાજો ખોલીને દોડતું નહોતું. લોકો કહેતા, "હવે ટપાલીનું કામ જ ક્યાં રહ્યું છે? બધું ફોનમાં થઈ જાય છે." છતાં અમરશીભાઈ માટે પોસ્ટ ઓફિસનું એ ટેબલ અને એ ચામડાનો થેલો હજુય એટલો જ પવિત્ર હતો. એ કહેતા, "ટેકનોલોજી ગમે એટલી આવે સાહેબ, પણ કાગળ પર ઉતરેલા અશ્રુ મોબાઈલની સ્ક્રીન પર ક્યારેય નહીં દેખાય."

આખરે, અમરશીભાઈની ૩૫ વર્ષની લાંબી નોકરીનો છેલ્લો દિવસ આવી પહોંચ્યો. નિવૃત્તિની એ સાંજે એમણે બહુ ભારે હૈયે પોતાની વહાલી સાયકલ પોસ્ટ ઓફિસના સરકારી રૂમમાં જમા કરાવી. જે ચામડાના થેલાએ અડધી સદી સુધી ગામના સુખ-દુ:ખ ઉપાડ્યા હતા, એ ખાલી થેલો ખુરશી પર મૂકતી વખતે એમની આંખો ભીની થઈ ગઈ.

એ એકલા પગપાળા ચાલતા પોતાના ઘરે આવ્યા. રસ્તામાં એ વિચારતા હતા: "મેં ૩૫ વર્ષ આ ગામને મારા લોહીના સંબંધની જેમ સમાચાર પહોંચાડ્યા... પણ કાલથી જ્યારે હું ખાખી કપડાં નહીં પહેરું, ત્યારે મને આ ગામમાં કોણ યાદ કરશે? મારો અવાજ હવે કોને જોઈશે?"

જેવા એ પોતાના ઘરના વળાંક પાસે પહોંચ્યા, એમની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

એમના ઘરની આખી ઓસરી અને આંગણું માણસોથી ઉભરાતું હતું. ગામના ૪૦-૫૦ મુખ્ય લોકો ત્યાં બેઠા હતા. એમાં ગામના સરકારી શાળાના શિક્ષક હતા, નિવૃત્ત થયેલા સૈનિકો હતા, સીમમાંથી સીધા આવેલા ખેડૂતો હતા અને ગામના વેપારીઓ પણ હતા. આખું ગામ ત્યાં શાંતિથી બેઠું હતું, જાણે કોઈ બહુ મોટા માણસની રાહ જોવાતી હોય.

ભીડમાંથી અચાનક વૃદ્ધ રાધાબા ઊભા થયા. એમના હાથ ધ્રૂજતા હતા. એમણે પોતાના સાડલાના છેડેથી સાચવીને રાખેલું એક જૂનું, પીળું પડી ગયેલું કવર કાઢ્યું. એ કવર પર સેનાનો સિક્કો મારેલો હતો. રાધાબા ધીમા પગલે અમરશીભાઈની નજીક આવ્યા અને એ કવર એમના હાથમાં મૂક્તા બોલ્યા:

"અમરશી... આ મારા શ્રવણનો છેલ્લો પત્ર છે."

અમરશીભાઈ ચોંકી ગયા. એમની સ્મરણશક્તિ બહુ તેજ હતી. એમણે કીધું, "પણ બા, શ્રવણનો આવો કોઈ પત્ર તો ક્યારેય પોસ્ટ ઓફિસમાં આવ્યો જ નથી! તો આ ક્યાંથી?"

રાધાબાની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા. એમણે ધ્રૂજતા અવાજે રહસ્ય ખોલ્યું:

"આ પત્ર વર્ષો પહેલાં કાશ્મીરમાં મારો શ્રવણ શહીદ થયો ને, એના બરાબર બે દિવસ પહેલાં એણે સરહદ પરથી લખ્યો હતો. પણ એ પત્ર જ્યારે ગામમાં આવ્યો, ત્યારે એની સાથે જ મારા દીકરાના શહીદ થવાના સમાચાર પણ આવ્યા હતા. હું સાવ ભાંગી પડી હતી અમરશી મારામાં આ પત્ર ખોલવાની કે તારી પાસે વંચાવવાની હિંમત જ નહોતી. મેં આ પત્રને ભગવાનના મંદિરમાં મૂકી રાખ્યો હતો. આજે તું સરકારી નોકરીમાંથી નિવૃત્ત થાય છે... એટલે આખા ગામની વચ્ચે, મારા દીકરાનો આ આખરી સંદેશો મારે તારા જ પવિત્ર મોઢેથી સાંભળવો છે."

આખું આંગણું સ્તબ્ધ થઈ ગયું. અમરશીભાઈના હાથ ધ્રૂજવા લાગ્યા. એમણે બહુ જ સાચવીને એ જૂનું કવર ખોલ્યું. પત્રની અંદર શ્રવણના અક્ષરો હજુય અકબંધ હતા. અમરશીભાઈએ ગળગળા અવાજે વાંચવાનું શરૂ કર્યું:

"વહાલી મા,

જો આ યુદ્ધમાં હું પાછો ન આવું અને તિરંગામાં લપેટાઈને આવું, તો તું રડતી નહીં. તારો દીકરો દેશ માટે શહીદ થયો છે એનો ગર્વ કરજે અને છેલ્લે લખ્યું હતું અને હા મા જ્યારે આ પત્ર તારા હાથમાં આવે, ત્યારે આપણા ગામના અમરશી ટપાલીને મારા કોટી કોટી પ્રણામ કહેજે કારણ કે સરહદ પર બેઠા બેઠા મેં જેટલી વાર તને પત્ર લખ્યા છે ને, એ તેં ક્યારેય નથી વાંચ્યા મા, તેં તો એ પત્રો હંમેશાં અમરશી કાકાના એ વહાલસોયા અવાજમાં જ સાંભળ્યા છે. મારા માટે તો એ ટપાલી નથી, ઈશ્વરનો માણસ છે."

પત્ર પૂરો થતાં થતાં અમરશીભાઈનો અવાજ રૂંધાઈ ગયો. એ ઓસરીના પથ્થર પર બેસી પડ્યા અને પત્રને છાતી સરસો ચાંપીને બાળકની જેમ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા.

એ જ ક્ષણે, આંગણામાં બેઠેલા ગામના લોકો એક પછી એક ઊભા થવા લાગ્યા.

એક યુવાન આગળ આવ્યો અને બોલ્યો, "અમરશી કાકા, મારી જિંદગીની પહેલી સરકારી નોકરીનો ઓર્ડર તમે લાવ્યા હતા. તમારી સાયકલની ઘંટડી સાંભળીને જ મારા ઘરમાં પહેલીવાર પેંડા વહેંચાયા હતા."

બીજો એક વડીલ બોલ્યો, "કાકા, મારી દીકરીના લગ્ન નક્કી થયાનો પત્ર તમે જ હોંશે હોંશે લાવ્યા હતા અને દીકરીને આશીર્વાદ આપ્યા હતા."

ત્રીજો એક ખેડૂત આંસુ લૂછતા બોલ્યો, "મારા પિતા જ્યારે હરિદ્વારમાં ગુજરી ગયા અને એનો તાર આવ્યો ત્યારે એ દુઃખદ સમાચાર પણ તમે જ બહુ સાચવીને અમને આપ્યા હતા અને આખી રાત અમારી ઓસરીમાં બેસીને અમને સાંત્વના આપી હતી."

અમરશીભાઈએ ભીની આંખો ઊંચી કરીને આખા ગામ તરફ જોયું. એમને સમજાઈ ગયું કે ભલે સરકારના ચોપડે આજે એમનું નામ નિવૃત્ત થઈ ગયું હોય, ભલે સાયકલ જમા થઈ ગઈ હોય. પણ આ ગામના લોકોના હૃદયમાં જે પ્રેમનો સિક્કો એમણે માર્યો છે, એ ક્યારેય નિવૃત્ત થઈ શકે તેમ નથી. એ માત્ર એક ટપાલી નહોતા, એ તો આખા ગામની સંવેદનાઓ અને લાગણીઓના અમર રખેવાળ હતા.

**અંતરધ્વનિઃ**

"કેટલાક માણસો માત્ર પત્ર નથી પહોંચાડતા, તેઓ સંબંધો પહોંચાડે છે. સમય બદલાય, ટેક્નોલોજી બદલાય અને વોટ્સએપના જમાના આવી જાય... પણ હૃદય સુધી પહોંચેલા અને લાગણીના સરનામે વસેલા માણસો જિંદગીમાં ક્યારેય નિવૃત્ત થતા નથી."

**- રોહિત વ્યાસ**

## ડોક્ટરની ડાયરી - સત્ય ઘટના

એ બધા અભણ છે અને અજ્ઞડ છે હુ તો ભણ્યો છું ને ? જો હું પણ એમના જેવો થાઉ તો એ લોકો મા સારા થવાની સમજ ક્યાંથી આવશે.

આઠમા ધોરણના ડ્રોઈંગ ટીચરે વિદ્યાર્થીઓને કહ્યું, 'તમને ગમતું કોઈ પણ એક ચિત્ર દોરી લાવો.' આટલું ફરમાવીને સાહેબ તો પગ લંબાવીને ખુરશીમાં ઊંઘી ગયા, જે હવે પછી પિરિયડ પૂરો થયાનો ઘંટ વાગે ત્યારે જ જાગવાના હતા. વર્ગમાં બેઠેલા પંચાવન વિદ્યાર્થીઓ મનમાં જે આવ્યું તેને કાગળ પર ઉતારવા માંડ્યા. આ કોઇ અંગ્રેજી માધ્યમની સ્કૂલ નહોતી. આ ગુજરાતી માધ્યમની ખાનગી શાળા પણ નહોતી. આ તો હતી ગરીબ વિસ્તારમાં આવેલી ગરીબ વિદ્યાર્થીઓ માટેની સરકારી શાળા.ઘંટ વાગે તે પહેલાં જ મોનિટર સુરેશે સાહેબને જગાડ્યા; હાથમાં પંચાવન કાગળોનો થોકડો મૂકી દીધો. માસ્તરે કટાણું મોઢું કરીને આ 'કલાકૃતિઓ' ઉપર તપાસભરી નજર નાખી લેવી જ પડી.

આ બધા ક્યાં રાજા રવિ વર્મા કે રવિશંકર રાવળ હતા ? કોઈએ ઘાસ ચરતી ગાયનું ચિત્ર દોર્યું હતું, તો કોઈએ પર્વત પાછળથી ઊગતા સૂરજનું ચિત્ર કાગળ ઉપર ઉતાર્યું હતું. મનજી વાળંદના દીકરા મગને હેર કિંટગ સલૂનનું, તો ટપુ દરજીના બબલુ સિલાઈના મશીનનું ચિત્ર ઊપસાવ્યું હતું. 'આ કોણે દોર્યું છે ?' એક ચિત્ર જોઈને માસ્તરની આંખો ચમકી ઊઠી. પછી નીચે લખાયેલું નામ વાંચ્યું, 'રમેશ, ઊભો થા; અહીં આવ.રામજી મંદિરના પૂજારી રામશંકરનો દીકરો રમેશ માસ્તર પાસે આવ્યો. 'આ તે દોર્યું છે? દર્દીને તપાસતાં ડોક્ટરનું ચિત્ર?! આવી કલ્પના તને કેવી રીતે સૂઝી?' માસ્તરે પૂછ્યું.

સાહેબ, આ ચિત્ર નથી, પણ મારું સ્વપ્ન છે. મોટા થઈને મારે ડોક્ટર બનવું છે.' આટલું બોલતાંમાં તો તેર વર્ષના રમેશની આંખોમાં સપનાંનું મેઘધનુષ ખીલી નીકળ્યું. રમેશનો જવાબ સાંભળીને બાકીના ચોપ્પન વિદ્યાર્થીઓ હસી પડ્યા. આખો વર્ગખંડ ખખડી ઊઠે એટલું હસ્યા. માસ્તરથી પણ સહેજ તો મલકી જવાયું, 'બેટા, રમેશ ! આવું ઊંચું સ્વપ્ન જોવું એ સારી વાત છે, પણ એને સાકાર કરવા માટે આપણે આપણી હેસિયત પણ જોવી જોઈએ. નહીંતર જ્યારે જીવનમાં ધોબીપછાડ ખાવાનો વારો આવે ત્યારે માણસને રડતાંયે ન આવડે. 'માફ કરજો, સાહેબ ! હું તો એવું માનું છું કે ડોક્ટર બનવા માટે હેસિયતની નહીં, પણ મહેનતની જરૂર પડે છે. હું મહેનત કરવામાં પાછો નહીં પડું.'

આઠેક વાગ્યે એના પિતા રામજી મંદિરમાં પૂજા-આરતી પતાવીને ઘરે આવ્યા. પત્નીના હાથમાં ત્રણ રૂપિયાને પાંત્રીસ પૈસાનું પરચૂરણ મૂકીને નિરાશ વદને બબડ્યા, 'આ ઘોર કળિયુગમાં લોકોની શ્રદ્ધાયે ઓછી થતી જાય છે. આજે આખા દિવસમાં દસ રૂપિયા તો મંડપ' આ દસ રૂપિયા એ હેસિયત હતી અને રમેશ ચોવીસમાંથી દસ કલાક ધ્યાન લગાવીને ભણતો રહ્યો એ મહેનત હતી.

ત્યાં ચોરે બેઠા ચર્ચા ચાલી ફૂટપાથ પર બેસીને બકાલુ વેચતા મંગાના દીકરાએ મહેચ્છાની પોટલી ખોલી નાખી,' હું મોટો થઈને શાકની લારી ચલાવીશ, પાથરણું લઈને બેસતાં મને તો શરમ આવે.'અડધા કલાકની ચર્ચામાં છેલ્લો વારો રમેશનો આવ્યો. 'હું ડોક્ટર બનવા ઇચ્છું છું.' એણે કહ્યું. એ સાથે જ શેરી આખી હસી પડી.કો'કે ટોણો માર્યો, 'એવી ઈચ્છા રાખતાં પહેલાં એ તો જોવું હતું કે તારા બાપા શું કરે છે !' એ રાત્રે રામશંકર પૂજારીએ રડતાં દીકરાને છાનો રાખ્યો, 'બેટા, હિંમત ન હારીશ. જો દરેક દીકરો પોતાના બાપનો ધંધો જ નજર સામે રાખીને મોટો થતો હોય તો પછી આ દેશમાં બીજો ગાંધી, સરદાર કે વિવેકાનંદ પાકશે જ ક્યાંથી? તારે ડોક્ટર બનવું છે ને? તો તું બનીશ જ. મહેનત તું પણ કર, હું પણ કરીશ.'

રમેશ તનતોડ મહેનતમાં જોડાઈ ગયો. ગાઈડ, ટ્યૂશન કે અન્ય સુવિધાઓનો સદંતર અભાવ. પૈસાની ખેંચ. શાળાના શિક્ષકો, વિદ્યાર્થી મિત્રો અને શેરીમિત્રો એ બધાની ઉપેક્ષા, ટીકા અને નફરત. આટલી બધી પ્રતિકૂળતાઓની વચ્ચે રમેશ દિવસ-રાત એક કરીને, સમયના ખેતરમાં ઉજાગરાનું હળ ફેરવતો રહ્યો અને પરસેવાના વરસાદમાં અભ્યાસનાં બીજ વાવતો રહ્યો.'બેટા, મારે તને કંઈક કહેવું છે.' એકવાર એની માએ ઢીલા-ઢીલા અવાજમાં રમેશ આગળ મનની મૂંઝવણ રજુ કરી, 'તારા બાપુ તને કહી શકતા નથી, માટે એમણે મને આ કામ સોંપ્યું છે.'

રમેશ સ્તબ્ધ થઈને સાંભળી રહ્યો, મા કહેતી હતી, 'ગયા મહિનાનું વીજળીનું બિલ દર વખતના કરતાં બમણું આવ્યું છે. તું મોડી રાત સુધી જાગીને વાંચતો હોય છે ને એટલે ! બેટા, આપણને આ બિલ પરવડે તેમ નથી.'બીજા દિવસથી રમેશે પોતાનો ક્રમ બદલી નાખ્યો. વાંચવાનું તો એણે બંધ ન કર્યું, પણ ઘરની વીજળીનો ઉપયોગ કરવો બંધ કરી દીધો. સાંજે વાળુ પતાવીને એ ઘરમાંથી નીકળી જતો. ઢગલો એક પુસ્તક થેલીમાં ભરીને શેરીની ફૂટપાથ પર બેસી જતો. સ્ટ્રીટ લાઈટના અજવાળામાં પોણી પોણી રાત સુધી એ વાંચ્યા કરતો.

પડોશીઓથી આટલું પણ સહન ન થયું. જે થાંભલા પાસે બેસીને એ વાંચતો હતો એની પાસેના મકાનમાં રહેતા જીવાભાઈએ સમી સાંજથી જ ત્યાં પાણી ઢોળવાનું શરૂ કરી દીધું. 'જીવાકાકા, અહીં પાણી ન ઢોળોને ! મારે અહીં બેસીને વાંચવું હોય છે.' રમેશ કરગરે તો સામે જીવાભાઈનો જવાબ મળે, 'બીજે જઈને વાંચ. આ ઉનાળાની ગરમીમાં ઘરની બહાર પાણી છાંટવાથી આખી રાત ઠંડક રહે છે.'બીજો થાંભલો, બીજો દિવસ, બીજી ઠંડક. આમ કરતાં કરતાં રમેશ છેક બીજી શેરી સુધી ધકેલાતો ગયો, પણ આખરે એનું ઝનૂન રંગ લાવીને જ રહ્યું. બારમા ધોરણમાં એ કેન્દ્રમાં પ્રથમ ક્રમે પાસ થયો.

એને એક પણ રૂપિયાનું ડોનેશન ભર્યા વગર સારી, સરકારી મેડિકલ કોલેજમાં પ્રવેશ મળી ગયો. સપનાંનાં બીજ વાવ્યાં હતાં એ ઊગવાનાં શરૂ થયાં. બસ, હવે લણવાની ઋતુ આવે એની જ રાહ જોવાઈ રહી. કઠોર પરિશ્રમ તો હજુયે કરવાનો જ હતો. વેકેશનમાં જ્યારે તે ઘરે આવતો ત્યારે પણ ભણવાનું ને વાંચવાનું તો ચાલુ જ હોય. પડોશીઓ મોટે મોટેથી રેડિયો વગાડીને રમેશને ખલેલ પહોંચાડે અને જો રમેશ વિનંતી કરે તો સામો જવાબ આપે, 'જોયો મોટો ડોક્ટર થવાવાળો! કંઈ અમારા માટે થોડો ડોક્ટર બનવાનો છે ?'

કેટલાક સવાલોના જવાબો માત્ર સમય પાસે જ હોય છે.એમ.બી.બી.એસ. થઈ ગયા પછી ડૉ. રમેશ પાસે ત્રણેક વિકલ્પો હાજર હતા. સરકારી નોકરી સ્વીકારી લેવી, આગળ ભણવું ને ઉચ્ચ ડિગ્રી મેળવવી અથવા કોઇ સારા વિસ્તારમાં ક્લિનિક ખોલીને ધીકતી કમાણી શરૂ કરી દેવી.ડૉ. રમેશે ચોથો જ વિકલ્પ પસંદ કર્યો. પોતાના જ વિસ્તારમાં દવાખાનું શરૂ કર્યું.

આજે આ વાતને વર્ષો થઈ ગયાં. દર્દીઓનાં ટોળાં ઊમટે છે, જો કે રૂપિયા ઓછા મળે છે. કારણ ? વસ્તી ગરીબ છે ને એટલે. એમાં પણ એની પોતાની શેરીના દર્દીઓ પાસેથી એ એકપણ પૈસો લેતો નથી. જે લોકો એને ઉતારી પાડતા હતા એમની સારવાર એ મફતમાં કરે છે. જો પૂછવામાં આવે તો એ કારણ જણાવે છે : 'એ બધાં અભણ છે અને અજજડ છે, હું તો ભણ્યો છું ને ? જો હું પણ એમના જેવો જ થાઉં તો એ લોકોમાં સારા થવાની સમજ ક્યાંથી આવશે ?

---

## ઓ...

અમે તો હતાં... બાળકો સાવ નાનાં,
તમે પાળી પોષી....કીધાં અમને મોટાં.
રૂડી રીત થી....રાખતા રાજી રાજી;
ભલા કેમ આભાર ભુલીએ પિતાજી.
સહુને સારી શિક્ષા.. શિખાવી સુધાર્યાં;
વળી આપી વિનય... વિવેક વધાર્યા.
ભલી ભાતના... હેત દીધાં ઘણા જી,
ભલા કેમ આભાર ભુલીએ પિતાજી.
હતાં બાળ અમે.. તો સાવ અજાણ્યા,

ઉરે આપના ગુણ... એકે ન આણ્યા;
હવે આ થયા અમે.. આજ જાણી,
ભલા કેમ આભાર ભુલીએ પિતાજી.
ઓ.. અમને દેખી...અત્યંત આનંદ લેતા;
મુખે માંગી વસ્તુ ય.. લાવી જ દેતા,
પૂરો પાડ તે જે.. ભૂલે બાળ પાજી,
ભલા કેમ આભાર ભુલીએ પિતાજી.
ભણાવી ગણાવી... કીધાં ભાગ્યશાળી;
તથા તુચ્છ જેવી... બૂરી ટેવ ટાળી;
જનો મધ્યે જેની... રહી કીર્તિ ગાજી,
ભલા કેમ આભાર ભુલીએ પિતાજી.
ભલા કેમ આભાર ભુલીએ પિતાજી.
ભલા કેમ આભાર ભુલીએ પિતાજી.
॥ જય શ્રી રઘુનાથ જી ॥
કવિવર શ્રી દલપતરામની કવિતા
ભલા કેમ આભાર ભુલુ પિતાજીનું પરથી રૂપાંતરિત
આભાર સહ...

---

ડૉ. (શ્રીમતી) શશી તિવારી, અધ્યક્ષ (નિવૃત્ત), સંસ્કૃત વિભાગ, આગ્રા કોલેજ, આગ્રા દ્વારા ગીતા ના તમામ ૧૮ અધ્યાયોના સારને માત્ર ૧૮ વાક્યોમાં સુંદર રીતે રજૂ કરવામાં આવ્યો છે?

એક લીટીમાં ગીતા – શું તમે આ બધાને આગળ મોકલી અને પ્રસારિત કરશો ? દરેકને વિનંતી છે કે, આને આગામી ૪ દિવસમાં શક્ય તેટલા વધુ લોકોને મોકલો. માત્ર પોતાના રાજ્યમાં જ નહીં, પરંતુ સમગ્ર ભારતમાં આ પહોંચવું જોઈએ?

એક લીટીમાં ગીતા

અધ્યાય ૧ – ખોટો વિચાર જ જીવનની એકમાત્ર સમસ્યા છે ?

અધ્યાય ૨ – સાચું જ્ઞાન આપણા તમામ પ્રશ્નોનું અંતિમ સમાધાન છે ?

અધ્યાય ૩ – નિઃસ્વાર્થતા જ પ્રગતિ અને સમૃદ્ધિનો એકમાત્ર માર્ગ છે ?

અધ્યાય ૪ – દરેક કર્મ પ્રાર્થના બની શકે છે ?

અધ્યાય ૫ – વ્યક્તિગત અહંકારનો ત્યાગ કરો અને અનંત આનંદનો અનુભવ કરો ?

અધ્યાય ૬ – દરરોજ ઉચ્ચ ચેતના સાથે જોડાઓ ?

અધ્યાય ૭ – જે શીખો છો તેને જીવનમાં ઉતારો ?

અધ્યાય ૮ – પોતાના પર ક્યારેય હાર ન માનો ?

અધ્યાય ૯ – તમને મળેલા આશીર્વાદોનું મૂલ્ય સમજો ?

અધ્યાય ૧૦ – પોતાના આસપાસ દૈવીત્વને જુઓ ?

અધ્યાય ૧૧ – સત્યને જેમ છે તેમ જોવા માટે પૂરતું શરણાગતિભાવ રાખો ?

અધ્યાય ૧૨ – પોતાના મનને પરમ શક્તિમાં લીન કરો ?

અધ્યાય ૧૩ – માયાથી અલિપ્ત રહો અને દૈવી શક્તિ સાથે એકરૂપ થાઓ ?

અધ્યાય ૧૪ – તમારી દૂરદર્શિતાને અનુરૂપ જીવનશૈલી જીવો ?

અધ્યાય ૧૫ – દૈવી શક્તિને પ્રથમ સ્થાન આપો ?

અધ્યાય ૧૬ – સારા બનવું એ જ પોતામાં એક પુરસ્કાર છે ?

અધ્યાય ૧૭ –સુખદ વસ્તુ કરતાં યોગ્ય વસ્તુની પસંદગી કરવી એ શક્તિનું લક્ષણ છે ?

અધ્યાય ૧૮ – બધું છોડો અને ઈશ્વર સાથેની એકતાની તરફ આગળ વધો?

(આ દરેક સિદ્ધાંત પર આત્મચિંતન કરો)

ૐ તત્સત્

નોંધ – હું તમને ફરી ફરી વિનંતી કરું છું કે, આને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડો અને ગીતા નું મહત્ત્વ સમજાવો ?

---

## ઘરનો એક કયો ખૂણો  જે તમને પાછો લાવે છે તમારી પાસે !

**– દેવલ શાસ્ત્રી**

ક્યારેય રાત્રે મોંઘા એસી બેડરૂમમાં વૈભવી ગાદલા પર પડખાં ફેરવતી વખતે અચાનક એવો વિચાર આવ્યો છે કે આખા ઘરમાં એટલા બધા ઓરડા, મોંઘા સોફા અને સ્પેસ હોવા છતાં, મનને ખરી નિરાંત કઈ જગ્યાએ મળે છે? આજે સવાલ એ છે કે તમારા ઘરનો એવો કયો ખૂણો છે જે તમને સૌથી વધુ ગમે છે અને કેમ?

આ બાબતે આર્કિટેક્ચર અને મનોવિજ્ઞાનના સંશોધનો મુજબ, હાર્વર્ડ યુનિવર્સિટીના અભ્યાસ અનુસાર, માણસ ગમે તેટલા મોટા બંગલા કે લક્ઝુરિયસ ફ્લેટમાં રહેતો હોય, પણ એનું મગજ હંમેશાં ઘરમાં એક અંગત આશ્રયસ્થાનને શોધે છે. ડેટા દર્શાવે છે કે જે લોકોના ઘરમાં એક સાદો, નાનકડો અને શાંત ખૂણો હોય છે, જ્યાં બહુ ફર્નિચર ન હોય, બસ એકાદ સાદી જૂની ખુરશી અને બારી હોય. તેમના શરીરમાં તણાવ પેદા કરતા હોર્મોનનું સ્તર નોંધપાત્ર રીતે ૨૨% જેટલું નીચું થઇ જાય છે!

બીજો એક બહુ રસપ્રદ અભ્યાસ 'જર્નલ ઓફ કન્ઝ્યુમર સાયકોલોજી'માં છપાયો હતો. આજના આ કાળા માથાના ડિજિટલ યુગમાં, માણસને સૌથી વધુ જરૂર એક 'એનાલોગ વેકેશન'ની છે. આજના 'વર્ક–ફ્રોમ–હોમ' કલ્ચરમાં ઓફિસ આપણા બેડરૂમ સુધી ઘૂસી ગઈ છે અને માણસ ૨૪ કલાક ઓનલાઈન રહેવાની માનસિક ગુલામી ભોગવી રહ્યો છે. એવા સમયે, ઘરમાં એક એવો ખૂણો જ્યાં સ્માર્ટફોન બાજુ પર મૂકીને, માત્ર ચાર્જરના પ્લગમાં ભરાવીને માણસ બે ઘડી શાંત બેસે, એ સ્વિચબોર્ડનો પ્લગ વાસ્તવમાં ફોનની સાથે માણસના મગજને પણ 'રિચાર્જ' કરે છે. રિસર્ચ કહે છે કે રોજ માત્ર ૧૫ મિનિટ આવા કોઈ પર્સનલ ખૂણામાં 'સ્ક્રીન–ફ્રી' વીતાવવાથી માણસની ઇમોશનલ સ્ટેબિલિટી ડબલ થઈ જાય છે.

ઘણાને આ ખૂણો એટલા માટે જિંદગીથી વધુ વહાલો છે, કારણ કે અહીં બેઠા પછી દુનિયાનો કોઈ નકલી મહોરો પહેરવો નથી પડતો, કોઈ રોલ અદા નથી કરવો પડતો. અહીં

તમે માત્ર 'હું' હોઉં છું!

ઘરના નકશામાં પણ આવા એકાદ સાદા ખૂણાનું સ્થાન સૌથી ઊંચું છે. એ ઘરને માત્ર ચાર દીવાલોની 'રહેવાની જગ્યા' નથી બનાવતું, પણ શ્વાસ લેતી 'જીવવાની જગ્યા' બનાવે છે.

બહારની દુનિયા ભલે ગમે તેટલી સુપરફાસ્ટ સ્પીડે દોડતી હોય, પણ આ નાનકડા આશ્રયસ્થાનમાં બેઠા પછી સમજાય છે કે તમારી ભીતર વસતી જે નાનકડી દુનિયા છે, એને દોડવાની નહિ પણ થોડી ક્ષણો માટે સાવ શાંત થઈ જવાની જરૂર છે.

તો દોસ્ત, વિચારો અને કહો... તમારા ઘરમાં પણ આવો કોઈ એક નાનકડો, ધૂળ ખાતો ખૂણો છે ખરો? હા, એ ખૂણો તમને કેમ ગમે છે એ પણ ચોક્કસ વિચારજો...

–દેવલ શાસ્ત્રી

---

## વાર્તા :

મીનાના લગ્નને હજુ આઠ વર્ષ થયા હતા ને એક માર્ગ અકસ્માતમાં એના પતિ રાજેશનું અવસાન થઈ ગયું. એના પગ નીચેથી જમીન સરકી ગઈ. પાછળ રહ્યાં બે નાનાં બાળકો, સાત વર્ષની દીકરી ટીના ને ચાર વર્ષનો દીકરો રવિ.

પતિના ગયાને હજુ થોડા જ દિવસ થયા હતા, ને સાસરિયાંએ રંગ બતાવવાનું શરૂ કરી દીધું. એક દિવસ એની જેઠાણીએ આંગણામાં, સગાંઓની વચ્ચે, મીનાનો સામાન બહાર ફેંકતાં કહ્યું, "તને અને તારા આ બે છોકરાંને હવે કોણ પાળશે? અમારે કંઈ મફતના પૈસા નથી આવતા. તું અત્યારે જ નીકળી જા."

ને મીના કંઈ બોલે એ પહેલાં જ, ઘરનો દરવાજો અંદરથી બંધ થઈ ગયો. એનાં બે બાળકોનાં નાનાં ચંપલ પણ બહાર ફેંકાયાં. જે ઘરમાં એ વહુ બનીને આવી હતી, એ ઘર એના માટે હંમેશ માટે પારકું થઈ ગયું.

પિયરમાં વૃદ્ધ પિતા સિવાય કોઈ નહોતું, જેમની પોતાની હાલત માંડ ચાલતી. મા તો એ બાર વર્ષની થઈ ત્યારે જ ગુજરી ગઈ હતી. ગામના લોકો બોલતા, "બિચારી! હવે આ બે છોકરાં સાથે એનું શું થશે?

એ "બિચારી" શબ્દ મીનાના કાળજે વાગ્યો. એ રાત્રે, જ્યારે એનાં બંને બાળકો ભૂખ્યાં સૂઈ ગયાં, ત્યારે મીના એમના માસૂમ ચહેરા સામે જોઈ રહી. એની આંખોમાં આંસુ હતાં, પણ સાથે એક આગ પણ.

એણે મનમાં નક્કી કર્યું, "હું બિચારી નથી. હું એક મા છું. ને મા પોતાનાં બાળકોને ભૂખે મરવા નહીં દે."

એ વખતે એને પિયરના ઘરના ખૂણામાં માની એક જૂની માટીની અથાણાંની બરણી પડેલી જોઈ. માના અથાણાં ને પાપડ બધાં સગાં–વહાલાંમાં વખણાતાં. એ બરણી ઉપર એક ડાયરી જેવું કંઈક હતું. એ ડાયરી જ હતી. એણે ધ્રૂજતા હાથે એના પરથી વર્ષોની ધૂળ ખંખેરી.

ને ડાયરીમાં, માના હાથે લખેલી અથાણાં, પાપડ અને બીજી અનેક વાનગીઓ બનાવવાની રીત હતી. ને, છેલ્લે માએ લખેલી થોડીક લીટીઓ હતી.

માના અક્ષર જોઈને જ મીનાની આંખો છલકાઈ ગઈ. એણે વાંચીને એ ડાયરી છાતીસરસી ચાંપી દીધી.

અત્યારે રડવાનો સમય નહોતો, બે પેટ ભરવાનાં હતાં.

બીજા દિવસથી મીનાએ માની એ ડાયરી પ્રમાણે અથાણાં ને પાપડ બનાવવાનું શરૂ કર્યું.

પહેલું કામ આડોશ-પાડોશથી આવ્યું. સામેના ઘરનાં લીલાબહેને એક વાટકી અથાણું ચાખ્યું, ને ખુશ થઈને થોડું ખરીદી લીધું. એમણે મીનાના હાથમાં પચ્ચીસ રૂપિયા મૂક્યા.

એ પચ્ચીસ રૂપિયા મીના માટે ફક્ત પૈસા નહોતા. એ એની પહેલી કમાણી હતી, એના સ્વમાનની પહેલી ઈંટ. એ રાત્રે વર્ષો પછી એનાં બાળકો પેટ ભરીને જમ્યાં.

ધીમે-ધીમે મીનાના અથાણાં ને પાપડની વાત ગામમાં ફેલાવા લાગી. કોઈ બરણી ભરાવતું, કોઈ પાપડ. દિવસ ઊગે ને આથમે, મીનાના હાથ ચાલતા રહેતા.

પણ એક એવી સાંજ આવી, જે મીનાને તોડી નાખવા આવી હતી.

એને એક મોટો ઓર્ડર મળ્યો હતો. ગામના એક મોટા શેઠના ઘેર લગ્ન હતાં, ને એમને વહેંચવા માટે સો પેકેટ પાપડ જોઈતા હતા, જે એક અઠવાડિયામાં તાજા આપવાના હતા. એ ઓર્ડર પૂરો થાય તો ઘરનું બે મહિનાનું અનાજ આવી જાય. મીના રોજ એકલા હાથે પાપડ વણતી રહી. વણતાં વણતાં એના હાથ ને કમર દુખવા લાગ્યાં, ચોથા દિવસે તો આંખો થાકથી ઘેરાવા લાગી. એક સાંજે શરીર ને મન બંને હારી ગયાં, ને એ ત્યાં જ બેસી પડી. "નથી થતું મારાથી. હું થાકી ગઈ છું," એ બે હાથમાં મોઢું ઢાંકીને ધ્રુસકે રડી પડી.

ને આ બધું, ખૂણામાં ઊભેલી એની સાત વર્ષની દીકરી ટીના ચૂપચાપ જોઈ રહી હતી. એ દોડીને માની પાસે ગઈ, ને પોતાના નાના હાથે વણેલા પાપડ સૂકવવા ગોઠવવા લાગી.

એ નાનકડા હાથ જોઈને મીનાની અંદર કંઈક હલી ગયું. એને માની એ ડાયરીના છેલ્લા પાનાની વાત યાદ આવી.

માએ લખ્યું હતું:

"અથાણું બનવા માટે કેરીને કપાવું પડે છે, મીઠામાં રગદોળાવું પડે છે, ને કેટલાય દિવસ તડકામાં તપવું પડે છે. પણ પછી એ જ કેરીનું એવું અથાણું બને છે, જે વર્ષો સુધી બગડતું નથી, ને લોકો પ્રેમથી ખાય છે. જિંદગીનું પણ આવું જ કંઈક છેપ"

એ યાદ કરીને મીનાનાં આંસુ લૂછાઈ ગયાં. એણે હાથનો દુખાવો ભૂલીને ફરી પાપડ વણવા માંડ્યા, ને બધા પાપડ સમયસર તૈયાર કરી દીધા.

એ સાંજ મીનાને તોડવા આવી હતી, પણ એ સાંજે મીના વધારે મજબૂત થઈને ઊભી થઈ.

એ ઓર્ડર પછી મીનાનું નામ ધીમે-ધીમે ફેલાવા લાગ્યું. કામ એટલું વધ્યું કે એકલા હાથે પૂરું થાય એમ નહોતું. એક દિવસ એના બારણે એક સ્ત્રી આવી, કમળા, એને પણ એના ઘરવાળાએ છોડી દીધી હતી. મીનાએ એને કામ આપ્યું.

એક હાથમાંથી બે હાથ થયા. બેમાંથી દસ.

દસ વર્ષ વીત્યાં.

આજે મીના એક નાનકડા ગૃહઉદ્યોગની માલિક છે, જ્યાં પચાસથી વધારે સ્ત્રીઓ પાપડ ને અથાણાં બનાવે છે, જેમાંની મોટાભાગની એના જેવી જ વિધવાઓ ને ત્યજાયેલી સ્ત્રીઓ છે, જેમને દુનિયાએ "બિચારી" કહીને છોડી દીધી હતી. મીનાના અથાણાં આજે શહેરની દુકાનોમાં વેચાય છે.

એણે બંને બાળકોને ભણાવ્યાં. ટીના આજે ડોક્ટર છે, ને દીકરો રવિ એન્જિનિયર.

જે સ્ત્રીને દુનિયાએ "બિચારી" કહી હતી, એ આજે સેંકડો સ્ત્રીઓનો સહારો બની હતી. કારણ કે જે માણસ તૂટીને પણ ઊભો થાય છે, એનું દિલ બદલો લેવાનું નહીં, બીજાને સાચવવાનું શીખી જાય છે.

સ્ત્રી ભલે કોમળ હોય, પણ નબળી નથી હોતી. પરિસ્થિતિ તમને કાપી શકે છે, તમારા ઘા પર મીઠું ભભરાવી શકે છે, તડકામાં તપાવી શકે છે, પણ તમે બગડશો કે અથાણાની જેમ વધારે મજબૂત ને કીમતી બનશો, એ નિર્ણય ફક્ત તમારો હોય છે.

–ધારક

---

## ખાનદાનીનું ખાતું

વાત આજથી ત્રીસ–ચાલીસ વર્ષ પહેલાંની છે. સોરઠના એક નાના એવા ગામડામાં બે જીવજાન મિત્રો રહેતા હતા – વાલાભાઈ અને માધાભાઈ. વાલાભાઈ એટલે ખેતીવાડી કરનારો ભોળો માણસ અને માધાભાઈ બજારમાં નાનો–મોટો વેપાર કરે. બંને વચ્ચે દોસ્તી એવી કે એકનો શ્વાસ અને બીજાનો પ્રાણ! ગામ આખુંય એમના હેતના ઉદાહરણ દેતું.

એ જમાનામાં માધાભાઈ પર અચાનક આફત આવી. વેપારમાં એવું મોટું નુકસાન ગયું કે આખી બજારમાં આબરૂ જવાની નોબત આવી ગઈ. લેણદારો ઘર આગળ આવીને ઊભા રહી ગયા. એ સમયે માધાભાઈ ક્યાંય આશરો ન મળતા રાત્રે વાલાભાઈની ઓસરીએ આવ્યા. એમની આંખોમાં આંસુ હતા. વાલાભાઈએ પૂછ્યું, "કેમ માધા, શું થયું ભાઈ ?"

માધાભાઈએ ધ્રૂજતા અવાજે કીધું, "વાલા, જો કાલ સવાર સુધીમાં પચાસ હજાર રૂપિયાની વ્યવસ્થા ન થાય ને, તો મારે ગળે ફાંસો ખાધા વગર છૂટકો નથી. બજારમાં મારી આબરૂ રોળાઈ જશે." એ જમાનામાં પચાસ હજાર એટલે બહુ મોટી રકમ કહેવાતી. વાલાભાઈ પાસે રોકડા નહોતા, પણ એમણે સહેજ પણ વિચાર કર્યા વગર પોતાની કિંમતી જમીનનો એક કટકો એ જ રાત્રે ગીરો મૂકી દીધો અને સવારે રૂપિયા લાવ્યા. જ્યારે એ રૂપિયા માધાભાઈના હાથમાં મૂક્યા અને માધાભાઈ કાગળિયાં લખાવવાની વાત કરવા ગયા, ત્યારે વાલાભાઈએ એનો હાથ પકડી લીધો : "અરે માધા ! કાગળ પર તો સહી એને કરવી પડે જેને પોતાના ભાઈબંધ પર ભરોસો ન હોય. આપણું તો મોઢાનું વેણ જ આપણો પાકો દસ્તાવેજ છે ભાઈ !"

સમયનું ચક્ર ફર્યું. વર્ષો વીતતાં ગયાં અને જમાનો સાવ બદલાઈ ગયો. માધાભાઈ એ પચાસ હજાર રૂપિયાથી ફરી બેઠા થયા, શહેરમાં ગયા અને મોટો વેપાર જમાવી દીધો. બીજી તરફ, વાલાભાઈ ગામડે જ રહ્યા. ઉંમર થવાના કારણે એમનું શરીર ગળવા લાગ્યું અને આર્થિક સ્થિતિ પણ સાવ સામાન્ય થઈ ગઈ. બંને મિત્રો ગઢપણના આરે પહોંચ્યા.

માધાભાઈના દીકરાઓ હવે બહુ ભણી–ગણીને આધુનિક બિઝનેસમેન બની ગયા હતા. એમના માટે 'મોઢાના વેણ'ની કોઈ કિંમત નહોતી, એ તો દરેક વસ્તુ કાનૂની કાગળ પર જ માપતા. એક દિવસ માધાભાઈ ખાટલામાં સૂતા હતા અને એમની તબિયત બહુ બગડી. એમણે પોતાના દીકરાઓને પોતાની પાસે બોલાવ્યા અને ધ્રૂજતા હાથે એક જૂની ડાયરી આપી.

માધાભાઈએ કીધું, "બેટા, આ ડાયરીમાં આપણી જિંદગીનું સૌથી મોટું કરજ લખેલું છે. વર્ષો પહેલાં જ્યારે હું સાવ રોડ પર આવી ગયો હતો, ત્યારે ગામડે રહેતા વાલાએ મને કોઈ પણ કાગળ વગર પચાસ હજાર રૂપિયા આપ્યા હતા. એના લીધે જ આજે આપણે આ બંગલામાં બેઠા છીએ. આજે હું ગઢપણના ખાટલે છું, પણ મારે મારું ઈમાન હારે લઈને નથી મરવું. વ્યાજ સાથે ગણીને અત્યારના સમય પ્રમાણે એને પાંચ લાખ રૂપિયા રોકડા ચૂકવી આવો."

દીકરાઓ આ સાંભળીને ચોંકી ગયા. મોટો દીકરો બોલ્યો, "બાપા, તમારી પાસે કોઈ પ્રૂફ છે? કોઈ કાગળિયાં કે પ્રોમિસરી નોટ છે ? એ વાલાભાઈએ તો ક્યારેય આપણી પાસે રૂપિયા માગ્યા પણ નથી ! અને કાગળ વગર તો અત્યારના જમાનામાં રૂપિયોય ન અપાય!"

પણ માધાભાઈની આંખમાં ખાનદાનીનું પાણી હતું, એમણે કીધું, "બેટા, દુનિયાના કાયદા કાગળ પર ચાલતા હશે, પણ આપણી ખાનદાનીનું ખાતું માત્ર ભરોસા પર ચાલે છે. જો તમે એ રૂપિયા નહીં ચૂકવો ને, તો મારી આત્માને ક્યારેય શાંતિ નહીં મળે." બાપની આ જીદ આગળ દીકરાઓ ઝૂક્યા. એ લોકો પાંચ લાખ રૂપિયા રોકડા લઈને ગાડીમાં ગામડે વાલાભાઈના ખોરડે પહોંચ્યા.

વાલાભાઈ અત્યારે સાવ વૃદ્ધ થઈ ગયા હતા, ઓસરીના ખાટલા પર બેઠા–બેઠા માળા ફેરવતા હતા. માધાભાઈના દીકરાઓએ આવીને પગે લાગીને કીધું, "વાલા દાદા, અમે માધાભાઈના દીકરા છીએ. બાપાએ આ રૂપિયા મોકલ્યા છે. વર્ષો પહેલાં તમે જે પચાસ હજાર આપ્યા હતા, એનું વ્યાજ ગણીને બાપાએ આ પાંચ લાખ રૂપિયા મોકલ્યા છે, અને કીધું છે કે એમનું કરજ પૂરું થયું."

વાલાભાઈએ એ નોટોના બંડલ સામે જોયું. એમની આંખોમાં પાણી આવી ગયું, પણ એ પૈસા જોઈને નહીં, પોતાના ભાઈ જેવા મિત્રની વફાદારી જોઈને ! વાલાભાઈ હળવેકથી હસ્યા અને દીકરાઓને કીધું : "બેટા, તમારા બાપાને જઈને કહેજો કે વાલાના ચોપડે ક્યારેય કરજ લખાયુ જ નથી! મેં રૂપિયા કોઈ વેપારીને નહોતા આપ્યા, મેં તો મારા ભાઈ માધાના શ્વાસ સાચવવા રૂપિયા આપ્યા હતા. આ પૈસા પાછા લઈને હું મારા ભાઈના વેણની કિંમત ઓછી નહીં કરું. આ પૈસા પાછા લઈ જાવ અને માધાને કહેજો કે તું મારો ભાઈ છો, દેણદાર નથી !"

દીકરાઓ સ્તબ્ધ થઈ ગયા ! જે જમાનામાં ભાઈ–ભાઈના પૈસા પચાવી પાડવા કોર્ટના ચક્કર કાપે છે, એ જમાનામાં એક અજાણ્યો વૃદ્ધ માણસ સામેથી મળતા પાંચ લાખ રૂપિયા ઠુકરાવી રહ્યો હતો, માત્ર એટલા માટે કે એમના વચનની પવિત્રતા જળવાઈ રહે ! દીકરાઓની બધી ભણતર અને મોર્ડન બિઝનેસની બુદ્ધિ આ ગામડાના વડીલની અમીરાત સામે સાવ નાની સાબિત થઈ ગઈ.

દીકરાઓ જ્યારે શહેરમાં પાછા આવ્યા અને માધાભાઈને આખી વાત કીધી, ત્યારે માધાભાઈ ખાટલામાંથી બેઠા થઈ ગયા. એમની આંખોમાંથી દડ-દડ આંસુ વહેવા લાગ્યા. એમણે હાથ જોડીને આકાશ સામે જોયું અને બોલ્યા: "ધન્ય છે સોરઠની માટી અને ધન્ય છે મારા ભાઈની ખાનદાની! જે ધરતી પર લીધેલું કરજ ચૂકવવા માટે માણસ આખી જિંદગી ટૂંકી પડે, પણ દેનાર માણસ એક જ વેણમાં આખું કરજ માફ કરી દે—એવી ઉદારતા તો માત્ર આ સોરઠના ખોરડે જ જડે સાહેબ!"

અંતરધ્વનિ:

"સંબંધોની અસલી કિંમત ક્યારેય કાગળની નોટોથી કે કોર્ટના દસ્તાવેજોથી નથી થતી સાહેબ. જમાનો ગમે તેટલો બદલાઈ જાય, પણ માણસના 'વેણ'ની જે કિંમત છે ને, એ જ આપણી સાચી મૂડી છે. ખાનદાનીનું ખાતું હમેશાં કાગળ વગર પણ પાકું જ હોય છે."

રોહિત વ્યાસ "ઘેડિયો"

---

# ડોક્ટરની ડાયરી

– ડોક્ટર શરદ ઠાકર

રાત્રિનો દોઢ વાગ્યો હતો. ડો. રાવલ રેલવે સ્ટેશનની બહાર નીકળ્યા. આટલી મોડી રાતે રિક્ષા મળશે કે કેમ એ વાતની ચિંતા એમના સામાન કરતાંયે વધારે વજનદાર હતી. આ માટેનાં કારણો એક કરતાં વધુ સંખ્યામાં હતાં, પણ એ બધાં યાદ કરવાનો અત્યારે સમય ન હતો. સમય હતો આશાવાદી બનવાનો અને જેમ બને તેમ જલદીથી રિક્ષાવાસી બનવાનો. એમણે ચહેરા પર મફલર વીંટાળ્યું અને એ બહાર નીકળ્યા.

બહાર આવીને જોયું તો એક જ રિક્ષા પડેલી હતી. ડ્રાઇવર ઊંઘતો હતો, એને પકડીને હલબલાવ્યો. પેલો આંખો ચોળતો ઊભો થયો. ડોકટરે પૂછ્યું, 'આના હૈ?' 'નહીં આના હૈ.' રિક્ષાવાળાનો જવાબ કાન કરતાં મગજમાં વાગે તેવો હતો.

'અરે ભાઇ, કમસે કમ ઇતના તો પૂછો કિ મુઝે કહાં જાના હૈ !'

'કહીં ભી જાના હો, મુઝે નહીં આના હૈ. દો દિનસે સોયા નહીં હૂં. જાઇએ, કોઇ દૂસરી રિક્ષા ઢૂંઢ લીજિયે.'

'મગર દૂસરી રિક્ષા ક્યું ઢૂંઢૂં ? યે પહલીમેં ક્યા ખરાબી હૈ ?'

રિક્ષાવાળાને લાગ્યું કે આ ઘરાક ઝટ છાલ નહીં છોડે. 'બાબુજી, એક તો ઇતની સર્દી હૈ. રાત કે દો બજનેવાલે હૈ. ઉપર સે પૂરા શહર કૌમી દંગોમેં ફંસ ચૂકા હૈ. ઐસેમેં આપ કે સાથ કૌન જાયેગા ?'

ડો. રાવલ સમજી ગયા. એ હવે ગુજરાતીમાં ઊતરી ગયા, 'ભાઇ, તારા ન આવવાનાં જે કારણો છે એ જ કારણો તને આગ્રહ કરવાનાં છે. આટલી મોડી રાતે, આટલી ઠંડીમાં, આ રમખાણભરી હાલતમાં હું ચાલતો-ચાલતો કેવી રીતે ઘરે જઇશ? તું પૈસાની ફિકર ન કરીશ. કાયદા પ્રમાણે પણ હું રાતના અગિયાર પછી દોઢું ભાડું આપવા માટે બંધાયેલો છું.'

'સા'બ, પૈસેકી તો બાત હી છોડીયે. દેઢ ગૂના રિક્ષાભાડા તો કૌન લેગા ઇસ વક્ત?' ડ્રાઇવરે બગાસું ખાધું. સંકેત સ્પષ્ટ હતો: હવે ચાલતી પકડો! સમય બગાડયા વગર કૂચકદમ

શરૂ કરો. પણ ડો. રાવલ મક્કમ હતા. એમને ખબર હતી કે દરેક માણસની એક કિંમત હોય છે. પૈસાનું આકર્ષણ લોહચુંબકના ખેંચાણ કરતાં પણ વધારે તીવ્ર હોય છે. એમણે છેલ્લો પાસો ફેંકી દીધો, 'તારે જેટલા રૂપિયા લેવા હોય એટલા લે જે, બસ ? હું મીટર પ્રમાણે ભાડું આપવાનો આગ્રહ નહીં રાખું.' 'મીટર કે હિસાબ સે જીતના કિરાયા હોગા ઉસ સે દસ ગુના જયાદા માગુંપ તો ભી આપ દે દેંગે ?' રિક્ષાવાળો વિચારમાં પડી ગયો.

'હા, આપી દઇશ.' આટલું કહીને ડો. રાવલ તો રિક્ષામાં ઘૂસી પણ ગયા. સામાનમાં એક હેન્ડબેગ હતી, એ એમણે સીટના ખાલી હિસ્સામાં ગોઠવી દીધું, 'ઉપાડ હવે રિક્ષા. પંદર મિનિટનું તો કામ છે.' ડ્રાઇવરે હેન્ડલ ખેંચ્યું. રિક્ષા ચાલુ કરી. ઝાડની નીચેના કાળા ડિબાંગ અંધકારમાંથી એ પ્રકાશમય માર્ગ પર રિક્ષાને દોડાવવા લાગ્યો.

શહેર ઉપર દહેશતનો ઓછાયો પથરાયેલો હતો. માર્ગ ઉપર તૂટેલી ઇંટો, ફૂટેલા કાચ, લૂંટાયેલી દુકાનો અને બળતી ઝૂંપડીઓનાં દ્રશ્યો ભેંકાર ભાસતાં હતાં. હવામાં ધુમાડાની અને અશ્રુવાયુની મિશ્ર તીવ્ર દુર્ગંધ ફેલાયેલી હતી. રસ્તાની બંને બાજુએ પોલીસ અને બી.એસ.એફ.ના જવાનો પહેરો ભરતા ઊભા હતા.

આવા સૂનકારભર્યા માર્ગોપરથી પૂરપાટ વેગે રિક્ષા દોડાવતાં બે મજબૂર આત્માઓ પસાર થઇ રહ્યા હતા. સામાન્ય સંજોગોમાં અમદાવાદનો રિક્ષાવાળો શોર્ટકટ શોધતો હોય છે. મુખ્ય માર્ગને બદલે નાની-નાની ગલીકૂંચીમાંથી રિક્ષાને લઇ જવાનું એને ગમતું હોય છે. પણ અત્યારના સંજોગો જુદા હતા. મુખ્ય માર્ગોજ સલામત હતા. આખરે ઓટોરિક્ષા ડૉ. રાવલના વિસ્તારમાં પ્રવેશી. ડોક્ટર સાહેબ દિશાસૂચન કરતા ગયા, 'આ તરફ્ફ હવે ડાબા હાથે લઇ લેપ અહીંથી જમણી તરફ બસ, આ સફેદ રંગના ફ્લેટ્સ પાસે રિક્ષા ઊભી રાખી દે !'

'આપ ઇધર રહતે હૈ ?' રિક્ષાવાળો ફ્લેટ્સનું નામ વાંચીને ગૂંચવાયો. 'હા, ભાઇ ! મારું રહેઠાણ આવી ગયું. તારો ખૂબ-ખૂબ આભાર. બોલ, કેટલા રૂપિયા આપવાના થાય છે મારે ?' ડો. રાવલે પેન્ટના ખિસ્સામાંથી પાકીટ કાઢયું. એમનો અંદાજ બસો રૂપિયા જેવો થતો હતો, પણ આ તો રિક્ષાવાળો કહેવાય. એ પણ પાછો અમદાવાદનો. ઘરાકની ગરજ જોઇને પાંચસો પડાવી લેતાં વિચાર ન કરે.

'દાગતર સા'બ ! આપને મુઝે પહેચાના નહીં. મૈં ભી આપકો પહેચાન નહીં સકા. બહોત સાલ બીત ગયે ના ! ઇસલિયે પહેચાન નહીં પાયા. યે ફ્લેટ દેખા તો યાદ આ ગયા. આપકો કુછ યાદ આયા, સા'બ ? મેરા નામ રામશરણ યાદવ. મેરી ઘરવાલી કા નામ સાવિત્રી. આજ સે પાંચ સાલ પહલે ઐસી હી એક રાતકો મૈં ઉસે લેકર દવાખાનમેં આયા થાપ'

'યાદ આવી ગયું. ડો. રાવલને બધું જ યાદ આવી ગયું. એ પણ આવી જ એક મનહૂસ રાત હતી. આવું જ કોમી રમખાણ હતું. ડોક્ટર રાવલ દિવસભરના થાક પછીની ઘોર નિદ્રા માણી રહ્યા હતા, ત્યાં એમના નર્સિંગ હોમમાંથી ફોન આવ્યો.

'સર, એક ગરીબ માણસ આવ્યો છે. એની પત્નીને લઇને. પેશન્ટની શારીરિક હાલત બહુ સારી નથી જણાતી. શું કરું ?' નર્સ પૂછી રહી હતી.

'એને મ્યુનિસપિલ હોસ્પિટલમાં મોકલી આપ. આવા તોફાની વાતાવરણમાં આટલી મોડી રાતે દવાખાને પહોંચવામાં મને તકલીફ પડશે અને દર્દીની હાલત જો એટલી બધી ગંભીર હોય

તો એના માટે ખાનગી કરતાં જનરલ હોસ્પિટલ વધારે યોગ્ય રહેશે.' ડો. રાવલે ફોન મૂકી દીધો. દસ મિનિટ માંડ પસાર થઇ, કપાયેલી ઊંઘનું અનુસંધાન ફરી પાછું જોડાય તે પહેલાં ફરીથી ફોનની ઘંટડી રણકી ઊઠી. નર્સિંગ હોમમાંથી જ ફોન હતો. નર્સ કહી રહી હતી, 'સર, દર્દીનો પતિ ભાંગી પડયો છે. માંડ-માંડ એની ઘરવાળીને લઇને એ આપણા નર્સિંગ હોમ સુધી આવી શકયો છે. એની પાસે તો પૈસા પણ નથી.

આ વાત તારે મને પહેલાં કહી દેવાની હતી. તેં મને એ તો જણાવ્યું કે પેશન્ટની શારીરિક હાલત ગંભીર છે, પણ એની આર્થિક હાલત પણ ગંભીર છે એ મને ન કહ્યું ! હું આવું છું.

ટેક ધી પેશન્ટ ઓન એકઝામિનેશન ટેબલ. રાત્રે બે વાગ્યે ડૉકટરે દર્દીની તપાસ કરી. પછી નિદાન કર્યું, 'ઝેરી મેલેરિયા થયો છે. પી.ફાલ્સિપેરમ. દર્દી ભાગ્યે જ બચે તેમ છે. પતિ રડી રહ્યો, 'કુછ ભી કિજીયે, દાગતર સા'બ! મગર સાવિત્રીકો બચા લિજીયે. મેરે તીન છોટે-છોટે બચ્ચે હૈં.

આ એનું પહેલી વારનું રડવાનું હતું.

એણે ખુદે કહ્યું, 'જિંદગી મેં મૈં કભી રોયા નહીં, સા'બ ! આજ પહલી બાર મૈં ટૂટ ગયા હૂં.'

ડૉ. રાવલે સાવિત્રીનો કેસ હાથમાં લીધો. એને વોર્ડમાં દાખલ કરી દીધી. તાત્કાલિક ગ્લુકોઝના બાટલા અને કિવનાઇનનાં ઇન્જેકશનો ચાલુ કરી દીધાં. બીજાં નાનાં-મોટાં ઇન્જેકશનો તો ખરાં જ. ઝેરી મેલેરિયા દર્દીના બચાવ માટે બહુ ઓછો સમય આપે છે. પહેલા ચોવીસ કલાક કટોકટીના ગણાય છે. માટે સાવિત્રીની સંભાળ નર્સના ભરોસે છોડી દેવાને બદલે ડો. રાવલ જાતે એના ખાટલા પાસે બેસી રહ્યા. ધીમે-ધીમે સાવિત્રીની સ્થિતિ સુધરતી ગઇ.

બોંતેર કલાક પછી તાવ ગયો. અશકિત હજુ પણ જેમની તેમ હતી. એને સંપૂર્ણપણે સાજા થતાં સાત દિવસ લાગી ગયા. અત્યાર સુધીની સારવારમાં સાવિત્રીના પતિએ એક કાણો પૈસો પણ ખર્ચ્યો ન હતો. બાટલા, નળીઓ, ઇન્જેકશનો તથા ખાટલાનો ચાર્જ બધું જ બાકી હતું. આઠમા દિવસે બિલ ચૂકવવાનો સમય નજીક આવ્યો, ત્યારે સાવિત્રીનો પતિ ડરતો, ધ્રૂજતો ડૉ. રાવલની સામે જઇ ઊભો, 'સા'બ, કિતને રૂપયે દેને કે હૈ?'

'આમ તો બિલ ઘણું મોટું થાય છે, પણ તું નવ હજાર રૂપિયા આપીશ તો પણ હું ચલાવી લઇશ.' 'સા'બ, મેરે પાસ તો સર્ફિ નૌ રૂપયે હૈ.' 'રહેવા દે, ભાઇ! નવ રૂપિયાથી મારુ કશુંય નહીં વળે, તારી તો એ કુલ મૂડી છે. લે, આ બસો રૂપિયા હું તને આપું છું. લઇ લે! એનાં દૂધ અને ફળો માટે કામમાં આવશે.' ડૉ. રાવલે ખરેખર બસો રૂપિયા કાઢીને એ ગરીબ માણસના હાથમાં મૂકી દીધા. એ માણસ રડી પડયો

આ એનું બીજી વારનું રડવાનું થતું હતું. સાવિત્રીને લઇને 'સત્યવાન' ગયો. જતાં પહેલાં બંને જણાં ડૉકટરના ફલેટ પર જઇને પગે લાગી આવ્યાં. આજે પાંચ વર્ષ પછી ફરીથી એનો અને ડૉ. રાવલનો ભેટો થયો.

ડો. રાવલે ખિસ્સામાંથા પાકીટ કાઢયું, પૂછ્યું, 'બોલ, ભાઇ ! કેટલા આપું ?'

'કુછ ભી નહીં, સા'બ ! કુછ ભી નહીં. આપને તો મેરી સાવિત્રી મુઝે વાપસ, દિલવાઇ હૈ.

મેરી પત્ની કી જિંદગી બચાઇ હૈ. આપસે મેં પૈસે નહીં લે સકતાપ' અને રામશરણ રડી પડયો. આ એનું ત્રીજી વારનું રુદન હતું.

## ડૉક્ટરની ડાયરી

**– લેખકઃ ડૉ. શરદ ઠાકર**

ત્રણ ભાઈઓમાંથી સહુથી મોટા કંદર્પભાઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતા. રોજ ઓફિસેથી છૂટીને ઘરે આવીને પત્નીને પહેલો પ્રશ્ન આ પૂછે, 'ગૌરવ ક્યાં છે ? સ્કૂલમાંથી આવી ગયો ? એના રૂમમાં છે ? પરીક્ષાની તૈયારી કરે છે ?' પત્ની કામિની વાતનો વિષય બદલવાની કોશિશ કરે, 'તમે બેસો, પાણી પીઓ, હું ચા બનાવીને લાવું.' કંદર્પ એનો હાથ પકડીને કહે, 'ચા પછી મૂકજે, પહેલાં એ કહે કે ગૌરવ શું કરે છે ?'

ના છૂટકે કામિની જવાબ આપે, 'એ તો શાળાએથી છૂટીને સીધો ફિલ્મ જોવા ઉપડી ગયો છે. એના ફ્રેન્ડઝ સાથે પ્રોગ્રામ ઘડી જ રાખ્યો હતો. સવારે તમે ઘરેથી ઓફિસે જવા માટે નીકળ્યા એ પછી એણે મને વાત કરી.'

વચલો ભાઈ ખંજન સિવિલ એન્જિનિયર હતો. એ કન્સ્ટ્રક્શનની સાઈટ પરથી છૂટીને થાક્યો-પાક્યો ઘરે આવે ત્યારે પહેલી પૂછપરછ નાના ભાઈ ગૌરવ વિશે જ કરે. એની પત્ની ખુમારી પણ સાચું બોલવાનું ટાળે. પતિ જીદ કરે એટલે કહી દેવું પડે, 'ગૌરવ એના મિત્રો સાથે ક્રિકેટ રમવા ગયો છે.' બંને ભાઈઓ ગૌરવ પર ગુસ્સે થઈ જાય, પણ જ્યારે ગૌરવ ઘરે આવે ત્યારે એને ન તો ખખડાવી શકે, ન એને ધોલધપાટ કરી શકે.

કારણ એક જ કે ત્રણેય ભાઈઓના પિતા એકાદ વર્ષ પહેલાં જ મૃત્યુ પામ્યા હતા. મરણપથારી પર પિતાના છેલ્લા શબ્દો આ હતા : 'કંદર્પ ! ખંજન ! મેં તમને બંનેને તો ભણાવી-ગણાવીને 'સેટલ' કરી દીધા છે. પરણાવી પણ દીધા, પણ ગૌરવનું કામ અધૂરું રહી ગયું. એની જવાબદારી તમને બેયને સોંપતો જાઉં છું. મારું સપનું હતું કે ગૌરવને ડોક્ટર બનાવવો. હું તો હવે ચાલ્યો. તમે બંને એનું.'

બંને ભાઈઓએ આપેલા વચનને લઈને અને પોતાના અંતિમ શ્વાસને છોડીને પિતા ચાલ્યા ગયા. છ એક મહિના સુધી તો શોકસંતપ્ત પરિવારમાં શાંતિ રહી, પણ પછી ધીમે ધીમે ઘરમાં અશાંતિ અને અજંપાનાં આંદોલનો પ્રસરવા લાગ્યાં. બંને ભાઈઓ અને ભાભીઓની નજરમાં એ વાત આવી કે નાનો ભાઈ ગૌરવ ભણવામાં ધ્યાન આપતો ન હતો. મિત્રોની સાથે રખડવું, ફિલ્મો જોવી, ક્રિકેટ રમવું, બહાર ચા-નાસ્તા કરવા આ બધું એનો શોખ બની ગયું હતું.

આ બધાંની પાછળ ગૌરવનો સમય અને ઘરના પૈસા બંને વેડફાઈ રહ્યા હતા. કંદર્પ અને ખંજન લાચાર હતા. પિતાની ગેરહાજરીમાં નાના ભાઈને મારવાનું તો વિચારી શકાય જ નહીં. મા તો વર્ષો પહેલાં મૃત્યુ પામી હતી. ભાભીઓ પણ લાડકા દિયરને છાવરતી હતી. એની પાછળનું મુખ્ય કારણ સમાજનો ડર હતો. સબસે બડા રોગ, ક્યા કહેંગે લોગ ? પડોશીઓ વાત ફેલાવે કે મા-બાપ વગરના ગૌરવને એના મોટાભાઈઓ માર મારે છે. ગૌરવ બુદ્ધિશાળી હતો, પણ મહેનત કરવામાં એ ભારે આળસુ. ભણવા સિવાયની બધી વાતોમાં એને રસ પડે.

પરિણામ એ આવ્યું કે પિતાની હયાતીમાં જે ગૌરવ નેવું ટકા માર્ક્સ લાવતો હતો એ હવે

અઠ્ઠાવન ટકા સુધી નીચે ઉતરી ગયો હતો. બંને ભાઈઓને લાગ્યું કે હવે ગૌરવને સમજાવવાનો સમય પાકી ગયો છે. એમણે ગૌરવને પાસે બેસાડીને દોઢ કલાક સુધી સમજાવ્યો જેનો સાર આવો હતો, 'ગૌરવ, પપ્પાનું સપનું હતું કે તું ડોક્ટર બને. તારામાં બુદ્ધિ છે, તું ધારે તો મહેનત કરી શકે છે, શાળામાં પ્રથમ નંબર લઈ આવી શકે છે.

તારા મિત્રોની સોબતમાં અવળા રસ્તે ચડીને તું પપ્પાનું સપનું અને તારું ભવિષ્ય બરબાદ કરી રહ્યો છે. મહેરબાની કરીને તું સુધરી જા.' ગૌરવ ન જ માન્યો. કદાચ એ પણ સમજી ગયો હતો કે ઘરમાં કોઈ એને ઠપકો આપવાનું નથી, ધોલધપાટ કરવાનો તો પ્રશ્ન જ ઊઠતો નથી, ભાભીઓ એને ભૂખ્યો રહેવા દેવાની નથી, એના પોકેટમની પર કાતર ફરવાની નથી. જો એ ડોક્ટર નહીં બને તો પણ શો ફરક પડવાનો છે? બંને મોટાભાઈઓ ખૂબ સારું કમાય છે. એ લોકો નાના ભાઈને 'સેટલ' કરી જ દેવાના છે. કંદર્પ અને ખંજન ગહન ચિંતામાં સરી પડ્યા.

એમની નજર સામે નાના ભાઈની કારકિર્દી ખતમ થવા તરફ જઈ રહી હતી અને તેઓ કશું જ કરી શકતા ન હતા. લોકો તો પછી વાત કરવાનાં જ કે બાપના મર્યા પછી બે મોટાભાઈઓએ નાના ભાઈ તરફ ધ્યાન ન આપ્યું એટલે જ ગૌરવ ભણ્યો નહીં, બાકી બાપ જીવતા હતા ત્યાં સુધી એ કેટલા બધા માર્ક્સ લઈ આવતો હતો ! પૂરા એક મહિના પછી ફર્સ્ટ ટેસ્ટનું રિઝલ્ટ જાહેર થયું. ગૌરવ આડત્રીસ ટકે પાસ થયો. હવે પરિવારના સભ્યોની ધીરજની હદ આવી ગઈ. ખંજને એક રસ્તો વિચાર્યો, મોટાભાઈ કંદર્પને જણાવ્યો. કંદર્પ પહેલાં તો ચોંકી ગયો, પછી એ તૈયાર થઈ ગયો.

બીજા દિવસે બંને ભાઈઓ શહેરના જાણીતા વકીલ આર. કે. શાહની ઓફિસમાં જઈ પહોંચ્યા. પિતાના અવસાનથી લઈને ગૌરવના છેલ્લા રિઝલ્ટ સુધીની વિગતવાર ચર્ચા કરી. વકીલે પૂછ્યું, 'આમાં હું શું કરી શકું ? મારા કહેવાથી ગૌરવ થોડો સુધરી જવાનો છે ?' 'ના, અમે એ માટે તમારી પાસે નથી આવ્યા. અમે તો તમારી પાસે સ્ટેમ્પ પેપર ઉર એક ખાસ પ્રકારની એફિડેવિટ કરાવવા માટે આવ્યા છીએ. અમે કંદર્પે રજૂઆત કરી. વકીલ નવાઈ પામી ગયા. હસી પડ્યા. પછી તૈયાર થઈ ગયા.

સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરવામાં આવ્યું : 'અમે કંદર્પ નાથાભાઈ જાની અને ખંજન નાથાભાઈ જાની સોગંદનામા ઉપર જાહેર કરીએ છીએ કે અમારા સૌથી નાના ભાઈ ગૌરવ જાનીના ઉચ્ચ શિક્ષણ માટે અમે પૂરેપૂરો ખર્ચ કરવા તૈયાર છીએ, પણ ગૌરવને ભણવામાં રસ નથી. માતા–પિતાની ગેરહાજરીમાં અમે એના પ્રત્યે કડક થઈ શકતા નથી. જો એ પિતાજીનું સપનું સાકાર નહીં કરે તો અમે પાંચ વર્ષ પછી વડીલોપાર્જિત ચલ–અચલ સંપત્તિનો ત્રીજો ભાગ આપીને એને અલગ કરી દઈશું. એ પછી એના માટે અમારી કોઈ જવાબદારી રહેશે નહીં.' ભાષા વકીલની હતી, પણ લખાણનો ભાવ આવો હતો.

એફિડેવિટ તૈયાર થઈ ગયા બાદ એની ઝમ્બો ફોટોસ્ટેટ કોપી કઢાવીને, ફ્રેમમાં મઢીને ઘરના ડ્રોઈંગરૂમમાં એક દીવાલ પર લટકાવી દીધી. ઘરે સહજ રીતે મુલાકાતીઓ આવતા રહ્યા અને લખાણ વાંચીને પૂછતા રહ્યા, 'આવું કેમ કરવું પડ્યું ? ભવિષ્યમાં ગૌરવના ભાગે શું આવશે ?' જવાબ : 'પિતાજીએ તો આખી જિંદગી ભાડાના મકાનમાં કાઢી હતી. આ બંગલો

અમે બે ભાઈઓએ બનાવ્યો છે. પિતા કુલ છ લાખ રૂપિયા મૂકી ગયા છે. ગૌરવના ભાગે બે લાખ આવશે. મમ્મી પાંચ તોલા સોનાના દાગીના મૂકી ગઈ છે, એમાંથી આ બધું જોઈને, વાંચીને, સાંભળીને ગૌરવ સમજી ગયો કે એનું ભાવિ અંધકારમય બની રહેવાનું છે.

એ દિવસથી એ ચોટલીએ ગાંઠ બાંધીને ભણવા માંડ્યો. બુદ્ધિ તો અપાર હતી જ. રાતોના ઉજાગરા રંગ લાવીને રહ્યા. એ વર્ષની છેલ્લી પરીક્ષામાં ગૌરવ એંશી ટકા માર્ક્સ લઈ આવ્યો. આ ઘટનાને અત્યાર ચાળીસ વર્ષ થઈ ગયાં. તે વખતના એંશી ટકા એટલે આજના પંચાણું ટકા! ગૌરવ માનભેર મેડિકલ કોલેજમાં પ્રવેશ્યો. ડોક્ટર બન્યો. સ્પેશિયાલિસ્ટ બન્યો. પ્રાઈવેટ પ્રેક્ટિસ શરૂ કરી.

મોટો બંગલો બનાવ્યો. લગ્ન કર્યાં. ત્રણેય ભાઈઓનો સંયુક્ત પરિવાર એ બંગલામાં સહિયારો કિલ્લોલ કરે છે.

એક વાત કરવાની બાકી છે. ડો. ગૌરવ જાનીએ પોતાના બંગલામાં પેલા એફિડેવિટની ફોટોફ્રેમ આજે પણ રહેવા દીધી છે, એની એક નકલ પોતાના કન્સલ્ટિંગ રૂમની દીવાલ પર પણ રાખી છે.

---

## સ્ત્રીની ઘરમા હાજરી જ સૌથી મોટું બ્લેસિંગ છે..!

જીવનના કેલેન્ડરના પાનાં ફાટતા જાય, એમ એમ સ્ત્રીનું દેહ પણ ઘસાતુ જાય છે. એક જમાનો હતો જ્યારે એ ઘરની 'ઓલરાઉન્ડર' હતી. સવારે પાંચ વાગ્યે પથારી છોડે ત્યારથી રાત્રે સૂઈ ગયા પછી રસોડાનું છેલ્લું વાસણ સાફ કરે ત્યાં સુધી એના પગમાં જાણે વરાળિયું એન્જિન જોડાયેલું હતું..!

બાળકોના લંચ બોક્સ, પતિના ઇસ્ત્રી કરેલા કપડાં, મહેમાનોની સરભરા અને સામાજિક પ્રસંગોની દોડધામ..

આ બધું જ એ હસતા મુખે કરી લેતી. પણ, હવે સમય બદલાયો છે. બાળકો હવે 'યુવાન' થઈ ગયા છે. પેલા નાનકડા પંખીઓ હવે આકાશમાં ઊંચી ઉડાન ભરી રહ્યા છે, પણ આ ઉડાન તૈયાર કરવામાં જે માળું ગૂંથાયું હતું, એ માળાની મુખ્ય કારીગર – એટલે કે માં – હવે થાકી છે. જે સ્ત્રી એક સમયે દસ માણસોની રસોઈ ચપટી વગાડતા કરી દેતી, આજે એને લોટ બાંધતા પણ હાથના સાંધામાં કળતર થાય છે. જે ડાઈનિંગ ટેબલ પર એ આખા ઘરને પીરસતી, આજે ત્યાં બેસતા પણ એની કમર 'કચકચ' અવાજ કરે છે.

જે હાથોએ હજારો રોટલીઓ વણીને પરિવારના સપનાઓને આકાર આપ્યો છે, આજે એ જ હાથોની આંગળીઓના વેઢા કદાચ ધ્રૂજતા હશે. એ સ્ત્રી માટે રસોડું એ માત્ર ચાર દીવાલો નથી, પણ એનું અવિજેય સામ્રાજ્ય હતું. પણ હવે જ્યારે એ ગેસના ચૂલા પાસે ઊભી રહે છે, ત્યારે વરાળના ગરમાવા કરતાં એને પોતાના અસ્તિત્વનો થાક વધુ વર્તાય છે. આપણે સમજવું પડશે કે સ્ત્રી ક્યારેય 'નકામી' નથી થતી, એ તો માત્ર 'થાકેલી' હોય છે. એના સ્મરણોમાં હજુ પણ એ જુવાનીની દોડધામ જીવતી હોય છે, પણ એનો દેહ હવે રજા માંગે છે. જેમ જૂના વડલાના પાન ખરી જાય પણ એનો છાંયો ઘટાદાર જ રહે, એમ ભલે એ રસોઈ ન કરી શકે, પણ એની હાજરીની હુંફ આખા ઘરના તાપમાનને હૂંફાળું રાખે છે. એના

કરચલીવાળા હાથમાં જે આશીર્વાદની તાકાત છે, એ દુનિયાના કોઈ પણ ફાઈવ–સ્ટાર હોટલના શેફના સ્વાદમાં ક્યારેય હોતી નથી.

આ કોઈ દયનીય સ્થિતિ નથી, આ તો કુદરતનો હિસાબ છે. લોખંડને પણ કાટ લાગે, તો આ તો હાડચામનું માનવ શરીર છે! આપણે ત્યાં સૌથી મોટો પ્રોબ્લેમ એ છે કે આપણે સ્ત્રીને 'દેવી' માની લીધી છે. અને દેવી ક્યારેય થાકે નહીં, એને ક્યારેય બીમારી ન હોય એવો આપણો ભ્રમ છે. પણ યાદ રાખજો, જે સ્ત્રીએ પોતાની આખી જુવાની બીજાના પેટ ઠારવામાં અને ઘરને ચમકાવવામાં ખર્ચી નાખી છે, એને હવે 'રિટાયરમેન્ટ'નો પૂરો હક છે. જ્યારે માં કહે કે "આજે રસોઈ બનાવવાની ઈચ્છા નથી," ત્યારે એનો અર્થ આળસ નથી, પણ એના થાકેલા સ્નાયુઓનો આર્તનાદ હોય છે. હવે એને દોડીને દૂધની થેલી લેવા જવાનું ન હોય, પણ હવે એને નિરાંતે હિંચકે બેસીને પોતાનું મનગમતું પુસ્તક વાંચવાનો કે સંગીત સાંભળવાનો હક્ક મળવો જોઈએ.

આપણે ત્યાં સ્ત્રીને હંમેશા 'ત્યાગની મૂર્તિ' કહીને એની પાસે અપેક્ષાઓના પહાડ ખડકી દેવામાં આવે છે. પણ સાહેબ, મૂર્તિને પણ સમયાંતરે અભિષેક અને સંભાળની જરૂર હોય છે. જે માંએ તમને આંગળી પકડીને ચાલતા શીખવ્યું, આજે એને ચાલવામાં ટેકાની જરૂર હોય ત્યારે 'જનરેશન ગેપ'ના બહાના હેઠળ એને એકલી ન પાડી દેવાય. યુવાન સંતાનોએ એ સમજવાની જરૂર છે કે મમ્મીના ઘૂંટણનો દુખાવો એ માત્ર મેડિકલ રિપોર્ટનો આંકડો નથી, પણ એણે આખી જિંદગી તમારી પાછળ કરેલી દોડધામનું 'ઈન્વોઈસ' છે ! હવે એની પાસે રસોઈની જ જીદ રાખવાને બદલે, એની પાસે બેસીને એના જમાનાની વાતો સાંભળવાનો સમય છે. એને હવે "પીરસાવવાની" જરૂર નથી, એને હવે પ્રેમથી આપણે 'પીરસવાની' જરૂર છે. જીવનના આ ઢળતા સૂરજે જો સંતાનોનો સાથ મળે, તો એ સંધ્યા પણ કોઈ નવી સવાર કરતાં ઓછી મનમોહક નથી હોતી.

યુવાન થયેલા બાળકોએ હવે એ સ્વીકારવું પડશે કે મમ્મી હવે 'સુપરવુમન'ના કોસ્ચ્યુમ માંથી બહાર આવી ગઈ છે. હવે એને તમારી સેવાની નહીં, પણ તમારી સમજદારીની વધુ જરૂર છે. જે ઘરના ઉંબરા એણે આખી જિંદગી સાચવ્યા છે, એ ઉંબરે હવે એને હારવાની જરૂર નથી. સ્ત્રી જ્યારે વૃદ્ધ થાય અને બાળકો યુવાન થાય, ત્યારે ઘરની લગામ ભલે બદલાય, પણ ઘરનો પ્રેમ અને આદર અકબંધ રહેવા જોઈએ. એ રસોઈ નથી બનાવી શકતી ? કોઈ વાંધો નહીં, બહારથી મંગાવી લો અથવા તમે પોતે બનાવી લો. પણ એના ચહેરા પરનું સ્મિત કોઈપણ સંજોગોમાં કરમાવવું ન જોઈએ. કારણ કે, ઘર માત્ર દીવાલોથી નથી બનતું, એ તો તે સ્ત્રીની હાજરીની સુગંધથી બને છે. ભલે એ રસોઈ ન કરે, પણ એનું ઘરમાં માત્ર હોવું એ જ પરિવાર માટે સૌથી મોટું બ્લેસિંગ છે.

–અજ્ઞાત

પ્રશ્ન થયો કે
માપસરનું બોલવું એટલે કેટલું બોલવું ?
સરસ જવાબ મળ્યો કે....
સાંભળનાર ની જેટલી સમજણ હોય એટલું !

# પ્રેરણાદાયી વાત

રેલવે સ્ટેશન પર રોજ એક વૃદ્ધ એક જ ટિકિટ ખરીદતા હતા. પરંતુ ક્યારેય ટ્રેનમાં બેસતા નહોતા. ૨૫ વર્ષ પછી તેનું કારણ જાણવા મળ્યું.

સવારના બરાબર ૭ વાગીને ૧૦ મિનિટ.

સ્ટેશન પર ચાવાળાઓનો અવાજ ગુંજતો, કુલી દોડતા, સીટી વાગતી અને એ જ ભીડમાં સફેદ કુરતા-પાયજામા પહેરેલા એક દુબળા-પાતળા વૃદ્ધ હંમેશા ટિકિટ બારી પર સૌથી પહેલા ઊભા જોવા મળતા.

"એક સિંગલ ટિકિટ શિવપુર સુધી."

ક્લાર્ક ટિકિટ આપતો, વૃદ્ધ ખિસ્સામાંથી પૈસા કાઢતા, ટિકિટને બંને હાથથી એવી રીતે સાચવતા જાણે કોઈ અમાનત હોય પછી પ્લેટફોર્મ નંબર બેની સૌથી છેલ્લી બેન્ચ પર જઈને બેસી જતા.

ટ્રેન આવતી...

દરવાજા ખુલતા...

લોકો ચઢતા-ઊતરતા...

પરંતુ તેઓ ક્યારેય ટ્રેનમાં ન બેસતા.

ટ્રેન જતી રહેતી...

તેઓ ટિકિટને ધીમેથી પોતાના ખિસ્સામાં મૂકતા અને ચૂપચાપ ઘરે પાછા ફરતા.

આ સિલસિલો એક-બે દિવસ નહીં પૂરા પચીસ વર્ષ સુધી ચાલ્યો.

સ્ટેશનના દરેક કર્મચારીએ તેમને જોયા હતા.

લોકો મજાક ઉડાવતા.

"લાગે છે બાબાનું મગજ છટકી ગયું છે."

કોઈ કહેતું, "આટલા પૈસામાં તો મહિનાનું રાશન આવી જાય."

પરંતુ તેમણે ક્યારેય કોઈને જવાબ ન આપ્યો.

પછી એક દિવસ સ્ટેશન માસ્ટર બદલાઈને નવા ઓફિસર આવ્યા.

તેમનું નામ નિખિલ હતું.

પહેલા જ અઠવાડિયે તેણે એ વૃદ્ધને જોયા.

બીજા દિવસે ફરી જોયા.

ત્રીજા દિવસે પણ એ જ.

હવે તેનાથી રહેવાયું નહીં.

ટ્રેન ગયા પછી તે વૃદ્ધની પાસે જઈને બેસી ગયો.

"બાબા જો ખોટું ન લગાડો તો એક વાત પૂછું ?"

વૃદ્ધ હસી પડ્યા.

"પૂછ બેટા."

"તમે રોજ ટિકિટ ખરીદો છો પણ ક્યારેય જતા નથી. આખરે કેમ ?"

વૃદ્ધ થોડીવાર ચૂપ રહ્યા.

તેમની આંખો પ્લેટફોર્મના પાટા પર મંડાયેલી રહી.

પછી તેમણે ખિસ્સામાંથી જૂની-જૂની ટિકિટોનું એક બંડલ કાઢ્યું.

એટલું જાડું કે હથેળી ભરાઈ જાય.

"આમાં દરેક દિવસનો હિસાબ છે."

નિખિલ આશ્ચર્યચકિત થઈ ગયો.

"પણ કઈ વાતનો હિસાબ ?"

વૃદ્ધે ઊંડો શ્વાસ લીધો.

"આજથી પચીસ વર્ષ પહેલાં આ જ પ્લેટફોર્મ પર મારો દસ વર્ષનો દીકરો રોહન મારાથી વિખૂટો પડી ગયો હતો."

નિખિલનો ચહેરો ગંભીર થઈ ગયો.

એ દિવસે સ્ટેશન પર બહુ ભીડ હતી. તેણે કહ્યું હતું – 'પાપા, તમે ટિકિટ લઈને આવો. હું અહીં જ બેન્ચ પર બેઠો છું.'

હું પાંચ મિનિટમાં પાછો ફર્યો.

"બેન્ચ ખાલી હતી."

"આખા સ્ટેશન પર શોધ્યો. પોલીસ આવી.

એનાઉન્સમેન્ટ થયા. અખબારોમાં ફોટા છપાયા.

પરંતુ મારો દીકરો ક્યાંય ન મળ્યો.

વૃદ્ધનો અવાજ ધ્રૂજવા લાગ્યો.

"એ દિવસે જતાં જતાં તેણે મને એક વાત કહી હતી."

"પાપા જો હું ક્યાંક ખોવાઈ જાઉં તો તમે મને લેવા જરૂર આવજો."

નિખિલની આંખો ભરાઈ આવી.

વૃદ્ધે ટિકિટને છાતી સરસી ચાંપી દીધી.

"બસ બેટા એ જ દિવસે મેં મારી જાતને વચન આપ્યું હતું કે હું રોજ ટિકિટ ખરીદીશ. જેથી જો મારો રોહન ક્યારેય પાછો ફરે તો તેને લાગે કે તેના પાપા આજે પણ તેને લેવા આવ્યા છે."

"હું નહોતો ઇચ્છતો કે તે પાછો ફરે અને હું એક દિવસ પણ ગેરહાજર હોઉં."

આખું પ્લેટફોર્મ જાણે એક પળ માટે થંભી ગયું.

બીજા દિવસે નિખિલે સ્ટેશનના જૂના રેકોર્ડ કઢાવ્યા.

ધૂળથી ભરેલી ફાઈલો...

પીળા પડી ગયેલા કાગળ...

એક ગુમ થયાનો રિપોર્ટ.

એક ઝાંખી તસવીર.

અને નીચે લખ્યું હતું –

"રોહન... ઉંમર ૧૦ વર્ષ."

નિખિલે એ તસવીરની કોપી સોશિયલ મીડિયા પર મૂકી દીધી.

તેને પોતાને પણ આશા નહોતી કે કંઈ થશે.

પરંતુ ત્રણ દિવસ પછી...

સ્ટેશનના કંટ્રોલ રૂમમાં એક ફોન આવ્યો.

"શું એ બાળકના પિતા હજુ જીવિત છે ?"

ફોન કરનાર માણસ પોતે પંચાવન વર્ષનો હતો. "આ ફોટાવાળું બાળક મારી પાસે છે, લો વાત કરો," પછી રોહને ફોન પકડીને ધ્રૂજતા અવાજે કહ્યું –

"મારા હાથ પર બાળપણથી એક દાઝ્યાનું નિશાન છે અને મને બસ એટલું જ યાદ છે કે હું મારા પાપાને 'બાબુજી' કહેતો હતો અને રેલવે સ્ટેશન પર ખોવાઈ ગયો હતો."

ડીએનએ ટેસ્ટ થયો.

રિપોર્ટ આવ્યો.

અને સત્ય સામે હતું.

તે ખરેખર રોહન હતો.

જે દિવસે બંનેની મુલાકાત થઈ.

આખું સ્ટેશન જોવા આવ્યું.

રોહન ધીમે–ધીમે વૃદ્ધની સામે પહોંચ્યો.

બંને એકબીજાને જોતા જ રહ્યા.

પચીસ વર્ષ

આંખનો પલકારો મારતા જ જાણે પાછા ફરી ગયા.

રોહન ધ્રુસકે–ધ્રુસકે રડી પડ્યો.

"બાબુજી મને માફ કરી દો હું તમને શોધી ન શક્યો."

વૃદ્ધે તેને ગળે લગાવી લીધો.

"ગાંડા ભૂલ તારી નહોતી."

"મને ખબર હતી તું જરૂર આવીશ. એટલે જ હું રોજ ટિકિટ લઈને તારી રાહ જોતો રહ્યો."

રોહને ધ્રૂજતા અવાજે પૂછ્યું –

"બાબુજી પેલી બધી ટિકિટો ક્યાં છે ?"

વૃદ્ધ હસી પડ્યા.

"ઘરમાં એક લોખંડની પેટી છે."

"તેમાં તારી રાહ જોયાના પચીસ વર્ષ સાચવીને રાખ્યા છે."

થોડા મહિનાઓ પછી વૃદ્ધનું મૃત્યુ થઈ ગયું.

રોહને એ પેટી ખોલી.

અંદર હજારો ટિકિટ વ્યવસ્થિત રીતે મૂકેલી હતી.

સૌથી ઉપર એક ચિઠ્ઠી હતી.

તેના પર લખ્યું હતું –

"જો તું આ ચિઠ્ઠી વાંચી રહ્યો છે. તો સમજી ગયો કે તું પાછો આવી ગયો છે. હવે મને કોઈ અફસોસ નથી. બેટા, મેં ટિકિટ ક્યારેય મુસાફરી માટે નહોતી ખરીદી મેં તેને આશાને જીવંત રાખવા માટે ખરીદી હતી. યાદ રાખજે દુનિયામાં સૌથી લાંબી મુસાફરી રેલવેની નહીં, કોઈ પોતાનાની રાહ જોવાની હોય છે."

એ દિવસે રોહને તે બધી ટિકિટોને પોતાના પિતાની ચિતામાં ન સળગાવી.

પરંતુ સ્ટેશન પર એક કાચની ફ્રેમમાં મઢાવી દીધી.

નીચે માત્ર એક પંક્તિ લખેલી હતી –

"કેટલાક લોકો મંઝિલ સુધી પહોંચવા માટે ટિકિટ ખરીદે છે અને કેટલાક લોકો પોતાના સંબંધોને જીવંત રાખવા માટે."

એ ફ્રેમની સામેથી પસાર થતો લગભગ દરેક મુસાફર થોડી પળો માટે રોકાતો અને અજાણતા જ પોતાની આંખો લૂછીને આગળ વધી જતો.

## ચાવાળાની ડાયરી–સત્ય જીવન પર આધારિત હૃદયસ્પર્શી બોધકથા

॥ આ કોઈ કલ્પિત વાર્તા નથીપ આ એક સાચો જીવન અનુભવ છે ॥

॥ પુણે રેલવે સ્ટેશનની બહાર આજે પણ એ ચાની લારી છે ॥

॥ વાંચશોપ તો જીવનને જોવાની તમારી દૃષ્ટિ બદલાઈ જશે ॥

॥ સત્ય ઘટના : પુણે સ્ટેશન, વર્ષ ૨૦૧૮ ॥

પુણે રેલવે સ્ટેશનની બહાર એક નાની ચાની લારી હતી.

માલિક – રમેશ અણ્ણા. ઉંમર ૬૨ વર્ષ. એક પગથી અપંગ.

દરરોજ સવારે ૫ વાગ્યે લારી ખોલતા અને રાત્રે ૧૧ વાગ્યે બંધ કરતા.

૫ રૂપિયામાં એક કપ ચાપ અને મફતમાં એક ભેટ – હાસ્ય.

લોકો આવતાપ ચા પીતાપ દસ મિનિટ વાતો કરતાપ અને હળવા મનથી પાછા જતા.

કોઈક કહેતા,

“અણ્ણા, તમે તો મનોવિજ્ઞાની લાગો છો.”

અણ્ણા હસીને કહેતા,

“ના બેટાપ હું તો માત્ર ચાવાળો છું. પણ દુઃખ ઘણું જોયું છેપ એટલે ચામાં ખાંડ ઓછી અને લાગણી વધારે નાખું છું.”

એક દિવસ લગભગ ૨૫ વર્ષનો એક યુવાન આવ્યો.

ઇજનેર હતો.

સૂટ–બૂટમાં હતોપ પણ આંખો આખી સૂજી ગયેલી.

જાણે આખી રાત રડ્યો હોય.

એણે કહ્યું,

“અણ્ણા, એક કટિંગપ જરા કડક બનાવજો.”

અણ્ણાએ ચા આપી.

યુવાને એક જ ઘૂંટમાં પૂરી કરી.

ખિસ્સામાંથી ૧૦૦ રૂપિયાની નોટ કાઢી ટેબલ પર મૂકી અને બોલ્યો,
"બાકી પૈસા તમે રાખી લોપ આ મારી છેલ્લી ચા છે."
અણ્ણાના હાથ કંપી ઉઠ્યા.
વાસણ ધોતાં ધોતાં અટકી ગયા.
ધીમે પૂછ્યું,
"બેટા ક્યાં જવાનો છે?"
યુવાન હસ્યો,
પણ એ હાસ્યમાં માત્ર પીડા હતી.
"ટ્રેન નીચે નોકરી ગઈ. ગર્લફ્રેન્ડ છોડી ગઈ, ઘેર દેવું છે હવે જીવીને શું કરવું ?"
અણ્ણા લંગડાતા લંગડાતા બહાર આવ્યા.
એનો હાથ પકડીને લારીની પાછળ લઈ ગયા.
ત્યાં એક જૂની, ફાટેલી ડાયરી પડી હતી.
અણ્ણાએ કહ્યું,
"આ વાંચ."
॥ ડાયરીનું પહેલું પાનું – ૧૯૮૫ ॥
આજે મારો પગ ટ્રક નીચે આવી ગયો.
ડોક્ટરોએ કહ્યું – કાપવો પડશે.
મારી પત્ની આઠ મહિનાની ગર્ભવતી હતી.
ઘરમાં માત્ર ૨૩ રૂપિયા હતા.
રાત્રે હોસ્પિટલની અગાસી પર ગયોપ આત્મહત્યા કરવા.
એ જ સમયે પત્નીનો ફોન આવ્યો –
'સાંભળો બાળક પેટમાં લાત મારી રહ્યું છેપ જાણે કહે છે – પપ્પા, હિંમત રાખો.'
હું ખૂબ રડ્યોપ અને પાછો ફરી આવ્યો.
બીજા દિવસે પગ ગયોપ પણ હિંમત નહોતી ગઈ.
સ્ટેશન બહાર બે વાસણ અને એક કેટલી લઈને બેસી ગયો.
'ચાપ ચાપ' બોલતો રહ્યો.
પહેલા દિવસે ૧૭ રૂપિયા કમાયા.
રડ્યો પણપ જીવતો રહ્યો.
॥ ડાયરીનું બીજું પાનું – ૧૯૯૩॥
"આજે મારી પત્ની કેન્સરથી ચાલ્યા ગઈ.
હાથમાં છ વર્ષનો દીકરો હતો.
લોકોએ કહ્યું – અનાથાશ્રમમાં મૂકી દે.
મેં કહ્યું – મારો એક પગ ગયો છેપ બાપપણું નહીં જવા દઉં.
આખી રાત ચા વેચી દીકરાને ભણાવ્યોપ ઇજનેર બનાવ્યો.
આજે એ અમેરિકામાં છે.

કહે છે – 'પપ્પા, અહીં આવી જાઓ.'
હું કહું છું – 'બેટા, મારા ગ્રાહકોનું દુઃખ કોણ સાંભળશે ?'
॥ ડાયરીનું છેલ્લું પાનું – ૨૦૧૮ ॥
આજે હું ૬૨ વર્ષનો છું.
એક પગ નથી.
પત્ની નથી.
દીકરો દૂર છે.
છતાં દરરોજ ૨૦૦ લોકો મને 'અણ્ણા' કહીને બોલાવે છે.
એમનું દુઃખ સાંભળું છુંપ ચા પિવડાવું છુંપ અને કહું છું – 'જીવ બેટાપ હિંમત રાખ.'
મને ભગવાન ક્યારેય દેખાયા નથી.
પણ માણસમાં રહેલો ભગવાન દરરોજ મળે છે.
એટલે આજે પણ જીવતો છુંપ અને આનંદમાં છું.
કારણ કે મારી પાસે આપવાનું હજુ ઘણું છે – ચા અને સમય.
ડાયરી વાંચીને એ યુવાન બાળકની જેમ રડી પડ્યો.
અણ્ણાએ પ્રેમથી કહ્યું,
બેટા, તારા બે હાથ છેપ બે પગ છેપ ડિગ્રી છેપ છતાં તું મરવા નીકળ્યો ?
મારી પાસે શું હતું ? માત્ર ૨૩ રૂપિયા અને તૂટેલો એક પગ.
પણ મેં જે નહોતું તેનું દુઃખ નથી મનાવ્યું જે હતું તેનો ઉપયોગ કર્યો.
તું પણ એ જ કર.
નોકરી ગઈ ? બીજી મળશે.
પ્રેમિકા ગઈ ? કદાચ એથી સારી મળશે.
પણ જીવન એક વાર ગયુંપ તો ક્યારેય પાછું નથી આવતું.
અણ્ણાએ એના ૧૦૦ રૂપિયા પાછા આપ્યા.
સાથે એક મફત ચા પણ આપી.
અને કહ્યું,
આ 'જિંદગીની ચા' છેપ એને ક્યારેય એક જ ઘૂંટમાં પૂરી ન કરી દેપ ધીમે ધીમે પી.
આજે એ જ યુવાન બેંગલુરુની મોટી કંપનીમાં મેનેજર છે.
દર મહિને અણ્ણાને ફોન કરે છે.
અને જ્યારે પણ પુણે આવે છેપ
સૌથી પહેલાં અણ્ણાની લારી પર જાય છે.
બે ચા મંગાવે છે
એક પોતાના માટે
અને એક અણ્ણા માટે.

પછી હસીને કહે છે,

"અણ્ણા તમારી પાંચ રૂપિયાની ચાએ મારું પચાસ લાખનું જીવન બચાવી લીધું."

॥ આ સત્ય ઘટનામાંથી મળતા પાંચ જીવનમંત્ર ॥

૧. દરેકને સમસ્યા હોય છેપ ફરક માત્ર દૃષ્ટિકોણનો હોય છે.
અણ્ણાનો પગ ગયોપ પણ જીવન જોવાની નજર નહોતી ગઈ. તમારી નોકરી ગઈ હશેપ જીવન નથી ગયું. જે ગુમાવ્યું છે તે ગણવાનું છોડોપ જે બચ્યું છે તેનો ઉપયોગ કરો.

૨. આત્મહત્યા કરનાર વ્યક્તિ નબળી નથી હોતીપ એ એકલી પડી ગઈ હોય છે.
એ યુવાનને માત્ર કોઈ સાંભળનારની જરૂર હતી. અણ્ણાએ દસ મિનિટ આપ્યા અને તેને દસ વર્ષનું જીવન મળી ગયું. ક્યારેક એક કપ ચા પણ એક જીવ બચાવી શકે છે.

૩. ભગવાન ઘણી વાર માણસનું રૂપ લઈને આવે છે.
અણ્ણાના રૂપમાં ભગવાન જ આવ્યા હતા. મંદિર જતાં પહેલાં માણસમાં રહેલા ભગવાનને ઓળખતા શીખો.

૪. આપનાર વ્યક્તિ ક્યારેય ગરીબ નથી હોતો.
અણ્ણા પાસે એક પગ નહોતોપ છતાં રોજ ૨૦૦ લોકોને હસાવે છે. સાચી સમૃદ્ધિ ખિસ્સામાં નહીંપ સ્વભાવમાં હોય છે.

૫. છેલ્લી ચા ક્યારેય છેલ્લી હોતી નથી.
જ્યાં સુધી શ્વાસ છેપ ત્યાં સુધી નવી શરૂઆત શક્ય છે. "અંત" કહેવાનો નિર્ણય આપણે કરીએ છીએપ ભગવાને તો હજી "વિરામ" લખ્યો છે.

॥ અણ્ણાનો છેલ્લો સંદેશ ॥

બાળકો જીવન કટિંગ ચા જેવું છે.
ક્યારેક કડવું લાગશે.
ક્યારેક મીઠું લાગશે.
પણ એને અધવચ્ચે છોડી દેતા નહીં.
ધીમે ધીમે પીતા રહેજો.
કારણ કે છેલ્લો ઘૂંટ જ સૌથી મીઠો હોય છે.
એને જ 'અનુભવ' કહે છે.
કહેવામાં આવે છે કે રમેશ અણ્ણાની ચાની લારી આજે પણ પુણે સ્ટેશનની બહાર છે.

## "ચાવાળાની ડાયરી" સત્ય જીવન પર આધારિત હૃદયસ્પર્શી બોધકથા

॥ આ કોઈ કલ્પિત વાર્તા નથીપ આ એક સાચો જીવન અનુભવ છે ॥

॥ પુણે રેલવે સ્ટેશનની બહાર આજે પણ એ ચાની લારી છે ॥

॥ વાંચશો તો જીવનને જોવાની તમારી દૃષ્ટિ બદલાઈ જશે ॥

॥ સત્ય ઘટના : પુણે સ્ટેશન, વર્ષ ૨૦૧૮ ॥

પુણે રેલવે સ્ટેશનની બહાર એક નાની ચાની લારી હતી.

માલિક – રમેશ અણ્ણા. ઉંમર ૬૨ વર્ષ. એક પગથી અપંગ.

દરરોજ સવારે ૫ વાગ્યે લારી ખોલતા અને રાત્રે ૧૧ વાગ્યે બંધ કરતા.

૫ રૂપિયામાં એક કપ ચાપ અને મફતમાં એક ભેટ – હાસ્ય.

લોકો આવત, ચા પીતા, દસ મિનિટ વાતો કરતા અને હળવા મનથી પાછા જતા.

કોઈક કહેતા, "અણ્ણા, તમે તો મનોવિજ્ઞાની લાગો છો."

અણ્ણા હસીને કહેતા, "ના બેટા હું તો માત્ર ચાવાળો છું. પણ દુઃખ ઘણું જોયું છે, એટલે ચામાં ખાંડ ઓછી અને લાગણી વધારે નાખું છું."

એક દિવસ લગભગ ૨૫ વર્ષનો એક યુવાન આવ્યો.

ઇજનેર હતો.

સૂટ–બૂટમાં હતોપ પણ આંખો આખી સૂજી ગયેલી.

જાણે આખી રાત રડ્યો હોય.

એણે કહ્યું, "અણ્ણા, એક કટિંગપ જરા કડક બનાવજો."

અણ્ણાએ ચા આપી.

યુવાને એક જ ઘૂંટમાં પૂરી કરી.

ખિસ્સામાંથી ૧૦૦ રૂપિયાની નોટ કાઢી ટેબલ પર મૂકી અને બોલ્યો,

"બાકી પૈસા તમે રાખી લોપ આ મારી છેલ્લી ચા છે."

અણ્ણાના હાથ કંપી ઉઠ્યા.

વાસણ ધોતાં ધોતાં અટકી ગયા.

ધીમે પૂછ્યું,

"બેટા ક્યાં જવાનો છે?"

યુવાન હસ્યો,

પણ એ હાસ્યમાં માત્ર પીડા હતી.

"ટ્રેન નીચે, નોકરી ગઈ, ગર્લફ્રેન્ડ છોડી ગઈપ ઘેર દેવું છેપ હવે જીવીને શું કરવું ?"

અણ્ણા લંગડાતા લંગડાતા બહાર આવ્યા.

એનો હાથ પકડીને લારીની પાછળ લઈ ગયા.

ત્યાં એક જૂની, ફાટેલી ડાયરી પડી હતી.

અણ્ણાએ કહ્યું,

"આ વાંચ."

॥ ડાયરીનું પહેલું પાનું – ૧૯૮૫ ॥

"આજે મારો પગ ટ્રક નીચે આવી ગયો.

ડોક્ટરોએ કહ્યું – કાપવો પડશે.

મારી પત્ની આઠ મહિનાની ગર્ભવતી હતી.

ઘરમાં માત્ર ૨૩ રૂપિયા હતા.

રાત્રે હોસ્પિટલની અગાસી પર ગયોપ આત્મહત્યા કરવા.

એ જ સમયે પત્નીનો ફોન આવ્યો –

'સાંભળો, બાળક પેટમાં લાત મારી રહ્યું છે, જાણે કહે છે – પપ્પા, હિંમત રાખો.'
હું ખૂબ રડ્યો અને પાછો ફરી આવ્યો.
બીજા દિવસે પગ ગયો પણ હિંમત નહોતી ગઈ.
સ્ટેશન બહાર બે વાસણ અને એક કેટલી લઈને બેસી ગયો.
'ચાપ ચાપ' બોલતો રહ્યો.
પહેલા દિવસે ૧૭ રૂપિયા કમાયા.
રડ્યો પણ જીવતો રહ્યો."
|| ડાયરીનું બીજું પાનું – ૧૯૯૩||
"આજે મારી પત્ની કેન્સરથી ચાલ્યા ગઈ.
હાથમાં છ વર્ષનો દીકરો હતો.
લોકોએ કહ્યું – અનાથાશ્રમમાં મૂકી દે.
મેં કહ્યું – મારો એક પગ ગયો છેપ બાપપણું નહીં જવા દઉં.
આખી રાત ચા વેચીપ દીકરાને ભણાવ્યોપ ઇજનેર બનાવ્યો.
આજે એ અમેરિકામાં છે.
કહે છે – 'પપ્પા, અહીં આવી જાઓ.'
હું કહું છું – 'બેટા, મારા ગ્રાહકોનું દુ:ખ કોણ સાંભળશે?'"
|| ડાયરીનું છેલ્લું પાનું – ૨૦૧૮||
"આજે હું ૬૨ વર્ષનો છું.
એક પગ નથી.
પત્ની નથી.
દીકરો દૂર છે.
છતાં દરરોજ ૨૦૦ લોકો મને 'અણ્ણા' કહીને બોલાવે છે.
એમનું દુ:ખ સાંભળું છુંપ ચા પિવડાવું છુંપ અને કહું છું – 'જીવ બેટા હિંમત રાખ.'
મને ભગવાન ક્યારેય દેખાયા નથી.
પણ માણસમાં રહેલો ભગવાન દરરોજ મળે છે.
એટલે આજે પણ જીવતો છુંપ અને આનંદમાં છું.
કારણ કે મારી પાસે આપવાનું હજુ ઘણું છે – ચા અને સમય.
ડાયરી વાંચીને એ યુવાન બાળકની જેમ રડી પડ્યો.
અણ્ણાએ પ્રેમથી કહ્યું,
બેટા તારા બે હાથ છેપ બે પગ છેપ ડિગ્રી છેપ છતાં તું મરવા નીકળ્યો ?
મારી પાસે શું હતું ? માત્ર ૨૩ રૂપિયા અને તૂટેલો એક પગ.
પણ મેં જે નહોતું તેનું દુ:ખ નથી મનાવ્યું જે હતું તેનો ઉપયોગ કર્યો.
તું પણ એ જ કર.
નોકરી ગઈ ? બીજી મળશે.
પ્રેમિકા ગઈ ? કદાચ એથી સારી મળશે.

પણ જીવન એક વાર ગયું તો ક્યારેય પાછું નથી આવતું.

અણ્ણાએ એના ૧૦૦ રૂપિયા પાછા આપ્યા.

સાથે એક મફત ચા પણ આપી.

અને કહ્યું,

આ 'જિંદગીની ચા' છે. એને ક્યારેય એક જ ઘૂંટમાં પૂરી ન કરી દેપ ધીમે ધીમે પી.

આજે એ જ યુવાન બેંગલુરુની મોટી કંપનીમાં મેનેજર છે.

દર મહિને અણ્ણાને ફોન કરે છે.

અને જ્યારે પણ પુણે આવે છે.

સૌથી પહેલાં અણ્ણાની લારી પર જાય છે.

બે ચા મંગાવે છે.

એક પોતાના માટે અને એક અણ્ણા માટે.

પછી હસીને કહે છે,

"અણ્ણા તમારી પાંચ રૂપિયાની ચાએ મારું પચાસ લાખનું જીવન બચાવી લીધું."

|| આ સત્ય ઘટનામાંથી મળતા પાંચ જીવનમંત્ર ||

૧. દરેકને સમસ્યા હોય છેપ ફરક માત્ર દૃષ્ટિકોણનો હોય છે.
અણ્ણાનો પગ ગયો પણ જીવન જોવાની નજર નહોતી ગઈ. તમારી નોકરી ગઈ હશે જીવન નથી ગયું. જે ગુમાવ્યું છે તે ગણવાનું છોડો જે બચ્યું છે તેનો ઉપયોગ કરો.

૨. આત્મહત્યા કરનાર વ્યક્તિ નબળી નથી હોતીપ એ એકલી પડી ગઈ હોય છે.
એ યુવાનને માત્ર કોઈ સાંભળનારની જરૂર હતી. અણ્ણાએ દસ મિનિટ આપ્યાપ અને તેને દસ વર્ષનું જીવન મળી ગયું. ક્યારેક એક કપ ચા પણ એક જીવ બચાવી શકે છે.

૩. ભગવાન ઘણી વાર માણસનું રૂપ લઈને આવે છે.
અણ્ણાના રૂપમાં ભગવાન જ આવ્યા હતા. મંદિર જતાં પહેલાં માણસમાં રહેલા ભગવાનને ઓળખતા શીખો.

૪. આપનાર વ્યક્તિ ક્યારેય ગરીબ નથી હોતો.
અણ્ણા પાસે એક પગ નહોતોપ છતાં રોજ ૨૦૦ લોકોને હસાવે છે. સાચી સમૃદ્ધિ ખિસ્સામાં નહીંપ સ્વભાવમાં હોય છે.

૫. છેલ્લી ચા ક્યારેય છેલ્લી હોતી નથી.
જ્યાં સુધી શ્વાસ છેપ ત્યાં સુધી નવી શરૂઆત શક્ય છે. "અંત" કહેવાનો નિર્ણય આપણે કરીએ છીએ.

ભગવાને તો હજી "વિરામ" લખ્યો છે.

|| અણ્ણાનો છેલ્લો સંદેશ||

"બાળકો જીવન કટિંગ ચા જેવું છે.

ક્યારેક કડવું લાગશે,

ક્યારેક મીઠું લાગશે,

પણ એને અધવચ્ચે છોડી દેતા નહીં.

ધીમે ધીમે પીતા રહેજો,

કારણ કે છેલ્લો ઘૂંટ જ સૌથી મીઠો હોય છે,

એને જ 'અનુભવ' કહે છે."

કહેવામાં આવે છે કે રમેશ અણ્ણાની ચાની લારી આજે પણ પુણે સ્ટેશનની બહાર છે.

**"નીર અને ક્ષીર : ડો. ભરત કાનાબારની કલમે"**

## સાસુની એક શરત

"વહુ આ ઘરની ચાવીઓ હું તને ત્યારે જ આપીશ, જ્યારે તું મારી એક શરત માનશે."

નવી નવેલી વહુ કાવ્યાએ આશ્ચર્યથી પોતાની સાસુ કમલાબેન તરફ જોયું.

તેના મનમાં વિચાર આવ્યો, "કદાચ મમ્મીજી ઘરના નિયમો કહેશે સવારે વહેલા ઊઠવું પડશે, માથે પલ્લુ રાખવું પડશે કે કોઈ સાથે ઊંચા અવાજે વાત નહીં કરવી પડે."

કાવ્યાએ ધીમેથી કહ્યું, "જી મમ્મીજી... તમારી દરેક વાત મને મંજૂર છે."

કમલાબેન અલમારીમાંથી ચાવીઓનો મોટો ઝૂડો લઈને આવી. તેમણે ચાવીઓ કાવ્યાના હાથમાં મૂકતાં કહ્યું,

"આ ઘરની ચાવીઓ છે પણ મારી શરત માત્ર એક જ છે."

"કઈ શરત, મમ્મીજી ?"

કમલાબેને તેની આંખોમાં જોઈને કહ્યું,

"આ ઘરમાં કોઈની પણ ભૂલનો નિર્ણય એ જ દિવસે ક્યારેય નહીં કરવો."

કાવ્યા થોડી મૂંઝાઈ ગઈ.

"એટલે ?"

કમલાબેન સ્મિત કરીને બોલ્યાં,

"ગુસ્સામાં માણસને ભૂલ દેખાતી નથી, માત્ર દોષિત દેખાય છે. એટલે આ ઘરમાં ચોવીસ કલાકનો નિયમ છે. કોઈપણ નારાજગી હોય, નિર્ણય બીજા દિવસે લેવાશે."

કાવ્યાને વાત થોડી વિચિત્ર લાગી, પણ તેણે હા પાડી.

થોડા દિવસો પછી સવારે ઘરમાં હોબાળો મચી ગયો.

સસરાજીની મોંઘી દવાની બોટલ હાથમાંથી પડીને તૂટી ગઈ.

ઘરમાં કામ કરતી બહેન ગભરાઈને બોલી,

"માલકીન મારાથી ભૂલ થઈ ગઈ."

કમલાબેને શાંતિથી કહ્યું,

"કોઈ વાંધો નહીં. આજે આ વિષય પર કોઈ કંઈ નહીં બોલે."

કાવ્યા આશ્ચર્યમાં પડી ગઈ.

બીજા દિવસે કમલાબેને કામવાળી બહેનને બોલાવી.

"કાલે તું બહુ ડરી ગઈ હતી ને ?"

તેની આંખોમાંથી આંસુ આવી ગયા.

"હા માલકીન આખી રાત ઊંઘ આવી નહોતી."

કમલાબેને તેનો હાથ પકડીને કહ્યું,

"ભૂલ બે પ્રકારની હોય છે - એક બેદરકારીથી અને બીજી માણસ હોવાના કારણે. તું જાણીને નથી તોડી. હવે આગળથી ધ્યાન રાખજે."

તે સ્ત્રી રડી પડી અને કમલાબેનના પગે લાગી.

એક અઠવાડિયા પછી કાવ્યાથી પણ મોટી ભૂલ થઈ ગઈ.

ઉતાવળમાં તેણે સસરાજીની વર્ષો જૂની ઊનની શાલ વોશિંગ મશીનમાં ધોઈ નાખી. શાલ સંકોચાઈ ગઈ. તે સસરાજીને તેમના પિતાની યાદગીરી તરીકે મળી હતી.

કાવ્યાના હાથ ધ્રૂજવા લાગ્યા.

"હવે તો મમ્મીજી ખૂબ ગુસ્સે થશે."

પણ કમલાબેને ફરી એ જ કહ્યું,

"આજે કંઈ નહીં બોલીએ."

આખી રાત કાવ્યા પોતાની ભૂલથી વ્યથિત રહી.

બીજા દિવસે તે પોતે જ કમલાબેન પાસે ગઈ.

"મમ્મીજી... મને માફ કરી દો. મારી મોટી ભૂલ થઈ ગઈ."

કમલાબેને તેને હૈયે લગાવી લીધી.

"જો વહુ... જો હું કાલે જ તને ઠપકો આપ્યો હોત, તો તને માત્ર મારી ડાંટ જ યાદ રહેત. પણ એક રાત વિચારવાનો સમય મળતાં તને પોતાની ભૂલ જાતે જ સમજાઈ ગઈ."

કાવ્યાની આંખોમાં આંસુ આવી ગયા.

કમલાબેન બોલ્યાં,

"ડર માણસને થોડા સમય માટે બદલે છે, પણ સમજ આખી જિંદગી માટે."

સમય પસાર થતો ગયો.

એક દિવસ અમિત ઓફિસેથી ખૂબ તણાવમાં ઘરે આવ્યા. તેમણે કાવ્યા સાથે યોગ્ય રીતે વાત પણ ન કરી.

કાવ્યાને ખૂબ દુઃખ થયું.

ત્યારે કમલાબેન પૂછે છે,

"શું થયું ?"

કાવ્યાએ કહ્યું,

"મમ્મીજી, તેમણે મારી સાથે બરાબર વાત પણ નથી કરી."

કમલાબેન હળવેથી હસ્યાં.

"નિર્ણય આજે કરશો કે કાલે ?"

કાવ્યા ચૂપ રહી ગઈ.

બીજા દિવસે સવારે અમિત પોતે જ આવ્યા.

"માફ કરજે કાલે દુકાનમાં મોટું નુકસાન થયું હતું. મન ખૂબ વ્યથિત હતું."

કાવ્યાને સાસુની શીખ યાદ આવી ગઈ.

જો તેણે એ જ રાત્રે ઝઘડો કર્યો હોત, તો વાત વધુ બગડી જાત.

તે હસીને બોલી, "ચાલો, પહેલા ચા પી લો... પછી વાત કરીશું."

થોડા મહિનાઓ પછી પડોશની એક વૃદ્ધ મહિલાને તેમનો દીકરો વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો.

આખો મહોલ્લો તેને દોષ આપવા લાગ્યો.

કાવ્યા પણ બોલી,

"કેવો નિષ્ઠુર દીકરો !"

પણ કમલાબેન બોલ્યાં, "આખી વાત જાણ્યા વગર ક્યારેય કોઈ પર નિર્ણય ન કરવો."

બે દિવસ પછી ખબર પડી કે દીકરો પોતે કેન્સરની સારવાર માટે બીજા શહેર જઈ રહ્યો હતો. માતાને એકલી મૂકવા કરતાં સારી સંભાળ મળે તે માટે વૃદ્ધાશ્રમમાં રાખી હતી.

કાવ્યાનું માથું શરમથી ઝૂકી ગયું.

કમલાબેને કહ્યું,

"અડધું સત્ય ઘણીવાર આખા અસત્ય કરતાં વધુ ખતરનાક હોય છે."

તે દિવસ પછી કાવ્યાએ કોઈ વિશે તરત અભિપ્રાય આપવાનું છોડી દીધું.

વર્ષો વીતી ગયા.

કમલાબેન વૃદ્ધ થઈ ગયા.

એક દિવસ તેમણે ફરી એ જ ચાવીઓનો ઝૂડો કાવ્યાના હાથમાં આપતાં કહ્યું,

"આજથી આ ઘર સંપૂર્ણપણે તારું છે."

કાવ્યાની આંખો ભીની થઈ ગઈ.

"મમ્મીજી, ચાવીઓ તો તમે મને વર્ષો પહેલાં જ આપી દીધી હતી."

કમલાબેન સ્મિત સાથે બોલ્યાં,

"ના વહુ એ દિવસે મેં તને માત્ર લોખંડની ચાવીઓ આપી હતી. આજે હું તને આ ઘરના સંબંધોની ચાવી આપી રહી છું."

"એ કઈ ?"

કમલાબેન ધીમેથી બોલ્યાં,

"જે ઘરમાં લોકો એકબીજાને સમજ્યા પહેલાં નિર્ણય નથી આપતા, ત્યાં સંબંધો ક્યારેય વૃદ્ધ થતા નથી."

થોડાં વર્ષો પછી કાવ્યા પોતે સાસુ બની.

એક દિવસ તેની વહુના હાથેથી તેની સૌથી પ્રિય ચાની કેટલી તૂટી ગઈ.

વહુ ડરના માર્યા રડવા લાગી.

કાવ્યાએ હસીને માત્ર એટલું જ કહ્યું,

"દીકરી આજે નહીં. અમારા ઘરમાં કોઈની પણ ભૂલનો નિર્ણય બીજા દિવસે થાય છે."

વહુ આશ્ચર્યથી તેને જોતી રહી.

કાવ્યાની આંખોમાં પોતાની સાસુની છબી તરતી હતી.

તે સમજી ગઈ હતી કે ઘર ઈંટ-પથ્થરથી નહીં, પરંતુ એવા સંસ્કારોથી બને છે જે સંબંધોને તૂટતા બચાવે છે.

અને ત્યારથી એ ઘરમાં એક સુંદર પરંપરા શરૂ થઈ—ગુસ્સામાં ક્યારેય નિર્ણય નહીં લેવાય. પહેલા એક રાત પસાર થશે, પછી વાત થશે.

કદાચ એટલા માટે જ એ ઘરમાં ક્યારેક વાસણો તૂટતા હતા, પરંતુ સંબંધો ક્યારેય તૂટતા નહોતા.

---

એક વડીલ બહુ જિંદાદિલ. ક્યારેક એમના ઘરે હાર્મોનિયમ, તબલા, ખંજરી, મંજીરા લઈ ફેમિલી આખું ગોઠવાઈ ગયું હોય અને જુના-નવા ફિલ્મી ગીતોની મહેફિલ મોડી રાત્રી સુધી ચાલે તો ક્યારેક એ વડીલ આખા ફેમિલી સાથે કોઈ ટૉકીઝ, હોટેલ, કે વોટરપાર્કમાંથી હસતાં ખીલતાં બહાર નીકળતા જોવા મળે, ક્યારેક અમારી સોસાયટીના મંદિરમાં સુંદર મજાના ભજનો એ સંભળાવે તો ક્યારેક વડીલોની મંડળી ભરી નાસ્તા-પાણીની જયાફત ઉડાવતા જોવા મળે. એ જયારે પણ મળે તરોતાજા, હસતા-ખીલતા અને મોજીલા મૂડમાં જ જોવા મળે. એક દિવસ એ અમારી સાથે બેઠા હતા ત્યારે અમારામાંથી એક સમજુ મિત્રે જીજ્ઞાસાવશ એમને પ્રશ્ન પૂછ્યો, "દાદા, મેં તમને ક્યારેય સેડ મૂડમાં કે દુ:ખની વાતો કે ભૂતકાળની ભૂલો વાગોળતા જોયા નથી, તમે કાયમ મોજ કરતા અને કરાવતા હો છો. એનું રાઝ શું છે ? મોસ્ટ ઓફ વડીલોના નાકનું ટીચકું હંમેશા ચઢેલું જ જોવા મળે છે જયારે તમે તો સતત ઉત્સાહવર્ધક વર્તન કરતા હો છો. હસતા-મુસ્કુરાતા જ હો છો. તુમ ઈતના ક્યો મુસ્કુરા રહે હો, ક્યા ગમ હૈ જીસકો છુપા રહે હો." મિત્રે વાક્ય પૂરું કર્યું અને પેલા વડીલ તો ખડખડાટ હસી પડ્યા. "વાહ બેટા, આજે મારી ફીરકી લેવાનું નક્કી કર્યું છે કે શું?" અમે સૌએ નકારમાં માથું ધુણાવ્યું એટલે એ વડીલે સહેજ ગંભીર થઈ અમારી સૌની ઉપર એક નજર ફેરવી. પછી પેલા સમજુ સામે જોઈ જાણે મંત્ર વાક્ય કહેતા હોય એમ કહ્યું, "બેટા, હું કોઈ ગમ છુપાવતો નથી, વાત બહુ સીધી છે, મેં એક વાત મારી જુવાનીમાં જ સ્વીકારી લીધી હતી કે યે જિંદગી ના મિલેગી દોબારા." એ અટક્યા. અમે સૌ પ્રશ્નાર્થ નજરે એમને તાકી રહ્યા. અમારી આંખોમાં રમતી જીજ્ઞાસા જોઈ એમને અમારામાં રસ પડ્યો. એક ઊંડો શ્વાસ લઈ એમણે અમારી સાથે ચર્ચા શરુ કરી.

"તમને તમારા ગયા માનવ જન્મનું અંતિમ મનોમંથન યાદ છે ?" એમણે અમને પ્રશ્ન કર્યો. અમે સૌ વિચારમાં પડી ગયા. સમજુ મિત્રે જવાબ આપ્યો, "આ તમે શું પૂછો છો ? જ્યાં ગયો માનવ જન્મ જ યાદ નથી ત્યાં એ જન્મના અંતિમ દિવસો, કલાકો, મિનિટો દરમિયાન કરેલું મનોમંથન ક્યાંથી યાદ હોય ?" સમજુ અટક્યો. અમે સૌ પેલા વડીલ સામે તાકી રહ્યા. એમણે ઊંડો શ્વાસ લઈ બોલવાનું શરુ કર્યું, "ગયા જન્મનું અંતિમ મનોમંથન તો શું ગયા માનવ જન્મે ઇન્ડિયામાં હતા કે આફ્રિકા, ઓસ્ટ્રેલીયા કે જાપાન, જર્મની કે રશિયા કે શ્રીલંકા એનો આછો અમથો અણસાર સુદ્ધાં આ જન્મે મળતો નથી. એ જન્મે કેટલી મિલકત કમાણા, કેટલા ગાડી-બંગલા-દુકાન-એફ.ડી. બનાવ્યા કે કેટલા સગા-વહાલાઓને સાચવ્યા એની સ્વપ્નમાં પણ કલ્પના નથી આવતી. ગયા જન્મના પુત્રો-પૌત્રો હતા કે નહિ? હતા તો અત્યારે આપણી એ જન્મની કેટલામી પેઢી ચાલે છે અને એ ક્યાં છે અને એ પેઢી અત્યારે આપણને કાગવાસ નાખતા હશે કે નહિ એની જરાક અમથી ઝલક પણ જો મળી જાય તો એમ થાય કે

એ જન્મે કરેલી 'નેક્સ્ટ પેઢીઓ' માટેની ચિંતાઓ, એકોતેર પેઢી બેઠી બેઠી ખાય એટલું ભેગું કરી રાખેલું ધન, એ માટે કરેલી માથાકૂટો, ખટપટો, કાળાધોળા, ઉંધા-ચત્તા વગેરે સફળ થયા એમ માની લઈએ. પણ એ જન્મનો એક પણ પુરાવો, ફોટો, સંકેત કે નિશાની ક્યાંયથી મળતા નથી." આટલું બોલી એ સહેજ અટક્યા. અમે સૌ એમની લાંબી વાત સાંભળી ગંભીર થઈ ગયા.

પેલા વડીલે સહેજ ખોંખારો ખાઈ બોલવાનું શરુ કર્યું. "હું તમારા જેવડો યુવાન હતો ત્યારે અમારા એક વડીલ હોસ્પિટલમાં દાખલ થયા. એમની સેવા કરવાની જવાબદારી મારી હતી. થોડા દિવસોમાં એમનું મરણ થયું. થોડી અંધાધુંધ લાઈફ એ જીવ્યા. છેલ્લા દિવસોમાં કહેતા હતા કે નેક્સ્ટ લાઈફ આ રીતે નથી જીવવી. થોડું સમજીને, વિચારીને, જતું કરીને, હળીમળીને, થોડું ખમીખાઈને, સજ્જનોની આંગળી ઝાલીને, સારા માણસોને ટેકો આપીને, કોઈનું દર્દ મળી શકે તો ઉધાર લઈને કે કોઈના ચહેરા પર મુસ્કુરાહટ લાવવાની કોશિશ કરીને, જરા માણસને શોભે એવી રીતે જીવવું છે. સાવ આમ કૂતરા-બિલાડાની જેમ લાઈફ વેસ્ટ નથી કરી નાખવી.. એ વડીલની આખરી મિનિટોનું મનોમંથન મને છેક ભીતર સુધી ઢંઢોળી ગયું. અને બંદાએ જિંદગીનો ટ્રેક ચેન્જ કરી નાખ્યો. હર ફિકર કો ધુએ મેં ઉડાતા ચલા ગયા, મૈં જિંદગી કા સાથ નિભાતા ચલા ગયા." અમારા ચહેરા પર ખુશી છલકાઈ. એ વડીલ બોલ્યા, "એવરી મોર્નિંગને હું મારી લાઈફની ફર્સ્ટ મોર્નિંગ સમજુ છું, મારો બર્થ ડે સમજુ છું, અને આખો દિવસ બર્થ ડે સેલિબ્રેશનના મૂડમાં કાઢું છું, હું મારા લોકો વચ્ચે છું, ઓળખીતાઓ-મિત્રો-પરિચિતો વચ્ચે છું એનો આનંદ માણું છું અને દરેક સાંજને મારી જિંદગીની આખરી સાંજ ગણું છું. સૂતી વખતે, કાલ સવારે ન ઉઠી શકું તો કોઈ અફસોસ ન રહેવો જોઈએ, એવી રીતે આખો દિવસ હું જીવી લઉં છું, અને જો બીજા દિવસે સવારે ઉઠી જાઉં તો અરીસા સામે જોઈ, અરે વાહ! ભગવાને ફરી ઉઠાડ્યો, ફરી એક દિવસ સેલીબ્રેટ કરવા આપ્યો, એ બદલ ભગવાનને થેંક્યું કહું છું અને નીકળી પડું છું સેલિબ્રેશન કરવા..." એ વડીલ આટલું બોલી અટકયાં અને અંતિમ વાક્ય ઉમેર્યું, "યે જિંદગી ના મિલેગી દોબારા કરતાં એક સ્ટેપ આગળ માનું છું કે યે દિન, યે સુબહ, યે શામ, યે મહેફીલ, યે શમા ફિર ના મિલેગા દોબારા." અમે સૌ અવાચક બની ગયા હતા.

મિત્રો, રવિવાર ઘણા આવશે, પણ આજનો રવિવાર, આજની સવાર, આજની સાંજ, આજનો દિવસ 'ફિર ના મિલેગા દોબારા'. પાછલા કેટલાય રવિવારો નીકળી ગયા છે, કેટલાય પરિચિતો હવે આપણી દુનિયામાં નથી. કેટલાય પ્રસંગો પસાર થઈ ચૂક્યા છે. આજે એ નથી. આજે જે છે એ તમે છો, તમારી આસપાસના લોકો છે અને એમની વચ્ચેથી પસાર થઈ રહેલી જિંદગી છે. કાલે કે અઠવાડિયા પછી ગમે તેટલી કોશિશ કરીએ, ગમે તેટલી કિંમત ચૂકવીએ 'યે જિંદગી, યે રવિવાર કી સુબહ ઓર શામ ના મિલેગી દોબારા'. હવે પરિચિતોને ઘરે બોલાવી અંતાક્ષરીની મહેફિલ જમાવીને કે ફેમિલી સાથે લોંગ ડ્રાઈવમાં ફરવા નીકળીને કે કોઈ ધાર્મિક સ્થળે જઈ પૂજન-અર્ચન કરીને એને સેલીબ્રેટ કરવી છે કે આખો દિવસ ઘરમાં પુરાઈ રહી, ટીવી જોતા-જોતા, અડધા જાગતા, અડધા ઊંઘતા એને વેસ્ટ કરી નાખવી છે એ

આપણે નક્કી કરવાનું છે. પેલા વડીલ તો માને છે કે 'આવતો રવિવાર કદાચ ન પણ મળે. કદાચ આ રવિવાર જિંદગીનો આખરી રવિવાર પણ હોય.' એટલે એ તો આજનો રવિવાર ધામધૂમથી જીવી લેવાના છે. આપણે શું કરવું છે જીવી લેવું છે કે પછી ?

શીર્ષક : જિંદગી ના મિલેગી દોબારા

લેખક : કમલેશ જોષી

# દિકરી

ગઇ હૈયું ફાટી પડે એવી ઘટના હતી, આખરે કામિની નાસી જ ગઇ ! શાંતાબહેનને પણ જબરો આઘાત લાગ્યો, પોતાની કેળવણીમાં જ કચાશ રહી ગઇ હશે ત્યારેને ?! બાકી બ્રાહ્મણનું કુળ અને આવા સંસ્કારો ?! શાંતાબહેનને પોતાને પોતાની જાત ઉપર નફરત થઇ આવી. શું નહોતું કર્યું એમણે કામિનીને સારી રીતે ઉછેરવામાં ?! જાત ઘસી નાખી હતી, લોહી–પાણી એક કર્યાં હતાં કે કાલ ઉઠીને કોઇ એમ ના કહે કે શાંતા ગોરાણીએ બાપ વગરની દિકરીને ઉછેરવામાં કશું ધ્યાન ના રાખ્યું, એને કેળવી નહીં, સારા સંસ્કારોનું સિંચન કરવાનું ચૂકી ગયાં – એટલે જ આ છોકરી આવી પાકી !? પણ ના શાંતા ગોરાણીએ તેને સંસ્કારી બનાવવામાં કે લાડકોડથી ઉછેરવામાં કોઇ કમી બાકી રહેવા દીધી નહોતી – છતાંય આ છોકરીએ પોતાનું મોં કાળું કર્યું જ ! માના નામ ઉપર કાળો કૂચડો લગાવી જ દીધો શું થાય ? કોણે ધાર્યું હતું કે કામિની આવું કરશે ? આમ છેલ્લા પાટલે બેસી જશે ? ગઇ કાલ સુધી તો કામિનીને ઓળખનારાં તેનાં સંસ્કારો અને શાલિનતાનાં ભરપેટ વખાણ કરતાં હતાં. કામિની સીધી–સાદી યુવતી છે, સીધા રસ્તે ચાલનારી છે. અત્યારના જનરેશનની યુવતીઓ જેવું ઉછાંછળાપણું નથી તેનામાં – એવી વાતો કરતા હતા. તે જ લોકોકામિનીના આ પગલાથી મોંમાં આંગળાં નાખી ગયાં ! કોઇએ સ્વપ્નેય વિચાર્યું નહોતું કે કામિની આ રીતે નાસી જશે. આ પગલું ભરતાં પહેલાં બીજા કોઇનો તો નહીં પણ તેની મા શાંતા ગોરાણીનોપણ તેને વિચાર ના આવ્યો ! બિચારાં શાંતા ગોરાણીએ તો પેટે પાટા બાંધીને તેનો ઉછેર કર્યો હતો. તેને ક્યારેય બાપની ખોટ પડવા દીધી નહોતી – પાણી માગે ત્યાં દૂધ હાજર કર્યું હતું, સંસ્કારો આપવામાં પણ તેમણે કોઇ કમી રાખી નહોતી ! પોતે લોકોના ઘેર કપડાં–વાસણ અને કચરાં–પોતાં કર્યાં હતાં પણ ક્યારેય કામિનીને તકલીફ પડવા દીધી નહોતી કોઇ કાલ ઉઠીને એવું ના કહે કે બાપ વગરની છોકરી હતી એટલે આવું થયું, ખૂબ ચિંતા રાખી હતી એમણે દિકરીની છતાં દિકરીએ આવું જ કર્યું ! આખરે એ તેના બાપ ઉપર જ ગઇને ? હા તેનો બાપ પણ આ રીતે જ શાંતા ગોરાણીને રઝડતાં મૂકી રાત મૂકીને નાસી ગયો હતો ને ? આ છોકરીએ પણ એવું જ કર્યુંને ? પાછી ઉપરથી ઘરમાં જે બે લાખ રૂપિયા તેના લગન માટે ગોરાણી લાવ્યાં હતાં તે પણ લઇને નાસી ગઇ. પંદર દિવસ પછી તો તેનું લગ્ન હતું, કેટલી દોડાદોડ કરી ગોરાણીએ આ સબંધ ગોઠવ્યો હતો ?

દિકરાવાળાને કાલાવાલા કરી કરીને પણ આ

સબંધ ગોઠાવાવ્યો હતો. છોકરો સી.એ. થયેલો હતો, કોઇક ફર્મમાં હાલ તો નોકરી કરતો હતો, પણ ટૂંક સમયમાં જ પોતાની સ્વતંત્ર પ્રેકટીસ શરૂ કરવાનો હતો, દિવો લઇને

શોધવા નીકળો તો પણ તેમની બ્રાહ્મણની નાતમાં આવો દિકરો ના મળે, અને પાછો દેખાવડો પણ કેવો ? રાજકુમારને કે કોઇક ફિલ્મના હીરોને પણ શરમાવે તેવો દેખાવડો હતો. બધું જ નક્કી થઇ ગયું હતું, બધી ખરીદી પણ થઇ ગઇ હતી, બધાંને બાનાં પણ અપાઇ ગયાં હતાં, દાગીના પણ ઘડાઇને આવી ગયા હતા અને કામિનીએ આમ મોં કાળું કર્યું, એ તો સારૂં થયું કે તે માત્ર રોકડા બે લાખ રૂપિયા જ લઇને નાસી ગઇ, દાગીના રહેવા દીધા, નહીંતર શાંતા ગોરાણી બાકીવાળાને શું જવાબ આપતા ? હા તેમણે તો ઉછીના–પાછીના કરીને, વ્યાજે પૈસા લાવીને આ પ્રસંગનું આયોજન કર્યું હતું. કેટલીક રકમ તો તે જ્યાં કામ કરતાં હતાં તે બંગલાના માલિક પાસેથી કામમાં પૈસાવાળી આપવાની શરતે લાવ્યાં હતાં, હવે શું થશે ? બધાંને શું જવાબ આપવો ? અને ખાસ તો છોકરાવાળાને શું જવાબ આપવો ? એ લોકો તો આબરૂદાર માણસો હતા, માત્ર શાંતાગોરાણીને જ ઓળખતા હતા, શાંતા ગોરાણીના નામ પર અને શાખ ઉપર જ આ સબંધ માટે રાજી થયા હતા, એ કાંઇ કામિનીને થોડા ઓળખતા હતા ? હવે શું કરવું ? એ જ મૂંઝવણ મોટી હતી – શાંતાગોરાણી માટે કામિની ગઇ તો ખરી, પણ તે કોની સાથે ગઇ ? ક્યાં ગઇ ? શા માટે તેણે આવું પગલું ભર્યું ? તેનો કોઇ જવાબ તેમની પાસે નહોતો. બધાંને આશ્ચર્ય થાય તેવી જ ઘટના હતી, કામિનીને કોઇ સાથે લફરૂં હોય તેવું તો કોઇની જાણમાં નહોતું, ના તો તેની સાથે કોઇ યુવક ગયો હોય કે તે કોઇને લઇને નાસી ગઇ હોય તેવું કાંઇ જણાતું નહોતું. જો કે ગામના મોંઢે ગરણું થોડું બંધાય છે ? લોકો તો એમ પણ કહેતા હતા કે –ભલે ગામનો કોઇ યુવક તેની સાથે ના ગયો હોય પણ કાંઇ બે લાખ રૂપિયા લઇને તે એકલી થોડી જ જાય ?! નક્કી શહેરનો અથવા બીજા ગામના કોઇ યુવાનને લઇને નાસી ગઇ હોવી જોઇએ ! શહેરમાં ભણવા જતી'તી, મોટા ઉપાડે માએ કોલેજ કરવા મોકલી હતી એટલે ત્યાં કોઇક સાથે લફરૂં હોવું જોઇએ ! બાકી આમ તો કેટલી સીધી–સાદી લાગતી હતી ?! પણ ભાઇ આ તો જમાનાના ખેલ છે, ક્યારે મગમાંથી પગ ફૂટે તેનું કાંઇ કહેવાય જ નહીં ! બાકી કોઇપણ યુવતી આમ બે લાખ રૂપિયા લઇને – રાત માથે લઇ ભાગી જાય એટલે દાળમાં કાંઇક કાળું અવશ્ય હોય, એમને એમ તો કોઇ ના નાસી જાય ને ? તેને ખબર હશે કે તેને જેની સાથે સબંધ છે તેની સાથેના લગ્નને તેની મા ક્યારેય મંજૂરી નહીં આપે – તો જ તે આ પગલું ભરેને ? પણ એ નસીબદાર કોણ હશે તેની શાંતા ગોરાણી કે બીજા કોઇને પણ ખબર નહોતી ! બધાં જ માત્ર હવામાં જ બાણ ચલાવતા હતા !

સૌથી મોટી મૂંઝવણ તો શાંતા ગોરાણીને થતી હતી. કામિની તેનું મોં તો કાળું કરીને ગઇ, કુટુંબને બટ્ટો તો લગાડ્યો પણ સાથે સાથે તેમના ઘડપણનો આધાર પણ છીનવાઇ ગયો કેટલી બધી આશાઓ રાખી હતી તેમણે આ દિકરી પાસેથી ?! તેના બાપના ગયા પછી તે તો એકમાત્ર આધાર હતી તેમનો તેના ઉછેર અને અભ્યાસ માટે તેમણે પોતાની જાત ઘસી નાખી હતી, આખી જિંદગી તેની પાછળ દાવ ઉપર લગાવી દીધી હતી તેણે આ બદલો આપ્યો ? સપનેય વિચાર્યું નહોતું કે તેમની લાડકવાયી આ પગલું ભરશે ? શાંતા ગોરાણીને તો હવે જાણેકે જીવનમાંથી રસ જ ઉઠી ગયો હતો, હવે જીવીને પણ શું કામ છે ? કોના માટે જીવવાનું ? આખો દિવસ તેમનો આવી ચિંતામાં જ વીત્યો હવે શું ? બસ એક જ પ્રશ્ન સતાવતો

હતો તેમને ! આખો દિવસ તેઓ અને તેમનાં ઓળખીતાં-પાળખીતાં આમ તેમ ભટકતાં રહ્યાં - કામિનીની શોધમાં અને પછી કંટાળી ગયાં .

રાતે નવ વાગ્યે શાંતા ગોરાણીના મોબાઇલ ઉપર કામિનીનો ફોન આવ્યો - મમ્મી, તું તાત્કાલિક નડિયાદ કિડની હોસ્પીટલમાં આવી જા. બીજી વધારે કોઇ વાત તેણે કરી નહીં અને ફોન મૂકી દીધો. શાંતા ગોરાણી ગભરાઇ ગયાં, તે તરત જ બાજુવાળાં રમાબા અને તેમના મોટા દિકરાને લઇને નડિયાદ જવા નીકળી ગયાં. આખા રસ્તે તે ચિંતા કરતાં રહ્યાં કે મારી કામિનીને તો કાંઇ થયું નહીં હોય ને ? કિડની હોસ્પીટલમાં છે એટલે ક્યાંક તેને કિડનીની બિમારી કે ઇન્ફેકશન ના થયું હોય - નક્કી એવું જ કાંઇક થયું હોવું જોઇએ, એટલે જ તે બે લાખ રૂપિયા લઇને નાઠી હતી, પણ એવું કાંઇક હોય તો તેમાં માથી છૂપાવવાની શી જરૂર છે ? માને કહી દીધું હોત તો તે તેની સાથે જાતને ?! ચિંતામાંને ચિંતામાં આખા રસ્તે શાંતા ગોરાણી બબડતાં રહ્યાં, અડધાં થઇ ગયાં.

નડિયાદ હોસ્પીટલ પહોંચતા વેંત'જ શાંતા ગોરાણી દોડ્યાં અને કામિનીએ જે વોર્ડનું નામ આપ્યું હતું તે વોર્ડ તરફ ગયાં, વોર્ડમાં પહોંચીને તેમણે જોયું તો એક આધેડ ઉંમરનો પુરૂષ પલંગમાં પડ્યો હતો, દાઢી વધી ગયેલી હતી અને માથે પણ મોટી ચોટલી હતી. શાંતા ગોરાણીને જોઇને તેણે તેમના તરફ બે હાથ જોડયા કામિની બોલી - મમ્મી, આમને ઓળખે છે ? શાંતા ગોરાણી ઘડીભર તો અપલક નયને તેમના તરફ તાકી રહ્યાં - માથાના વધેલા વાળ, વધેલી દાઢી, ચુંચી આંખો, ચહેરો ક્યાંક જોયેલો હોય એમ લાગતું હતું પણ ના એ તો ક્યાંથી હોય ?! તેમની શંકાનું સમાધાન કરતાં કામિની બોલી - મમ્મી આ છે સ્વામી નિમેષાનંદજી -તારા એક વખતના સૌભાગ્યસિંદૂર અને મારા પપ્પા !

શાંતા ગોરાણી આશ્ચર્ય અને આનંદથી ઘડીક પલંગમાં સૂતેલા તેના પતિ તરફ તો ઘડીક પોતાની પુત્રી તરફ જોઇ રહ્યા. આ દિકરી તેમની આંખોમાં જાણેકે શ્રાવણ ભાદરવો છલકાઇ રહ્યો. મમ્મી કામિની બોલતી હતી - હું જ્યારથી સમજણી થઇ ત્યારથી જ પપ્પાની શોધ કરતી હતી અને હું મારી શોધમાં સફળ થઇ ત્યારે ખબર પડી કે પપ્પા તો સાધુ થઇ ગયા છે, તેમણે ઘણી બધી આધ્યાત્મિક સિધ્ધિઓ મેળવી છે પણ તેમની બંને કિડનીઓ ખરાબ થઇ ગઇ છે માંડ માંડ તેમને સમજાવીને હું અહીં લાવી - મારી એક કિડની તેમને આપી અને દવાખાનાનો બધો ખર્ચ પણ મેં જ આપ્યો, પણ તેમની શરત હતી કે મારે આ વાત તને કરવી નહીં, તો જ તે ઇલાજ કરાવશે પણ શું થાય ? હું ઘરમાંથી પૈસા ચોરી લાવી હતી, એટલે તમે લોકો મારા માટે ન જાણે શું નું શું યે વિચારતાં હશો એટલે નાછૂટકે મારે તને જણાવવું પડ્યું. શાંતા ગોરાણી અને તેમની સાથે આવેલાં રમાબા તથા તેમનો દિકરો તેમજ આજુબાજુના પલંગવાળાં પણ કામિની તરફ જોઇ રહ્યાં હતાં અને પલંગમાં સૂતેલા સ્વામી નિમેષાનંદ તો મનોમન બબડતા હતા કે -દિકરી એટલે દિકરી બાકીના બધા ઠીકરી !

અર્જુનસિંહ કે. રાઉલજી

# દાદીમાની બેંક પાસબુક

દાદીમાનું અવસાન થયું હતું.

પણ ઘરમાં કોઈ તેમના મૃત્યુ પર રડ્યું નહીં.

રડવાની તો દૂર, બંને દીકરાઓ એકબીજા સાથે દલીલ કરી રહ્યા હતા.

"માતાના ખાતામાં કેટલા પૈસા છે ?"

"જમીન કોના નામે છે ?"

"ટંકની ચાવી ક્યાં છે ?"

ઓરડાના ખૂણામાં બેઠેલો સત્તર વર્ષનો અમન આ બધું સાંભળી રહ્યો હતો.

તેની આંખોમાં આંસુ આવી ગયા.

તેને એવું લાગ્યું કે જાણે ઘરમાં દાદીમાનો મૃતદેહ નહીં, પણ માનવતાનો મૃતદેહ પડેલો છે.

દાદી છેલ્લા દસ વર્ષથી આ ઘરમાં હતા.

દાદા જીવતા હતા ત્યાં સુધી બધા તેમનો આદર કરતા હતા.

દાદાના અવસાન સાથે, દાદી બોજ બની ગયા.

કોઈએ સવારની ચા આપી નહીં.

જ્યારે દવાઓ ખતમ થઈ જાય ત્યારે કોઈ તેની દવા લાવ્યું નહીં.

જ્યારે પણ ઘરે મહેમાન આવતા ત્યારે દાદીને રૂમમાં બેસાડવામાં આવતા હતા.

પણ દાદી ક્યારેય ફરિયાદ કરતી નહિ.

દર વખતે, તે હસતી અને કહેતી, મારા બાળકો ખૂબ સારા છે, તેમની પાસે સમય નથી.

અમન આ બધું જોતો.

તે તેની દાદીને સૌથી વધુ પ્રેમ કરતો.

રાત્રે, તે તેના રૂમમાં બેસીને વાતો કરતો.

તે કહેતી,

હું જઈશ ત્યારે તું મને યાદ કરીશ.

અમન તરત ગુસ્સે થઈ જતો.

તું ક્યાંય નહીં જાય.

દાદી હસતી.

પણ કદાચ તે જાણતી હતી કે તેનો સમય નજીક છે.

તેના મૃત્યુના આગલા દિવસે, દાદીએ અમનને ફોન કર્યો.

તેણીએ તેને એક જૂની બેંક પાસબુક આપી.

અને કહ્યું,

મારા મૃત્યુ પછી આ ખોલો.

અમન પૂછતું,

આમાં શું છે ?

દાદી હસતી.

"મારું આખું જીવન."

બીજા દિવસે, દાદીનું અવસાન થયું.

અંતિમ સંસ્કાર થયા.

તેરમા દિવસની વિધિ કરવામાં આવી.

અને પછી મિલકતની ગણતરી શરૂ થઈ.

પણ નવાઈની વાત એ હતી કે દાદીમાના નામે કોઈ જમીન મળી નહીં.

કોઈ ફિક્સ ડિપોઝિટ મળી નહીં.

લાખો રૂપિયાના કોઈ ખાતા મળ્યા નહીં.

બંને દીકરાઓ ગુસ્સે થયા.

તમે તમારા જીવનના બધા પૈસા ક્યાં ખર્ચ્યા ?

ત્યારે જ અમનને તેની દાદીએ આપેલી પાસબુક યાદ આવી.

તેણે તે ખોલી.

અંદર ફક્ત ૩૧૭ રૂપિયા હતા.

બધા હસવા લાગ્યા.

"બસ આટલા પૈસા ?"

પણ પાસબુકની અંદર એક ફોલ્ડ કરેલો કાગળ પણ હતો.

અમન વાંચવા લાગ્યો.

અને બીજી જ ક્ષણે, આખું ઘર શાંત થઈ ગયું.

તેમાં લખ્યું હતું, "મારા બાળકો, જ્યારે તમે આ પત્ર વાંચશો, ત્યારે હું હવે અહીં નહીં રહીશ.

તમે કદાચ મારી પાસબુકમાં પૈસા શોધી રહ્યા હશો.

પણ તેમાં પૈસા નથી, તે મારું ખાતું છે.

પહેલું પાનું ખોલો.

અમન પહેલું પાનું ખોલ્યું.

તેની દાદીના હસ્તાક્ષર હતા :

૧૯૮૮ – મારા મોટા દીકરાની એન્જિનિયરિંગ ફી ચૂકવવા માટે મેં મારા લગ્નનું બંગડી વેચી દીધું – ૪૨,૦૦૦ રૂપિયા.

બીજું પાનું –

૧૯૯૨ – મારા નાના દીકરાના મેડિકલ બિલ ચૂકવવા માટે મારી માતાએ આપેલી સોનાની ચેઇન વેચી દીધી – ૨૮,૦૦૦ રૂપિયા.

ત્રીજું પાનું –

૧૯૯૮ – ઘર બનાવવા માટે મારા બાકીના બધા દાગીના વેચી દીધા – ૧,૭૫,૦૦૦ રૂપિયા.

ચોથું પાનું –

"૨૦૦૫ – દીકરાનો ધંધો નાદાર થઈ ગયો, મારી એફડી તૂટી ગઈ અને તેને ૩,૦૦,૦૦૦ રૂપિયા આપી દીધા."

પાંચમું પાનું –

"૨૦૧૧ – મારી પુત્રવધૂના ઓપરેશન માટે મારી બચત આપી દીધી."

દરેક પાનામાં બલિદાન હતું.

દરેક પાનામાં માતાનું બલિદાન હતું.

દરેક પાનામાં તેણીએ તેના બાળકો પર ખર્ચ કરેલી રકમ હતી.

જ્યારે તેઓ છેલ્લા પાના પર પહોંચ્યા, ત્યારે બંને દીકરાઓના હાથ ધ્રૂજવા લાગ્યા.

છેલ્લા પાના પર લખ્યું હતું

"જમા કરાયેલ કુલ રકમ: ૧૮,૬૭,૦૦૦ રૂપિયા."

"પાછું આપેલ કુલ રકમ: ૦ રૂપિયા."

નીચે લખ્યું હતું:

"આ ફરિયાદ નથી.

માતા પોતાના બાળકો પાસેથી હિસાબ માંગતી નથી.

હું ફક્ત આ એટલા માટે લખી રહી છું કે મારા મૃત્યુ પછી, જો તમે મારી પાસબુકમાં પૈસા શોધશો, તો તમને ખબર પડશે કે તે ક્યાં ગયા.

મેં તે બેંકમાં જમા કરાવ્યા નથી.

મેં તે મારા બાળકો પાસે જમા કરાવ્યા છે."

ઓરડો શાંત હતો.

કોઈએ ઉપર જોવાની હિંમત નહોતી કરી.

પરંતુ પત્ર હજુ પૂરો થયો ન હતો.

તળિયે લખ્યું હતું:

અને હા

મારા ખાતામાં હજુ ૩૧૭ રૂપિયા બાકી છે.

આ પૈસાથી મને ફૂલો ન ખરીદો.

ભૂખ્યા વૃદ્ધ સ્ત્રીને ખવડાવ.

કદાચ હું તેની માતાને તેનામાં જોઈશ.

આ વાંચીને મોટો દીકરો ચીસો પાડ્યો.

તે ફ્લોર પર બેઠો અને રડવા લાગ્યો.

નાના દીકરાએ તેની માતાના ફોટાને ગળે લગાવ્યો.

પુત્રવધૂઓ રડવા લાગી.

પણ બહુ મોડું થઈ ગયું હતું.

જે માતાએ તેમને પોતાનું આખું જીવન આપ્યું.

તે પહેલી વાર તેમની સાથે વાત કરી રહી હતી. અને તે તે સાંભળવા માટે જીવિત નહોતી.

અમન તેની દાદીનો ફોટો ઉપાડ્યો.

તેને એવું લાગ્યું કે તે ફોટામાં હસતી હોય.

બસ એવું જ

જેમ તે હંમેશા કરતી હતી, પોતાનું દુઃખ છુપાવીને હસતી હતી.

તે દિવસે, પહેલી વાર, ઘરમાં કોઈને સમજાયું કે–

માતાની સૌથી મોટી સંપત્તિ તેનું બેંક બેલેન્સ નથી.

તે તેના બાળકો છે.

અને સૌથી મોટું દુઃખ એ છે કે જ્યારે બાળકો વ્યાજ લેતા રહે છે, પણ પ્રેમનો એક પણ હપ્તો પાછો આપતા નથી.

---

સવારે જટાશંકરનો અચાનક ફોન આવ્યો..દોસ્ત કાલે સાંજે તારા ઘર નો મહેમાન બનું છું. સાથે તારી ભાભી પણ છે. કદાચ રાત્રીના રોકવું પણ પડે.

મેં કીધું આવ દોસ્ત મજા આવશે ઘણા વર્ષે મળશું. પણ અચાનક સુરત તરફ આવવાનું કારણ ?

એ હું તને રૂબરૂ મળું ત્યારે કહીશ જટાશંકર બોલ્યો, જટાશંકર મારો બચપનનો મિત્ર તેનો પરિવાર મહાદેવભક્ત.

મોટા થતા સમય, સંજોગ અને પરિવાર ની જવાબદારી એ અમને જુદા પાડ્યા છતાં પણ મોબાઈલથી એકબીજાના સંપર્કમાં અમે હમેશા રહેતા.

બીજે દિવસે બધું કામ પતાવી જટાશંકર અને તેની પત્ની ગૌરી અમારા ઘરે આવ્યા. કાવ્યા પણ ગૌરી ને ઓળખતી હતી મોબાઈલ ઉપર વાતચીત પણ તેઓ કરતા.

ગૌરી જયારે જયારે સુરત તેની ફોઈને મળવા આવતી ત્યારે કાવ્યા ને મળ્યા વગર ન જતી એટલે આ પરિવાર સાથે કાવ્યા ને આત્મીયતા હતી.

જટાશંકર તેમનું બધુ કામ પતાવી સાંજે તેની પત્ની સાથે અમારા ઘરે આવ્યા.

જટાશંકર અને તેની પત્ની ગૌરી ને મહાદેવજી માં સપૂર્ણ વિશ્વાસ સવારે ઉઠે ત્યારથી કોઈ પણ વ્યક્તિને મળે ત્યારે ગમે તેટલું દુઃખ પડ્યું હોય છતાં હસતા મોઢે "જય ગિરનારી" બોલવાનું તેઓ ચૂકતા નહિ. અરે કોઈનો મોબાઈલ આવે અને વાત કરવાની શરૂ કરે તે પહેલાં પણ "જય ગીરનારી" અચૂક બોલે જ.

જટાશંકર હસતા હસતા બોલ્યો દોસ્ત જય ગીરનારી.

મેં પણ સામે કીધું જય ગિરનારી દોસ્ત,

જે હોય તે પણ Good morning કરતા પણ જય શ્રી કૃષ્ણ, જય ગિરનારી, હર હર મહાદેવ, જે પણ તમે દેવ દેવી ને માનતા હો તેના નામમાં તાકત તો છે..તે લોકો ની કૃપા હોય તો જ આપણી શુભ સવાર પડે.

રાત્રીનું ભોજન અમે સાથે કર્યું બીજે દિવસે રવિવાર હતો. ચિંતા ન હતી એટલે જટાશંકર અને અમે મોડે સુધી સુખ દુઃખની વાતો કરી.

જટાશંકરે કીધું. દોસ્ત તને ખબર છે સુરત માં ગૌરી ના મુક્તા ફોઈ રહેતા હતા, જેમણે ગૌરીને કન્યાદાન આપ્યું હતું. તેમને કોઈ સંતાન પણ ન હતા.

મેં કીધું હા મને ખબર છે. મહિના પહેલા તેઓ ગુજરી ગયા. ગૌરીભાભી કોરોનામાં

તેમને હોમ ક્વોરેન્ટાઇન રાખ્યા તે વખતે સાચવવા પણ મહિનો આવ્યા હતા અને પછી તમારા ઘરે પણ તમે તેમને આરામ કરવા લાવ્યા હતા..આ બધી વાત તેં મને વાત મોબાઈલથી કરી હતી.

જટાશંકરે કીધુ સાંભળ હવે વિગતે વાત છેલ્લા ત્રણ મહિનાથી મારા જીવનમાં પણ તોફાન હતું. પણ આ વાત થી ગૌરી અજાણ હતી.

દોસ્ત સરકાર કહે અમારી પાસે રૂપિયા નથી, ફેક્ટરીવાળા કહે અમારી પાસે રૂપિયા નથી. આ લોકો જ્યારે કમાણા ત્યારે બેફામ રૂપિયાનો દુરૂપયોગ કર્યો. હવે એકાદ બે વર્ષ મુસીબત આવી એટલે હાથ અધ્ધર કરી જેવા જન્મ્યા હતા એવી હાલત માં આપણી સામે ઊભા રહી ગયા.

ગૌરી મારી મુસીબત થી અજાણ હતી એટલે તેનો વાંક પણ નહતો. એક દિવસ ગૌરી રસોડા માંથી મને કહે,

હવે કાલ પૂરતી ચા ખાંડ છે,

ગેસનો બાટલો લખાવી દેજો..મહિનો થઈ ગયો.

ઇલક્ટ્રિક બિલની આજે છેલ્લી તારીખ છે.

મેં અકળાઈને કીધું મારુ એકટીવા પણ રિઝર્વમાં છે.

કહેતી હો તો મારી કિડની વહેંચી નાખું.

મને બધી ખબર છે. મારે રૂપિયાની વ્યવસ્થા કરવી પડશે સરકારની જેમ હું થોડા હાથ ઉચ્ચા કરી દઈશ.

એ ચા લઈ બહાર આવી. મેં કીધું રસોડા ની લાઈટ બંધ કર.

ગૌરીની ધીરજ ખૂટી એ બોલી આટલા બધા કેમ અકળાઈ જાવ છો. મને ખબર છે લાઈટ ચાલુ છે દૂધ ગરમ થાય છે.

રૂપિયા બચાવી શકાય ત્યાં હું પણ બચાવી લઉં છું.

કામવાળીને એક વર્ષથી ના પાડી દીધી. એક વર્ષથી બ્યુટી પાર્લરમાં નથી ગઈ. તેલ મહિને પાંચ કિલો લેતા હતા હવે ૨.૫ કિલોથી ચલાવી લઉં છું. આવી તો કેટલી બચતો હું કરું છું. તેની આંખ ભીની થઇ

દોસ્ત આમાં ગૌરીનો વાંક ન હતો.

મેં ગૌરી ને કીધું જ ન હતું કે મારી જોબ ત્રણ મહિના થી જતી રહી છે. "વર્ક ફ્રોમ હોમ કહી હું ઘરે બેઠો નોકરી ગોતતો હતો. એ બિચારીનો શુ વાંક એ તો ઘર ચલલવા રૂપિયા માંગે જ એ દિવસે વધારે અમારા બન્ને વચ્ચે ગેરસમજ ન થાય એટલે મેં ગૌરી ને વિગતે બધી વાત કરી દીધી અને સોરી પણ કીધું.

ગૌરી માટે પણ ચિંતાનો વિષય હતો. મારો પુત્ર મહેશ પણ દસમા ધોરણ આવ્યો ટ્યૂશનનો ખર્ચ પણ માથે હતો.

ગૌરીને સત્ય હકીકત ખબર પડતાએ ઢીલી થઈ ગઈ એ શાંતિ થી બોલી ચિંતા ન કરો હજુ આપણા કોઈ કામ મહાદેવજી એ રોક્યા નથી. આટલું બોલી પૂજા નો સમય થયો હોવાથી એ પૂજા રૂમ માં પૂજા કરવા જતી રહી.

તે મહાદેવજી ની પૂજા કરતા રોજ ગીત ગાતી તેના શબ્દો આજે મેં ધ્યાન થી સાંભળ્યા.

તમે ભક્તોના દુ:ખ હરનારા શુભ સૌનું સદા કરનારા.

હું તો મંદ મતિ, તારી અકળ ગતિ,

કષ્ટ કાપો દયા કરી શિવ દર્શન આપો"

મારી આંખ માંથી પાણી વહેતા હતા.

હું શિવજી ના ફોટા સામે જોઈ બોલ્યો

"શિવ સમાન કોઈ દાતા નહિ બિપત બીદારન હાર

અબ લજ્જા મોરી રાખીઓ શિવ નંદી કે સવાર .."

ત્યાં તો અચાનક બારણે પહાડી અવાજ આવ્યો બેટા

"અલખ નીરંજન જય ગિરનારી" ભિક્ષામ દેહી.

કપાળે અને હાથ ઉપર ભષ્મ લાંબા ખુલ્લા વાળ

કાળા કપડાં ધારણ કરેલ અને હાથમાં કમંડળ સાથે બીજા હાથમાં શંખ છ ફૂટથી પણ વધારે ઉંચાઈ ધરાવતી અકલ્પનીય કાયા મારા દરવાજે ઉભી હતી.

મને પપ્પા એ કીધું હતું.

ઘરે આવેલ સાધુ કે સંત દરેક બનાવટી હોતા નથી. ઘણી વખત અમુક લોકો વ્યવહારુ માંગણી ન કરતા હોવાથી આપણે ચિડાઈ જઈએ છીએ. પણ પપ્પા એ કીધું હતું.

આવી વ્યક્તિને પણ હાથ જોડવા પણ અપશબ્દો નો પ્રયોગ કરી અપમાનિત કદી ન કરવા ઈશ્વર જ્યારે આત્માને મૃત્યુલોકમાં મોકલે છે. ત્યારે હાથ જોડી આત્મા ઈશ્વરને કહે છે હવે આપણે ફરી ક્યારે મળશું. ત્યારે ઈશ્વર કહે છે. દરેક આત્માએ મારો બાળક છે, કર્મ પ્રમાણે ખોળીયું અલગ અલગ પ્રાપ્ત થાય તેથી એ મારુ બાળક મટી નથી જતું તેના સમગ્ર જીવન દરમિયાન હું એક વખત તો સ્પર્શ કરવા કોઈ પણ સ્વરૂપે અચૂક આવું જ છું.

પણ મોહ માયા માં લપટાયેલ મનયુષ્ય દેહની અંદર છુપાયેલ આત્મા આંખે લગાવેલા માયાના પડદા થકી એ મને ઓળખી શકતો નથી.

હું અંદરથી દુ:ખી હતો છતાં પણ જવાબ મેં હસતા મોઢે આપ્યો "જય ગિરનારી"

મેં હાથ જોડી કીધું બોલો બાપજી શુ સેવા કરું ?

બે મુઠી લોટ બાપજી બોલ્યા.

ત્યાં તો ગૌરી અંદરથી આવી બોલી બાપજી અંદર તો આવો.

બાપજી જટા સરખી કરતા બોલ્યા બેટા સંસારીના ઘરની અંદર અમે જતા નથી.

ગૌરી હાથ જોડી બોલી બાપજી આ તમારી દીકરીનું ઘર છે. આવો ઘરને પવિત્ર કરો અને આવ્યા છો તો જમી ને જાવ.

ના બેટા ફક્ત બે મુઠી લોટ

મેં કીધું બાપજી તમારી દીકરી એ કીધું તો અંદર તો આવો.

સંતના આગમનથી મન પ્રફુલ્લિત અને ઘરનું આંગણું પવિત્ર થઈ જાય તો સમજી લેવું ઈશ્વર સ્પર્શ કરવા રૂબરૂ આવ્યો છે. મને પણ અંદર થી આવી લાગણી થઈ.

અમારું માન સાચવવા એ અંદર આવી જય ગિરનારી બોલી સોફા ઉપર બેઠા ગૌરી

અંદર થી વાટકા માં લોટ લઈ આવી બાપજી ને કમંડળ માં લોટ આપ્યો.

બાપજી તરત જ ઉભા થયા અને બોલ્યા તેં આ અક્ષયપાત્ર ભર્યું છે. માઁ અન્નપૂર્ણા તારા ઘર ના અનાજ ના કોઠાર સદા ભરેલ રાખે.

અમે તેમને પગે લાગ્યા એટલે એ બાપજી બોલ્યા

બાપ દીકરીના ઘરે થી ખાલી હાથે પરત કદી ન ફરે

બાપજી એ આંખ બંધ કરી હાથમાં રાખેલ શંખનો બુલંદ શંખનાદ કરી ઘર ને ગજવી નાખ્યું અને ઘર માં ચારે બાજુ હવા માં ભષ્મ ઉડાવી બોલ્યા. દીકરી તમારા કષ્ટનું નિવારણ થઈ ગયુ.

અમારા માથે તેમનો પવિત્ર હાથ મૂકી તેઓ

જય ગિરનારી બોલી જતા રહ્યા. તેમની આંખ સામે આંખ મેળવવાની તાકાત તો અમારામાં ન હતી પણ ઘરની અંદર દિવ્યતા તેઓ પાથરતા ગયા. તેવો એહસાસ જરૂર અમને થયો ભયભીત થયેલું મન પ્રફુલ્લિત થઈ ગયું.

થોડી વાર પછી મેં સોફા ઉપર નજર કરી તો  તેઓ તેમનો થેલો ભૂલી ગયા હતા થેલા માં ભષમ અને એક રુદ્રાક્ષ.

અમે થેલાને વંદન કરી પૂજાના રૂમમાં મૂકી દીધો. કદાચ બાપજી થેલો લેવા પાછા આવે તો પણ બાપજી ૧૫ દિવસ થયા હજુ દેખાયા નથી.

મેં કીધું કોઈ દિવ્ય આત્મા તારા ઘરે આવી ને જતો રહ્યો.

દોસ્ત તારી દસ પેઢી તરી ગઈ.

જટાશંકર બોલ્યા દોસ્ત ચમત્કાર હવે સાંભળ બપોરે કુરીયર થી એક ખાખી કવર આવ્યું. કવર સુરતથી આવ્યું હતું ઉપર ગુપ્તા નામના વકીલનું એડ્રેસ હતું.

હું મૂંઝાયો ફરી કોઈ આફત આવી ?

મહાદેવજીનું સ્મરણ કરી કવર ખોલ્યું.

દોસ્ત

ગૌરીની ફોઈ તેમની તમામ મિલ્કત ગૌરી ના નામે કરી ને ગયા હતા. એ બાબતની જાણ અમને વકીલે કરી હતી અને હવે પછી ની જરુરી પ્રોસેસ કરવા અમને અહીં સુરત રૂબરૂ બોલાવ્યા છે.

મેં કીધું શું વાત કરે છે. દોસ્ત તેમના બંગલા ની અંદાજિત કિંમત જ અત્યારે ૨ કરોડ થી વધારે હશે બંગલો જૂનો છે પણ જમીન ની કિંમત છે.

ગૌરી કહે સમીરભાઈ મારા ઘરે મહાદેવજી આવીને જતા રહ્યા. ફક્ત ચપટી ભભૂતિમાં તાકાત તો જુઓ એ બોલ્યા હતા દીકરી તમારા કષ્ટ નું નિવરાણ થઇ ગયુ.

મેં કીધું તમે બન્ને નસીબદાર છો મિલકત વારસમાં મળી એટલે નહિ પણ ઈશ્વર તમારા ઘરે ભૂલો પડ્યો એટલે જટા શંકર બોલ્યા

આ તો ભોળા ભોલે ભંડારી છે. જેની ચપટી ભભૂતિનું રહસ્ય માઁ પાર્વતીજી પણ સમજી શક્યા ન હતા અને ચપટી ભભૂતિ નું વજન કુબેર ભંડારી પણ કરી શક્યા ન હતા.

હર હર મહાદેવ...

## WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

## What's APP પર પત્રિકા મેળવવા માટે

પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What's APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What's APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી**

**શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810